ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 17 Date : 16-05-2025

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૧૧) |
| પ્રવીણ જ. પટેલ | ૦૪ | સોક્રેટિસ ઉવાચ-૧૧ : સોક્રેટિસ અને ભારતીય રાજકારણી વચ્ચે વધુ એક કાલ્પનિક સંવાદ |
| કુમારપાળ દેસાઈ | ૦૮ | શત્રુને હરાવે તે વીર, શત્રુને મિત્ર બનાવે તે મહાવીર |
| દિલીપ શાહ | ૦૯ | વિશ્વભરમાં ભારતની સ્થિતિ અને તેનો સામાજિક વિકાસ |
| જગદીશ પટેલ | ૧૧ | મૂલ્યનિષ્ઠ વ્યક્તિ : બિરાદર જશવંતસિંહ ચૌહાણ |
| રજની દવે | ૧૨ | સમાજકર્મમાં અધ્યાત્મ : એક સર્વાંગી અભિગમ |
| રવીન્દ્ર પારેખ | ૧૪ | માણસને ખસેડીને રોબોટ્સની ગુલામી.... |
| બાબુભાઈ જ. દરજી અને સોનલબહેન પરીખ | ૧૬ | નીલમબહેન પરીખ : ગાંધી પરિવારનું ગુજરાતમાં ગઈકાલ સુધીનું લોકસુલભ ધન |
| અશ્વિન કારીઆ | ૧૮ | પ્રો.અશ્વિનકુમારની નજરે |
| - | ૧૮ | • કુમળાં બાળકો સહિત માનવોનો ભોગ ક્યાં સુધી? |
| - | ૧૮ | • કલ્યાણ રાજ્યનું ખંડિત સ્વપ્ન |
| - | ૧૮ | • પોલીસ અત્યાચારો અને માનવઅધિકારો |
| હરેશ ધોળકિયા | ૨૦ | આપણે હવે કઈ દિશા પકડવી છે? |
| શાંતિલાલ ગઢિયા | ૨૩ | એય દોસ્ત છે |
| આશા વીરેન્દ્ર | ૨૪ | એકલતાની કમાણી |


યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

**BHOOMIPUTRA**
Gujarati Fortnightly

Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.72 Issue No.17 1933 Date : 16-05-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.

ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# મનને જાણીએ (૧૧)

○ વિનોબા ○

## મુક્ત મન - શૂન્ય મન - અતિમાનસ

સત્યના ગ્રહણ માટે મુક્ત મન જોઈએ. આજે આ મુક્ત મનની ઘણી બધી જરૂર છે. કેમ કે આજે મુક્ત મન નથી. આજનું મન રાષ્ટ્રોમાં, ભાષાઓમાં, ધાર્મિક પંથોમાં, સિયાસતોમાં વહેંચાઈ ગયું છે. આ બધાંમાં મન જકડાઈ ગયું છે. બદ્ધ (ગ્રસ્ત) મનથી મુક્ત ચિંતન થઈ શકતું નથી. મુક્ત મન બનાવવા માટે આપણે જૂની પુરાણી કલ્પનાઓ છોડી દઈને ચિત્ત પરના બોજાને હટાવવો પડશે. એટલું જ નહીં, આપણી પોતાની અત્યંત પ્રિય ભાવનાઓ કે જેને આપણા હૃદયમાં સાચવીને સંઘરેલી હશે, કેટલીક ભાવનાઓ આપણા પૂર્વજોએ પણ હૃદયમાં સાચવી હશે અને ઉત્તમ પણ માનવામાં આવી હશે - આ બધી કલ્પનાઓને છોડવી પડશે.

આજે તો આધ્યાત્મિક ક્ષેત્રમાં નવી નવી શોધો કરવાની જરૂર છે. નહીંતર વિકાસ અટકી પડશે. સાધનાના ક્ષેત્રમાં એવાં અનેક ક્ષેત્રો છે, જ્યાં શોધ થઈ નથી. આપણે આગળ વધવું પડશે અને નવી નવી ખોજ કરવી પડશે. માટે આપણા મનને આ પ્રકારના ચિંતન માટે, નવા-નવા વિચારોને લેવા-સમજવા માટે મુક્ત રહેવું પડશે. આપણે કેટલીક વાતોને એકદમ દઢતાપૂર્વક ચોક્કસપણે માનીએ છીએ, આપણે એને મૂલ્યો તરીકે જોઈએ છીએ. પરંતુ તે સિવાય અન્ય વાતો-વિચારો માટે મન મુક્ત રાખવું જોઈએ. જેમ જેમ આ મનોમુક્તિ સધાતી જશે, એટલા આપણે સમન્વયની દિશામાં અગ્રસર થઈશું.

આપણે આપણા આચરણ-વ્યવહારમાં બંધનની સ્થિતિમાં હોઈએ તો તેનાથી પણ મન મુક્ત રહે છે. જેવી રીતે નદી સ્વચ્છંદતાથી વહે છે પરંતુ તેનો પ્રવાહ બંધાયેલો છે. નદી જો બદ્ધ ન હોય તો તેની મુક્તતા વ્યર્થ રહેશે. આપણે જો એવું ઇચ્છતા હોઈએ કે આપણી વૃત્તિ મુક્ત અને પ્રસન્ન રહે, તો આપણે આપણા પોતાના વ્યવહારના ક્રમને બાંધી લેવો જોઈએ. મન ત્યારે મુક્ત રહી શકે છે, જ્યારે જીવન એક નિશ્ચિત મર્યાદામાં નિયમિત રીતે ચાલતું હોય.

આપણું મન મુક્ત હોવું જોઈએ. મુક્ત-મન અર્થાત્, અનિશ્ચિત મન નહીં. જો આપણા મનમાં કોઈ નિશ્ચય ન થયો હોય તો અનિશ્ચિત અવસ્થામાં કોઈ કામ જ નહીં થાય. આપણા પોતાના મનમાં આજ સુધી જે કેટલાક વિચાર દઢ થઈ ગયા, એટલે તો આપણે કામ કરી શકીએ છીએ. હવે આપણે એ સમજીએ કે જે પણ વિચાર મારા મનમાં નિશ્ચિત થઈ ગયો છે, તે પણ પોતાના માટે નિશ્ચિત થયેલો છે, આવતી-કાલે તે વિચાર બદલાઈ પણ શકે છે. અને બીજાના માટે પણ તે બદલાઈ શકે છે. આ મુક્ત મન છે. આવી રીતે આમાં આપણે વ્યક્તિ-વિભાજન, સમય-વિભાજન પરિસ્થિતિ-વિભાજન કરવું જોઈએ.

હું મુક્ત મનને ખાલી આકાશની ઉપમા આપું છું. મુક્ત મન બહારથી વ્યાપક અને અંદરથી શૂન્ય. આવા મનમાં લિપ્તતા હોતી જ નથી. વરસાદ આવે છે, પણ આકાશ એનાથી લિપ્ત થતું નથી. વાદળાઓ આવે ને જાય, ધૂળ આવે ને જાય, હવા આવે ને જાય - બધા માટે ત્યાં અવકાશ છે. આકાશમાં હવા ચાલે છે, ધૂળની ડમરીઓ ઊડે છે, વરસાદ વરસે છે, પણ આકાશ એ તો આકાશ છે. આકાશને આ કાંઈ જ અડતું નથી. આકાશે તો બસ આ બધાં માટે અવકાશ આપવાનો છે. આવી જ રીતે મારું ચિંતન સતત ચાલુ હોય, પણ તેમ છતાં તેનો મને સ્પર્શ થતો નથી - મનની આવી સ્થિતિ જ મુક્ત મનની સ્થિતિ છે.

મુક્ત પુરુષના શરીરને કોઈ હિંસક - ખૂંખાર પશુ મારે - हिंस्यते અથવા કોઈ એની પૂજા કરે - अर्च्यते, એ મુક્ત પુરુષના ચિત્તમાં કોઈ વિક્રિયા (વિકાર, ખરાબી - કોઈ ક્રિયાના વિરુદ્ધમાં જે ક્રિયા થાય તે) થતી નથી અર્થાત્ ચિત્ત વિચલિત થતું નથી. ચિત્તમાં વિકાર નથી, તો આપણે પણ આપણા ચિત્તને જેટલું નિર્વિકાર કરી શકીએ, તેટલું કરીએ.

જે મુક્ત મનુષ્ય છે તે દેહમાં રહેવા છતાં પણ મુક્ત રહે છે. એનામાં પ્રાણ, ઇંદ્રિયો, મન અને બુદ્ધિની વૃત્તિઓ હોય છે. ભૂખ લાગે છે. સામાન્ય લોકોની જેમ તેનો જઠરાગ્નિ પણ પ્રજ્વલિત થાય છે. તેની આંખો જુએ છે અને એનું પરિણામ પણ થાય છે. કાન સાંભળે છે, એનું પણ પરિણામ હોય છે. આ બધી વૃત્તિઓ મુક્ત પુરુષમાં પણ રહેવાની જ. પરંતુ આ વૃત્તિઓ સંકલ્પ-વિહિન

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

હોવાની. આ વૃત્તિઓ સાથે પોતાની વાસનાનો સંકલ્પ જોડાયેલો નહીં હોય. ભીની માટીનો લોંદો અથવા ગોબરનો ગોળો દીવાલ પર ફેંકીએ, તો ત્યાં બરાબર ચીટકી જશે. પરંતુ દડો ફેંકીએ તો તે દીવાલ પર ચોંટીને રહેશે નહીં, તરત પાછો આવશે.

જે જ્ઞાની પુરુષ છે તેના ચિત્ત પર આ બધી વૃત્તિઓ દડાની જેમ ફેંકવામાં આવે છે. આ વૃત્તિઓ ચિત્તને ભલે અડે પણ તે ચોંટતી નથી, નીચે પડી જાય છે. આનો અર્થ એ કે જ્ઞાની-મુક્ત પુરુષની વૃત્તિ નિઃસંકલ્પ (ઇચ્છારહિત) હોય છે. વૃત્તિ પેદા થાય છે, પણ તે સંકલ્પરહિત હોય છે. આપણે ખાવાનું ખાઈએ ત્યારે આપણને મજા પડે છે. પરંતુ મુક્ત પુરુષ પેટમાં ભૂખ છે માટે જમશે, એનાથી એનો આનંદ ન તો વધશે અને ન તો ઘટશે. આંખે જોયું અને છોડી દીધું, કાને સાંભળ્યું અને છોડી દીધું - મુક્ત પુરુષની આવી સ્થિતિ હોય છે. શરીરમાં રહેવા છતાં પણ તે શરીરના ગુણોથી મુક્ત જ રહે છે.

મન મુક્ત હોય એવા મન પર કોઈ વિકારનો બોજો ન હોય, કોઈ પણ બદ્ધ વિચારનો ભાર ન હોય, ઘરના દરવાજા ખુલ્લા હશે તો સૂર્યનારાયણ ઘરમાં પ્રવેશ કરશે, જો દરવાજા બંધ હશે તો નહીં આવે. એટલા માટે ચિત્તનાં દ્વાર હંમેશા ખુલ્લાં હોવાં જોઈએ. પણ વિકારોને લીધે તે દરવાજા બંધ રહે છે, ખૂલતા નથી. એકદમ પાક્કો 'આયર્ન કર્ટન' બની જાય છે, તે એકદમ ખુલ્લો હોવો જોઈએ. ચિત્તમાં જે કાંઈ ચાલી રહ્યું છે, તેને ખોલી દેવું જોઈએ. હું કહું છું કે ભગવાને બધું ઠીક કર્યું, પણ એની રચનામાં એક ભૂલ રહી ગઈ છે. ભગવાને મનુષ્યની છાતીમાં ક્યાંક નાનકડી બારી રાખવા જેવી હતી, જે નથી રાખી. માણસનાં આંખ, નાક, કાન બધું ખુલ્લું છે; જ્યારે હૃદય બંધ !

**આ અંકમાં**


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૧૧) |
| પ્રવીણ જ. પટેલ | ૪ | સોક્રેટિસ ઉવાચ-૧૧ |
| કુમારપાળ દેસાઈ | ૮ | શત્રુને હરાવે તે વીર, શત્રુને મિત્ર બનાવે તે મહાવીર |
| દિલીપ શાહ | ૯ | વિશ્વભરમાં ભારતની સ્થિતિ અને તેનો સામાજિક વિકાસ |
| જગદીશ પટેલ | ૧૧ | મૂલ્યનિષ્ઠ વ્યક્તિ : બિરાદર જશવંતસિંહ ચૌહાણ |
| રજની દવે | ૧૨ | સમાજકર્મમાં અધ્યાત્મ : એક સર્વાંગી અભિગમ |
| રવીન્દ્ર પારેખ | ૧૪ | માણસને ખસેડીને રોબોટ્સની ગુલામી.... |
| બાબુભાઈ જ. દરજી અને સોનલબહેન પરીખ | ૧૬ | નીલમબહેન પરીખ : ગાંધી પરિવારનું ગુજરાતમાં ગઈ કાલ સુધીનું લોક સુલભ ધન |
| અશ્વિન કારીઆ | ૧૮ | પ્રો.અશ્વિન કુમારની નજરે |
| હરેશ ધોળકિયા | ૨૦ | આપણે હવે કઈ દિશા પકડવી છે ? |
| શાંતિલાલ ગઢિયા | ૨૩ | એય દોસ્ત છે |
| આશા વીરેન્દ્ર | ૨૪ | એકલતાની કમાણી |


આવું શા માટે થાય છે ? એટલા માટે કે આપણે એકબીજા સાથે ઉપર-ઉપરની વાતો જ કરતા હોઈએ છીએ. આપણે અનેક વિષયો પર વાતો કરીશું, પણ ક્યારેય દીલ ખોલીશું નહીં. સંસ્કૃત ભાષામાં આને ગ્રંથિ કહે છે. ગ્રંથિ એટલે ગાંઠ. અધ્યાત્મની તો આ કસોટી છે કે આપણે સંપૂર્ણ સૃષ્ટિ પર વિશ્વાસ કરીએ, ભરોસો મૂકીએ, જે કોઈ આ સૃષ્ટિ પર વિશ્વાસ મૂકે છે, તેના મનની ગાંઠો આપોઆપ ખૂલી જશે અને તેના હૃદયમાં ભગવાનનો પ્રવેશ થાય છે. માણસ પાસે ખુલ્લું હૃદય હોવું તે એક બહુ મોટો ગુણ છે, બહુ મોટી દૈવી સંપદા છે.

જેનું ચિત્ત ખુલ્લું હશે, તે શુદ્ધ થશે. આપણી પાસે દિવાસળી છે, પણ પ્રકાશ મળતો નથી. પ્રકાશ તો ત્યારે મળે જ્યારે દિવાસળીને ઘસીશું. એવી રીતે આપણી અંદર શક્તિ પડેલી છે પણ તેનો વિસ્ફોટ ત્યારે થાય છે જ્યારે ભીતર શ્રદ્ધા હોય છે, ચિત્ત ખુલ્લું હોય છે. ચિત્ત શુદ્ધ હોય અને ચિત્તમાં પ્રેમ હોય - આ બંને જ્યારે ભેગાં થશે ત્યારે વિસ્ફોટ થશે.

આપણા હૃદયમાં જે કાંઈ પડ્યું છે તે બધાંને ખુલ્લું કરવું, તે એક બહુ મોટો ગુણ છે, જે આપણા લોકોમાં ઓછો છે. ચિત્ત ખોલવું અર્થાત્ ચિત્તનો ઉચ્છેદ કરી નાખવો - જેને આપણે કોન્શ્યસનેસ કહીએ છીએ, ચિત્તની એક એવી જાગૃતિ કે જે સદૈવ નિરંતર આપણી પાસે હોય છે. તો ચિત્ત ખૂલી જાય છે.

કોઈ માણસ એના મનમાં ઉદ્ભવેલા બધા વિચારો કહી દે તો લોકો માને છે કે આ માણસ ખુલ્લો માણસ છે. પરંતુ આવી રીતે ખુલ્લા હોવું એ ઠીક નથી. જેવી રીતે ગમે ત્યાં મળ-વિસર્જન યોગ્ય નથી, તે યોગ્ય જગ્યાએ થવું જોઈએ. એવી જ રીતે મનમાં ખોટો વિચાર આવ્યો તો તેને પોતાના ગુરુ પાસે અથવા શ્રદ્ધેય વ્યક્તિ આગળ જ જણાવવો જોઈએ. એ આપણને બચાવશે.

## શૂન્ય મન

શૂન્ય મન હોવું અર્થાત્ મનમાં કશું પણ ન હોવું. જાગૃતિમાં પણ જેવું મન છે તેવું જ ગાઢ નિદ્રામાં રહે છે. આપણને સામે દીવાલ છે, તે દેખાઈ રહી છે, એવી જ રીતે સામે બચુબાબુ બેઠા છે, તે દેખાઈ રહ્યા છે; પણ આપણા ચિત્ત પર આની કોઈ પ્રતિક્રિયા ઊઠી નથી, શૂન્ય મન. આનું સૌથી પહેલું કદમ વિકારોથી મુક્ત થવાનું છે. પ્રથમ સાધકાવસ્થામાં વિકારમુક્તિની સાધના થાય છે. ત્યાર બાદ આત્મચિંતન થાય છે અને એના પછી જ વિચારમુક્તિ આવે છે. વિચારમુક્તિ એટલે કે મન પોતે વિચાર-શૂન્ય રહે છે, Vacant (ખાલી) હોય છે.

આ દિવસોમાં મારા મનમાં કશું પણ રહેતું નથી. મન જ હોતું નથી. વહેલી સવારે ફરતો હોઉં છું ત્યારે આકાશમાં મને શુક્રનો તારો દેખાઈ પડે છે. તે જોઉં છું. લોકો પણ અહીં-તહીં આવતા-જતા હોય છે, તેમને જોઉં છું. સામે વૃક્ષો દેખાઈ પડે છે. બસ, કેવળ આનંદ ! આમ આવી રીતનો ઘણો બધો સમય શૂન્ય મન સાથે પસાર થાય છે. જે સમયે હું લોકો સાથે ચર્ચા કરતો હોઉં તે સમયે બુદ્ધિ કામ કરે છે, મન નહીં. કોઈ પણ કામમાં ક્યારેય પોતાનું મન લાવવું નહીં અને




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બીજાના મનને પણ લાવવું નહીં. પછી તમે શતરંજ (ચેસ) રમો તો પણ ચાલશે. આ રમતમાં કોઈ પણ જીતે છે તો બસ આનંદ અનુભવાય, કોઈ હારે તો પણ આનંદ જ અનુભવાય છે. જો આવું થાય તો આ રમત આધ્યાત્મિક બનશે.પણ રમતમાં માનસિક સુખ-દુઃખ આવ્યું, તો તે રમત માનસિક ગણાશે.

બાબાના આ ઓરડાની એક દીવાલમાં છેદ છે. એ છેદમાંથી કૂવા પર મજૂર શું કામ કરે છે તે દેખાય છે. તો હું ક્યારેક જોઈ લઉં છું. અહીં-ત્યાં પણ નજર ફેરવું છું. આ એક વિનોદ છે. સામાન્યતયા એક એક ચીજવસ્તુને જોવાથી ચિત્ત પર તેની અસર થતી હોય છે, તે અસર મારા ચિત્ત પર થતી નથી.

હું ચિંતન માટે એકદમ સહજતાથી બેસું છું, ત્યારે મન રહેતું જ નથી, એ સમયે કેવળ હું જ હોઉં છું. આના કરતાં પણ જો યોગ્ય રીતે કહું તો, 'હું' છોડીને કેવળ 'હોઉં છું'. 'હું' એટલે વિશિષ્ટ. એ સમયે આ વિશિષ્ટાવસ્થા રહેતી નથી. ખુલ્લા આકાશ જેવી સ્થિતિ થઈ જાય છે.

## અતિમાનસ

આજે યુગની ઉત્કટક માંગ છે કે આખી દુનિયામાં વ્યાપક રૂપે 'અતિમાનસ-ભૂમિકા' પ્રગટ થાય. આમ તો આ જે અતિમાનસ એટલે કે (સુપરામેંટલ) શબ્દ જે નવો ચલણમાં આવી ગયો છે, તેની અંદર જે વિચાર છે તે નવો નથી. આની હમેશાંથી આપણને જરૂર રહી છે. ખાસ કરીને વ્યક્તિની દૃષ્ટિથી વિજ્ઞાનને લીધે આજે તેની આવશ્યકતા એકદમ ઉત્કટ બની ગઈ છે. વિજ્ઞાનને લીધે માણસ-માણસ વચ્ચેનું અંતર ઘટવા લાગ્યું છે અને સમાજમાં પરસ્પર સંપર્ક વધી ગયો છે. માટે અત્યાર સુધી આપણને જે વિચાર, કંઈક વિશેષ પ્રિય હોવાને લીધે અથવા તો બુદ્ધિની જડતાને લીધે મનથી ચોંટેલા હતા, તે બધાને છોડી જ દેવા પડશે.

શ્રીઅરવિંદ ધ્યાનયોગી હતા. એમનું ધ્યેય ખૂબ ઊંચું હતું. તેઓ આ પૃથ્વી પર સ્વર્ગ લાવવા માંગતા હતા. તેઓ મનને ઉન્મન બનાવવા ઇચ્છતા હતા અને એ ઉન્મનના અમૃતને આખા સમાજ સુધી પહોંચાડવા માગતા હતા. આમ ગિરિશિખર જેવું એમનું ધ્યેય હતું.

આ શ્રીઅરવિંદ 'સુપ્રામેંટલ'ની વાત કરે છે. એમનો મત હતો કે ઉપર જઈને પરમેશ્વર-દર્શન અને પરમેશ્વર-સ્પર્શનું અમૃતપાન કરીને પરિતૃપ્ત થઈને મન ઉન્મન થાય છે અને ત્યાર બાદ જ્યારે તે નીચે આવે છે, તે 'અવતરણ' છે. તેઓ એવું નહોતા માનતા કે મુક્તિ મળી ગઈ તો સમાપ્તિ આવી ગઈ. બલ્કે તેઓ તો કહેતા કે મુક્તિ બાદ, મન ઉન્મન થયા બાદ કાર્યક્રમ શરૂ થાય છે.

આ ભૂમિકા તે અતિમાનસની ભૂમિકા છે. અને તેઓ એને જ 'અવતાર' કહે છે. અત્યાર સુધી એવું મનાતું હતું કે મુક્ત થયા પછી કોઈ નીચે ઊતરવા ઇચ્છતું હોય તો તે ઊતરી શકે છે અને જો કોઈ નીચે આવવા ન ઇચ્છતું હોય તો તે મુક્તિમાં લીન રહે છે. પરંતુ શ્રીઅરવિંદ આ વસ્તુને ગૌણ માને છે. મુક્તિ અર્થાત્ ડિપ્લોમા મળી ગયું જેનાથી વિશ્વની સેવા કરી શકીએ. જ્યાં સુધી મુક્તિ મળતી નથી, ત્યાં સુધી વિશ્વની સેવા કરી શકાતી નથી.

શ્રીઅરવિંદની કલ્પના એ છે કે 'જે જીવ મુક્ત છે એ નીચે ઊતરશે.' પરંતુ એ કેટલો નીચે આવશે ? તો તેઓ કહે છે કે, ''મનની ઉપરની ભૂમિકા સુધી.'' જેવી રીતે કૃષ્ણે ગોકુળમાં એકદમ નિમ્ન સ્તરે આવીને – અર્થાત્ શરીરની ભૂમિકાએ ઊતરી ગયેલા – ગોકુળમાં જન્મ લીધા પછી ત્યાં બધાંની સાથે રમવા લાગ્યા, છેવટે હાથમાં તલવાર લઈને લડવા પણ લાગેલા. આ શ્રીઅરવિંદને ગમતું નથી. તેઓ ઇચ્છે છે કે 'નીચે તો ઊતરે, પણ મનની ઉપરની ભૂમિકા સુધી આવીને રોકાઈ જાય અને ત્યાં રહીને વિશ્વની સેવા કરે.' વગેરે.

એટલે કે સૌથી પહેલાં ઉપર ચઢવું, ત્યાર બાદ અવતરણ કરવું અર્થાત્ અમુક ભૂમિકા સુધી આવીને ત્યાં રોકાઈ જવું અને પછી વિશ્વને મુક્ત કરવાનું કાર્ય કરવું. આનો સારાંશ એટલો કે મુક્તિ સુધી પહોંચ્યા પછી નીચે ઊતરવું. એ નીચે ઊતરવામાં પણ એક સીમામાં બદ્ધ રહેવું, એ સીમાથી નીચે ન ઊતરવું અને ત્યાં રહીને વિશ્વનો ઉદ્ધાર કરવો – આવી શ્રીઅરવિંદની આરોહણ-અવતરણની કલ્પના છે.

(અપૂર્ણ)

## ડૉ. સંઘમિત્રાબેન ગાડેકર (ઉમાબેન) ને શ્રદ્ધાંજલિ



ગાંધીવિચારને સમર્પિત, કર્મનિષ્ઠ, આદરણીય ડૉ. સંઘમિત્રાબેન ગાડેકર (ઉમાબેન)નું ટૂંકી માંદગી બાદ તા. ૨૮-૦૪-૨૦૨૫ ના રોજ રાત્રે ૧૦.૩૦ વાગ્યે દુઃખદ અવસાન થયું છે. ઉમાબેન સ્વ. નારાયણભાઈ દેસાઈનાં દીકરી હતાં. કોલકાતાથી એમ.બી.બી.એસ.ની ઉપાધિ પ્રાપ્ત કર્યા બાદ ઉત્તરપ્રદેશમાં વિભિન્ન જગ્યાએ મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવી. ત્યારબાદ અમેરિકાથી ન્યુટ્રિશનમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવીને ભારતની હૉસ્પિટલોમાં સેવા આપી. ૧૯૮૯માં ઉમાબેન તેમના જીવનસાથી અને ન્યુક્લિયર વૈજ્ઞાનિક ડૉ. સુરેન્દ્ર ગાડેકર સાથે વેડછી સ્થાયી થયા અને અહીંથી અણુમુકિતની ચળવળ આરંભી. અણુ વીજળીના ખતરા અંગે લોક જાગૃતિ અભિયાન ચલાવ્યું તેમજ અણુમુક્તિ નામનું સામયિક પણ ચલાવ્યું. ઉમાબેને ૨૦૦૧ ના ભૂકંપ તેમજ ૨૦૦૨નાં રમખાણોમાં પરંપરાગત છાપકામ કરતા જે કારીગરો બેકાર બન્યા તેમને વેડછી ખાતે જરૂરી તાલીમ આપી રોજગારી પૂરી પાડી. આ કારીગરો દ્વારા સમગ્ર દેશમાં સર્વ પ્રથમ વાર ખાદીના કાપડ પર પ્રાકૃતિક રંગોની ડિઝાઈન કરીને ગાંધીજીના સ્વદેશીના ખ્યાલને મૂર્તિમંત કર્યો.સાથે સાથે વેડછીમાં સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયમાં પણ સક્રિય ભૂમિકા ભજવી. ઉમાબેને એમનું સમગ્ર જીવન ગાંધીજીના વિચારોને પોતાના જીવનમાં ઉતારીને તેના પ્રચાર-પ્રસારમાં સમર્પિત કર્યું.

સર્વોદય પરિવાર સદ્ગતને શ્રદ્ધાંજલિ અર્પે છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સોક્રેટિસ ઉવાચ-૧૧ : સોક્રેટિસ અને ભારતીય રાજકારણી વચ્ચે વધુ એક કાલ્પનિક સંવાદ

*(સોક્રેટિસ અને એક ભારતીય દેશભક્ત વચ્ચેની થોડા સમય પહેલાં એક વાતચીત થઈ હતી. આ ચર્ચા દેશભક્તિ, રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક ઓળખના સંદર્ભે હતી. તેમાં ભારતીય દેશભક્ત જુસ્સાથી ભારતની પ્રાચીન પરંપરાઓ, તેના અદ્‌ભુત ધાર્મિક વારસા અને ગૌરવપૂર્ણ ઇતિહાસને આધારે ભારતની મહાનતાનો દાવો કરે છે. સોક્રેટિસ, પ્રશ્ન કરવાની પોતાની પદ્ધતિનો ઉપયોગ કરીને, રાષ્ટ્રીય એકતાના અર્થ, વિવિધતાની ભૂમિકા અને પરંપરાના આંધળા પાલનનાં જોખમોની તપાસ કરીને આ દાવાઓ પાછળ રહેલી માન્યતાઓને પડકારે છે. આખરે, ભારતીય રાષ્ટ્રવાદી સાચી દેશભક્તિ વિષે ચિંતન કરવાનું શરૂ કરે છે.*

*ત્યાર બાદ, હવે તે ભારતીય દેશભક્ત સોક્રેટિસ સાથેના આ બીજા સંવાદમાં ભારતની આઝાદીની લડાઈ સમયના આદર્શોના સંદર્ભે ભારતને મહાન બનાવવા વિષે ચર્ચા કરવા આવે છે. સોક્રેટિસ ભારતની આઝાદીની લડાઈ સમયના આદર્શો અને વર્તમાન રાજકીય-સામાજિક પરિસ્થિતિ વચ્ચેના તફાવત વિષે તેનું ધ્યાન દોરીને સમજાવે છે કે માત્ર આદર્શો પૂરતા નથી. તેમનો વ્યવહારમાં અમલ કરવો પણ અત્યંત આવશ્યક છે.)*

પાર્શ્વ ભૂમિ : અદ્‌ભુત આનંદ આપતાં લીલાં છમ્મ વૃક્ષોનું સ્વર્ગીય વન. સોક્રેટિસ એક વૃક્ષ નીચે આરામથી બેઠા છે. અને તેમનો પૂર્વ પરિચિત ભારતીય દેશભક્ત તેની પીઠ પાછળ હાથ જોડીને, વિશાળ આકાશ તરફ જોતો જોતો આવે છે.

ભારતીય દેશભક્ત : કેમ છો, સોક્રેટિસ!

સોક્રેટિસ : આવો, આવો, મિત્ર ! બહુ વખતે ભૂલા પડ્યા?

ભારતીય દેશભક્ત : હા, સોક્રેટિસ! ગઈ વખતે આપણે મળ્યા ત્યારે હું ભારતની પ્રાચીન પરંપરાઓ, તેના અદ્‌ભુત ધાર્મિક વારસા અને તેના ગૌરવપૂર્ણ ઇતિહાસને કારણે ભારતની મહાનતા વિષે અતિ ઉત્સાહી હતો. પણ તમે મને સારી રીતે સમજાવ્યું હતું કે એક સાચા દેશભક્તે વિચારશીલ બનવું જોઈએ. આંધળી ભક્તિ કે અવિચારી આજ્ઞાપાલન નહીં પણ સાચા-ખોટાનો વિવેકપૂર્ણ વિચાર કરવો તે જ સાચો રાષ્ટ્રપ્રેમ છે. તે અંગે મેં ખૂબ વિચાર્યું. અને મને લાગે છે કે તમે સાચા હતા. હવે હું એક પ્રશ્ન લઈને આવ્યો છું. તમે તો જાણો છો કે અમે અમારી આઝાદીની લડાઈ ખુમારી-પૂર્વક લડ્યા અને જીત્યા. અમારી આઝદીના લડવૈયાઓ ઘણા આદર્શવાદી હતા. અને હવે આઝાદીના અમૃત કાળમાં અમે વિશ્વ ગુરુ બનવા જઈ રહ્યા છીએ. કેવું લાગે છે તમને?

સોક્રેટિસ : મારા મિત્ર, તમારા રાષ્ટ્રના સ્વતંત્રતા-સંગ્રામના આદર્શો પ્રત્યેનો તમારો આદર મને પ્રેરણા આપે છે. અને હવે તમારી આઝાદીના અમૃત કાળમાં તમે વિશ્વ ગુરુ બનવાની તમન્ના રાખો છો તે તો ખરેખર આનંદની વાત કહેવાય. પણ, મને કહો, આઝાદીની તમારી ઉમદા લડાઈ દરમિયાન તમારા મહાન નેતાઓને માર્ગદર્શન આપનાર મૂલ્યો કયાં હતાં?

ભારતીય દેશભક્ત : (ગર્વ સાથે) હિંમત, નિઃસ્વાર્થતા, સત્ય, અહિંસા, સર્વ સમાવેશી સામાજિક ઉત્થાન, અને શોષણ તથા અન્યાયના વિરોધ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા. એમણે એક એવા રાષ્ટ્રનું સ્વપ્ન જોયું હતું જેમાં અમારા દેશની દરેક વ્યક્તિ ગૌરવપૂર્ણ જીવન જીવે અને વિકાસ કરે. તેઓએ અમારા રાષ્ટ્રની આઝાદી માટે પોતાનાં જીવન, સંપત્તિ, અને એશો-આરામનું બલિદાન આપ્યું, અમારા દેશની ભલાઈને જ એ બધાંથી ઉપર રાખ્યું.

સોક્રેટિસ : આવા ગુણો ખરેખર તમારા સ્વાતંત્ર્ય-સેનાનીઓની મહાનતાની નિશાની છે. પણ, શું તમે માનો છો કે ભારતના વર્તમાન નેતાઓ આ જ મૂલ્યોને મૂર્તિમંત કરે છે?

ભારતીય દેશભક્ત : (દૃઢતાથી) સોક્રેટિસ! અમારા કેટલાક નેતાઓ અમારા પૂર્વજોના વારસાને જાળવી રાખવાનો પ્રયાસ કરે છે. ભારત એક જીવંત લોકશાહી છે તે જ તેનો પુરાવો છે.

સોક્રેટિસ : તમે કહો છો કે ભારત એક જીવંત લોકશાહી છે. શું તમારી આ લોકશાહીમાં, બધા નેતાઓ નિઃસ્વાર્થપણે, ન્યાયપૂર્વક, અને પૂરે પૂરી પ્રમાણિકતાથી તમારા દેશની ભલાઈ માટે કામ કરે છે?

ભારતીય દેશભક્ત : હું માનું છું કે અમારા બધા જ નેતાઓ આવા સમર્પિત નથી. કેટલાક સેવા કરતાં સત્તાને વધારે મહત્વ આપે છે. અને બીજા કેટલાક પ્રજાના હિત કરતાં પોતાના કે તેમના સમર્થકોના વ્યક્તિગત લાભને પ્રાથમિકતા આપતા હોય છે. પણ અમારી સ્વતંત્રતાસંગ્રામની ભાવના થોડેઘણે અંશે ટકી રહી છે. અમારી લોકશાહી મજબૂત છે. અને અમે અમારી જનતાને પ્રચાર, ભાષણો, રેલીઓ, કે રોડ શો જેવા કાર્યક્રમો વડે સતત જાગૃત રાખીએ છીએ. અમારા નેતાઓ વારંવાર પરદેશોમાં જઈને ત્યાંના લોકોને અમારી વસુધૈવ કુટુંબકમમાં માનતી મહાન સંસ્કૃતિનો સંદેશ આપે છે.

સોક્રેટિસ : હું સમજું છું. પણ, જ્યારે કેટલાક નેતાઓ તમારી આઝાદીની ચળવળ સમયનાં મૂલ્યોની વિરુદ્ધ કામ કરતા હોય ત્યારે તેનો તમારા લોકો પર શું પ્રભાવ પડે છે?

ભારતીય દેશભક્ત : (વિચારમાં પડી જાય છે) તેથી અસંતોષ ફેલાય છે અને અવિશ્વાસ ઊભો થાય છે. પરંતુ, હું તમને યાદ અપાવી દઉં, સોક્રેટીસ, આવા નેતાઓને અમારા લોકો અને અમારી લોકશાહી સંસ્થાઓ દ્વારા જવાબદાર ઠેરવવામાં આવે છે.

સોક્રેટિસ : લોકશાહીમાં જવાબદારી ખરેખર મહત્ત્વપૂર્ણ છે. પરંતુ મને કહો, શું જ્યારે તમારા નેતાઓ દેશ-સેવાનાં ઉમદા મૂલ્યોથી ભટકી જઈને સ્વાર્થ માટે, સસ્તી પ્રસિદ્ધિ માટે, કે સત્તાલોલુપ થઈને માત્ર લોકરંજક ભાષણો, રેલીઓ, કે રોડ શો જેવા તમાશા કરીને; દેશહિત માટે નહીં પણ પોતાની છાપ પાડવા બિનજરૂરી અને અતિશય ખર્ચાળ વિદેશ પ્રવાસો કરીને; ધર્મ, જાતિ, અને પ્રાદેશિક ઓળખના રાજકારણને પોષીને; તથા સમાજમાં વિભાજન અને સંઘર્ષો પેદા કરીને, પોતાની નિષ્ફળતા છુપાવે છે ત્યારે શું ભારતના લોકો હંમેશાં તેમની શાન ઠેકાણે લાવે છે ?

ભારતીય દેશભક્ત : (બચાવમાં) લોકો ભોળા નથી, સોક્રેટિસ. તેઓ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

શબ્દોની માયાજાળ અને અર્થપૂર્ણ કાર્યવાહી વચ્ચેનો તફાવત સમજે છે. સમય જતાં, સત્ય પ્રકાશમાં આવે છે.

સોક્રેટિસ : હા. સમય જતાં પોત તો પ્રકાશે છે. પરંતુ તે દરમ્યાન શું? શું તમારા નેતાઓની આવી બિનજવાબદાર પ્રવૃત્તિઓ તમારી આઝાદી માટે લડનારા નેતાઓના પ્રિય આદર્શોને નુકસાન પહોંચાડતી નથી? જો તમારા વર્તમાન નેતાઓ સ્વતંત્રતાસંગ્રામનાં મૂલ્યો પ્રમાણે વર્તવામાં નિષ્ફળ જાય તો શું તે લોકોને નિરાશ નથી કરતા?

ભારતીય દેશભક્ત : (અચકાતાં) તે એક પડકાર છે, હું સ્વીકારું છું. છતાં, આપણે શ્રદ્ધા ગુમાવવી ન જોઈએ. અમારી આઝાદીના સંઘર્ષના આદર્શો અમારી સામૂહિક ચેતનામાં ઊંડે સુધી જડાયેલા છે.

સોક્રેટિસ : અને મને કહો, મારા મિત્ર, જો આદર્શોનો અમલ જ ન કરવામાં આવે તો શું ફક્ત તે આદર્શોનું રટણ પૂરતું છે? શું સદ્‌ગુણી નેતાઓનાં જીવંત ઉદાહરણો વિના તમારા સ્વાતંત્ર્યસંગ્રામનો વારસો ફક્ત નામ પૂરતો ટકી રહે છે એમ ન કહી શકાય? મને કહો, તમારા પ્રિય ભારતમાં, શાસનનો સૌથી મૂલ્યવાન ગુણ શું હોવો જોઈએ?

ભારતીય દેશભક્ત : સૌથી મૂલ્યવાન ગુણ તો લોકોની સેવા છે - ન્યાય, સમાનતા, અને બધાંના કલ્યાણની ખાતરી કરવી.

સોક્રેટિસ : સાચી વાત. અને શું વર્તમાન ભારતમાં શાસન કરનારાઓ મન-વચન-કર્મથી આ ગુણો પ્રમાણે વર્તે છે?

ભારતીય દેશભક્ત : જોકે, હું સ્વીકારું છું કે કેટલાક નેતાઓ સત્તાના શોખીન હોય છે અને કેટલાક ભ્રષ્ટ પણ હોય છે. છતાં, આ તો લોકશાહીની લાક્ષણિકતા છે - તે અપૂર્ણ છે, પણ વિકાસશીલ.

સોક્રેટિસ : પરંતુ, કોણ પ્રમાણિકતાથી સેવા કરે છે અને કોણ સત્તા-લોલુપ કે ભ્રષ્ટ છે તે વચ્ચે તફાવત કેવી રીતે કરવો? તમારે ત્યાં આવા કોઈ માપદંડ છે?

ભારતીય દેશભક્ત : લોકશાહીમાં લોકોનો અવાજ જ માપદંડ હોય છે. ચૂંટણીઓ દ્વારા લોકો બિનજવાબદાર નેતાઓની શાન ઠેકાણે લાવે છે, તેમને હરાવે છે. તેમને તેમની જવાબદારીનું ભાન કરાવે છે. તે જ અમારી સિસ્ટમની ખૂબી છે.

સોક્રેટિસ : પણ મને કહો, શું લોકો હંમેશાં તેમના નેતાઓની કામગીરી વિશે સારી રીતે માહિતગાર હોય છે? કે પછી ભ્રામક અને છળકપટભર્યા પ્રચારથી છેતરાય છે?

ભારતીય દેશભક્ત : (બચાવમાં) સોક્રેટિસ, જનતા તમે ધારો છો તે કરતાં વધુ સમજદાર છે. તેઓ આખરે જૂઠાણાં પારખી લે છે, અને અંતે સત્યનો વિજય થાય છે.

સોક્રેટિસ : હા. આખરે તો સત્યનો વિજય થાય છે. પરંતુ વચ્ચેના સમયમાં શું? શું તે દરમ્યાન અપ્રમાણિક નેતાઓ દેશને અને લોકોને નુકસાન નથી પહોંચાડતા? શું તેઓ લોકોના વિશ્વાસને નબળો નથી પાડતા?

ભારતીય દેશભક્ત : (દઢતાથી) અમે અમારી સ્વતંત્રતા બલિદાનો આપીને મહેનતથી મેળવી છે. અમારી સ્વતંત્રતાની લડાઈ લડનારા નેતાઓ બહાદુર અને આદર્શવાદી હતા. અમે તેમના આદર્શોને એળે નહીં જવા દઈએ.

સોક્રેટિસ : હું તમારી સ્વતંત્રતાની લડાઈ જીતનાર નેતાઓની બહાદુરી પર સવાલ ઉઠાવતો નથી, મારા મિત્ર. પણ મને કહો જો તમારા હાલના નેતાઓમાંથી થોડાક નેતાઓ પણ તમારા આઝાદીના આદર્શોનો દ્રોહ કરે-- ભ્રષ્ટાચાર કરે, સત્તાલોલુપ થઈને ધાર્મિક ઉન્માદ ફેલાવે, સમાજમાં અસમાનતા વધારે - તો શું તેથી તેઓ તમારા દેશને નુકસાન નથી પહોંચાડતા?

ભારતીય દેશભક્ત : (ખચકાતાં) કદાચ. પણ અમારી સંસ્થાઓ મજબૂત છે. તેઓ સમય જતાં આવી ભૂલોને સુધારશે.

સોક્રેટિસ : હા. સમય જતાં સુધારો થઈ શકે છે. પણ તે દરમ્યાન આવા અપ્રમાણિક નેતાઓનાં કરતૂતોનો ભોગ તમારા લોકો અને તમારો દેશ નહીં બને?

ભારતીય દેશભક્ત : (નિસાસો નાખતાં) તમે કઠોર વાત કરો છો, સોક્રેટીસ. પણ તમે જે કહો છો તેમાં સત્ય છે. પણ આનો ઉકેલ શું છે? લોકશાહીની નિંદા?

સોક્રેટિસ : ના, હું એમ નથી કહેતો. હું ફક્ત પૂછું છું - આપણે જે સમાજમાં રહીએ છીએ તેના વિષે નિષ્ઠુર થઈને વિચારવું ન જોઈએ?

ભારતીય દેશભક્ત : (લાંબા વિરામ પછી) કદાચ તમે સાચા છો, સોક્રેટીસ. આપણે આપણી કમીઓ અંગે જાગૃત થવું જોઈએ.

સોક્રેટિસ : તો શું આપણે આ ચર્ચા આગળ વધારીશું?

ભારતીય દેશભક્ત : તમે જે કહો છો તે ક્યારેક કડવું હોય છે, સોક્રેટિસ, પણ વિચારવા જેવું તો હોય છે જ.

સોક્રેટિસ : તો મારા આદરણીય મિત્ર, મને કહો, આજે તમારા રાષ્ટ્ર સામેનો સૌથી મોટો પડકાર કયો છે?

ભારતીય દેશભક્ત : (થોભો) ભ્રષ્ટાચાર. સોક્રેટીસ, ભ્રષ્ટાચાર એક એવો મહા રોગ છે જે અમારા મહાન દેશના પાયાને જ ઊધઈની જેમ ખાઈ જાય છે. પરંતુ હું તમને કહી શકું કે અમે તે અંગે સજાગ છીએ. અમારામાંના ઘણા લોકો તેની સામે ઊહાપોહ કરે છે.

સોક્રેટિસ : ઊહાપોહ કરવો એ તો ખરેખર એક ઉમદા ગુણ છે. છતાં, જ્યારે તમે ભ્રષ્ટાચાર વિશે વાત કરો છો ત્યારે તમે તેનો અર્થ શું કરો છે? શું કોઈ કામ કે સેવાના બદલામાં અપાતાં નાણાંનો જ ભ્રષ્ટાચારમાં સમાવેશ થાય છે? કે સત્તામાં ટકી રહેવા વાસ્તે થતાં કાવતરાંનો પણ તમે તેમાં સમાવેશ કરો છો? શું ભ્રષ્ટાચાર એ કોઈ પણ વ્યક્તિનું પોતાના વ્યક્તિગત લાભ - પછી તે ધન હોય કે સત્તા - માટે થતું કાર્ય નથી?

ભારતીય દેશભક્ત : ચોક્કસ. ભ્રષ્ટાચાર એટલે કોઈ પણ વ્યક્તિ દ્વારા પોતાના અંગત સ્વાર્થ કે હિત માટે પોતાના સ્થાનનો દુરુપયોગ. પછી તે પૈસા માટે હોય કે સત્તા માટે હોય. તે એક પ્રકારનો વિશ્વાસઘાત છે. તે એક અભિશાપ છે. અને અમારે તેને નાબૂદ કરવો જોઈએ.

સોક્રેટિસ : તમે કહો છો કે ભ્રષ્ટાચાર એ વિશ્વાસઘાત છે, અભિશાપ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છે. પણ મને કહો, મારા મિત્ર, શું તમે માનો છો કે ભ્રષ્ટાચાર માટે ફક્ત વ્યક્તિ જ જવાબદાર છે? કે તે સિસ્ટમમાંથી ઉદ્ભવે છે?

ભારતીય દેશભક્ત : (મક્કમતાથી) તે વ્યક્તિથી શરૂ થાય છે. મજબૂત ચારિત્ર્ય ધરાવતી વ્યક્તિ લાલચનો પ્રતિકાર કરશે, ભલે સિસ્ટમ કોઈ પણ હોય.

સોક્રેટિસ : અને આવી વ્યક્તિનું ઘડતર કોણ કરે છે? શું સમાજ અને શાસન દ્વારા પ્રસ્થાપિત મૂલ્યો તે માટે જવાબદાર નથી?

ભારતીય દેશભક્ત : હા, સમાજ ભૂમિકા ભજવે છે. તેથી જ અમારે ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં નૈતિક શિક્ષણ અને સાંસ્કૃતિક ગૌરવ પર ભાર મૂકવો જોઈએ.

સોક્રેટિસ : પરંતુ, મને કહો, જો સમાજ નાની નાની બાબતોમાં ભ્રષ્ટાચારને સહન કરે – જેમ કે ઝડપથી કામ કઢાવવા માટે અપાતી લાંચ અથવા નોકરી કે બઢતી મેળવવા માટે થતી કોઈ પણ પ્રકારની અનૈતિક લેણ-દેણ કે સત્તા મેળવવા માટે થતી વિવિધ પ્રકારની ઘાલમેલ – તો શું આ બધા માટે સમાજના ચારિત્ર્યનો નબળો પાયો જવાબદાર નથી?

ભારતીય દેશભક્ત : (બચાવમાં) આવી પ્રથાઓ જરૂરિયાતમાંથી જન્મે છે, સોક્રેટીસ. શું તમે કોઈ માણસને ટકી રહેવા માટે દોષી ઠેરવી શકો છો?

સોક્રેટિસ : હું માણસને દોષ નથી આપતો, મારા મિત્ર. હું સિસ્ટમની વાત કરું છું. જો કોઈ સમાજ અને તેના નેતાઓ કોઈ પણ કારણસર ભ્રષ્ટાચારને સહન કરી લે તો બધા લોકો આમ કરવા નહીં પ્રેરાય? જો સમાજના નેતાઓ જ તેને મૌન મંજૂરી આપે અને પોતે પણ ભ્રષ્ટ બને તો તે આવા ભ્રષ્ટાચારની નિંદા કેવી રીતે કરી શકે? અને કદાચ નિંદા કરે તો પણ જો તેઓ જ પોતે ભ્રષ્ટાચાર કરતા હોય તો લોકો તેમનો કેટલો વિશ્વાસ કરશે?

ભારતીય દેશભક્ત : (ખચકાટ સાથે) સોક્રેટિસ, હું માનું છું કે ભ્રષ્ટાચાર અમારા સમાજનાં ઘણાં સ્તરોમાં ઊંડે સુધી ઘૂસી ગયો છે. અને માનું છું કે તે માટે મહદંશે અમારા ઘણા નેતાઓને જ જવાબદાર ગણવા જોઈએ. તેઓએ પોતે આદર્શ વ્યવહાર દ્વારા ઉદાહરણ સ્થાપિત કરવું જોઈએ. જેમ કે અમારી આઝાદી અપાવનાર મોટાભાગના નેતાઓ સો ટચના સોના જેવું ચારિત્ર્ય ધારાવતા હતા.

સોક્રેટિસ : બરાબર. સમાજના રક્ષકો તરીકે નેતાઓએ જ દાખલો બેસાડવો જોઈએ, તેમણે સદ્ગુણો અપનાવવા જોઈએ. પણ મને કહો – જો લોકો જ ભ્રષ્ટ નેતાઓને ચૂંટે તો પછી જવાબદારી કોની ?

ભારતીય દેશભક્ત : (નિરાશ થઈને) આ એક દુશ્ચક્ર છે! ભ્રષ્ટ નેતાઓ ભ્રષ્ટાચારને પોષે છે, અને બદલામાં લોકોને હતાશ કરે છે. અને તેથી આવા હતાશ લોકો પણ ભ્રષ્ટાચાર કરવા પ્રેરાય છે. આવા દુશ્ચક્રથી મુક્ત થવું સરળ નથી.

સોક્રેટિસ : ખરેખર તે એક દુશ્ચક્ર છે. તમે કહો છો તેમ લોકોએ ભ્રષ્ટાચારનો પ્રતિકાર કરવો જોઈએ, છતાં તમે સ્વીકારો છો કે સિસ્ટમ વ્યક્તિ પર પ્રભાવ પાડે છે. બીજી બાજુ તમે દાવો કરો છો કે નેતાઓએ એક ઉદાહરણ બેસાડવું જોઈએ, છતાં લોકો પોતે જ ભ્રષ્ટ નેતાઓને પસંદ કરે છે. તો પછી, આવી ભુલભુલામણીમાંથી કેવી રીતે બહાર નીકળી શકાય?

ભારતીય દેશભક્ત : (લાંબા વિરામ પછી) મને ખબર નથી, સોક્રેટિસ. કદાચ દોષ અમારા બધાનો છે.

સોક્રેટિસ : (હળવાશથી હસતાં) નિરાશ ન થાઓ, મારા મિત્ર. સમસ્યાની જટિલતાને ઓળખવી એ શાણપણ તરફનું પ્રથમ પગલું છે. આવી દુવિધાભરી સ્થિતિમાં પણ આપણે નવો માર્ગ શોધવા માટે જરૂરી સમજણ વિકસાવી શકીએ છીએ. તમે મને કહો, મહાન નેતાની નિશાની શું છે?

ભારતીય દેશભક્ત : એક મહાન નેતા તે છે જે પોતાના રાષ્ટ્રના ઉજ્જ્વળ ભવિષ્યની કલ્પના કરે અને લોકોને પ્રેરણા આપે.

સોક્રેટિસ : પરંતુ ચાલો આનો વિચાર કરીએ – જો કોઈ નેતા લોકોનો ઉત્સાહ વધારવા અને લોકોમાં પ્રિય થવા માટે મોટાં મોટાં વચનો આપે પણ તેમનો અમલ ન કરે તો શું તેને મહાન કહી શકાય?

ભારતીય દેશભક્ત : (થોભો) ના, સોક્રેટીસ. નેતાએ તેનાં વચનો પૂરાં કરવા માટે અથાક મહેનત કરવી જોઈએ. ફક્ત લોક-લુભાવન શબ્દો પૂરતા નથી.

સોક્રેટિસ : ઉત્તમ. અને મને કહો, શું તમારા ભારતમાં બધા નેતાઓ તેમનાં વચનો પૂરાં કરે છે?

ભારતીય દેશભક્ત : (અચકાતાં) બધા નહીં, હું કબૂલ કરું છું. કેટલાક એવા છે જે લોકોને છેતરતા હોય છે.

સોક્રેટિસ : હું સમજી શકું છું. અને જ્યારે કેટલાક નેતાઓ તેમનાં વચનો પૂરાં કરવામાં નિષ્ફળ જાય છે, ત્યારે જે લોકો તેમના પર વિશ્વાસ મૂકતા હોય તેમનું શું થાય છે? શું તેઓ બધા નેતાઓને શંકાની નજરે નહીં જુવે? શું દૂધમાં ઝેરનું એક ટીપું પડ્યું હોય તો તે તમે પીશો?

ભારતીય દેશભક્ત : (નિસાસો નાખતાં) લોકો નિરાશ થાય, હતાશ થાય. પોતાની સાથે દગો થયો હોય એમ અનુભવે. અને કદાચ બધા જ નેતાઓ પરથી તેમનો વિશ્વાસ ઊઠી જાય. છતાં, અમારા લોકો ઉદાર છે, સહનશીલ છે. અને આશા છોડતા નથી.

સોક્રેટિસ : ઉદારતા ખરેખર એક ગુણ છે. પણ મને કહો – શું તૂટેલાં વચનોને કારણે નિરાશ થયેલ લોકોનો સિસ્ટમમાં વિશ્વાસ ઘટતો નથી?

ભારતીય દેશભક્ત : (બચાવમાં) કદાચ એમ થાય છે. પરંતુ, લોકો શાસનની જટિલતાઓને સમજે છે. તેઓ જાણે છે કે દરેક વચન તરત જ પૂર્ણ થઈ શકતું નથી.

સોક્રેટિસ : સાચું. કેટલાંક વચનોના પાલનમાં સમય લાગી શકે છે. પરંતુ જે વચનો પૂરાં કરવાનો ઇરાદો જ ન હોય કે ક્ષમતા જ ન હોય તો શું આવાં વચનોની લહાણી કરવી એ વિશ્વાસઘાત નથી?

ભારતીય દેશભક્ત : (મક્કમતાથી) સોક્રેટિસ, ભારત એક લોકશાહી છે. લોકો પાસે નેતાઓને જવાબદાર ઠેરવવાની શક્તિ છે. જો કોઈ નેતા વારંવાર નિષ્ફળ જાય તો તેને આગામી ચૂંટણીમાં બાજુ પર ફેંકી દેવામાં આવે છે.

સોક્રેટિસ : લોકશાહીમાં ચૂંટણી ખરેખર ઉમદા પ્રક્રિયા છે, મારા મિત્ર.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પણ મને કહો, શું તોડેલાં કે ખોટાં વચનોને કારણે લોકોમાં હતાશાની મનોવૃત્તિ બનતી નથી?

ભારતીય દેશભક્ત : તે શક્ય છે. તો, શું અમારા નેતાઓએ પોતાનાં વચનોનું પાલન કરવામાં નિષ્ફળ જવાના ડરથી વચનો આપવાનું છોડી દેવાનું ?

સોક્રેટિસ : બિલકુલ નહીં. હું ફક્ત પૂછું છું – શું વચનો વાસ્તવિકતાને ખ્યાલમાં રાખીને ન આપવાં જોઈએ? તેમને અમલમાં મૂકી શકાય તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને આવાં વચનો ન આપવાં જોઈએ? શું મોહક વચનોની આડમાં પોતાના સમર્થકોનું જ હિત સાધવું અને પોતાની સત્તા-લાલસા પોષવી એ પ્રમાણિકતા કહેવાય?

ભારતીય દેશભક્ત : (વિચારમાં પડી જાય છે) સિદ્ધાંતમાં તે સાચું છે, સોક્રેટિસ. પરંતુ મોટાં વચનો લોકોમાં આશા જગાડે છે, તેમને પ્રેરણા આપે છે. આશા વિના, રાષ્ટ્ર કેવી રીતે આગળ વધી શકે?

સોક્રેટિસ : આશા ખરેખર એક કિંમતી વસ્તુ છે. પરંતુ મને કહો- જો આશા ખાલી કે ખોટાં વચનો પર બાંધવામાં આવે તો શું તે તૂટી પડતી નથી?

ભારતીય દેશભક્ત : (લાંબા મૌન પછી) તમે મને એક મુશ્કેલ સત્ય તરફ દોરી જાવ છો, સોક્રેટિસ. વચનો અને તેમના અમલ વચ્ચેનું અંતર નેતાઓ અને લોકો બંનેને નબળા પાડે છે. છતાં, મને ખબર નથી કે તેને કેવી રીતે રોકવું.

સોક્રેટિસ : (હળવાશથી હસતાં) આહ, મારા મિત્ર, તમે સમસ્યાના મૂળ સુધી પહોંચ્યા છો. સમસ્યાને ઓળખીને જ આપણે તેના ઉકેલ તરફ પહેલું પગલું ભરી શકીએ છીએ. ચાલો આપણે આપણી ચર્ચાને આગળ વધારીએ. શું તમારી શાસનવ્યવસ્થા ખામીઓથી મુક્ત છે?

ભારતીય દેશભક્ત : (મક્કમતાથી) કોઈ પણ વ્યવસ્થા સંપૂર્ણ નથી હોતી, સોક્રેટિસ. પણ અપૂર્ણતાનો અર્થ નિષ્ફળતા નથી. પૂર્ણતા માટે પ્રયત્ન કરવાથી જ પ્રગતિ થાય છે.

સોક્રેટિસ : મારા મિત્ર, તમારી વાત શાણપણભરી છે. પણ, મને કહો, શું તમારા દેશમાં એવા કિસ્સાઓ જોવા મળે છે જ્યાં શાસનવ્યવસ્થા સામાન્ય માણસ કરતાં ધનવાનો અને લાગવગ ધરાવતા લોકોને વધુ મહત્ત્વ આપે છે, અથવા જ્યાં ન્યાયમાં વિલંબ થાય છે, જેનાથી પીડિતોને દુ :ખી થવું પડે છે?

ભારતીય દેશભક્ત : (ખચકાતાં) હા, આવા કિસ્સાઓ જોવા મળે છે. ભ્રષ્ટાચાર, બિનકાર્યક્ષમતા, વિલંબિત અને ખર્ચાળ ન્યાય, તથા અમલદારોની ઉદાસીનતાથી અમારી સિસ્ટમ પીડાય છે..

સોક્રેટિસ : અને, જો તમારા દેશમાં સામાજિક અને આર્થિક અસમાનતા ચાલુ રહી હોય તો શું સિસ્ટમ તમારા આઝાદીના સંઘર્ષના આદર્શોને મૂર્તિમંત કરે છે તેમ કહી શકાય?

ભારતીય દેશભક્ત : (બચાવમાં) સોક્રેટિસ, તમે ખૂબ કઠોર છો. શાસન-વ્યવસ્થા જટિલ છે, અને તે જે પડકારોનો સામનો કરે છે તે વિશાળ છે. આદર્શો જીવંત રહે છે, ભલે તેમને અમે પૂરેપૂરા મૂર્તિમંત ન કરી શક્યા હોઈએ.

સોક્રેટિસ : મારા મિત્ર, જો તમારા આદર્શોથી તમે સતત ભટકતા રહો, તો શું સમય જતાં તેમનાથી કાયમ માટે દૂર થઈ જવાનું જોખમ નથી રહેતું? શું કોઈ શાસનવ્યવસ્થા ખરેખર ન્યાય અને સમાનતાનું રક્ષણ કરતી હોય તો તે પોતાની ખામીઓને સતત અવગણે કે સહન કરે?

ભારતીય દેશભક્ત : (થોડા વિરામ પછી) આ એક મુશ્કેલ પ્રશ્ન છે. અમે જે આદર્શો માટે લડ્યા હતા તે શાશ્વત છે, પરંતુ વ્યવસ્થાઓ માનવી ચલાવે છે. અને માનવીઓને તેમની મર્યાદાઓ હોય છે. તેથી ક્યારેક વ્યવસ્થા ડગમગી શકે છે, પરંતુ અમારી મૂલ્યનિષ્ઠા અડગ છે.

સોક્રેટિસ : બંધુ, તમારી મૂલ્યનિષ્ઠા ખરેખર પ્રેરણાદાયક છે. પણ, મને કહો, તમારા પ્રિય ભારતમાં, શું દરેક નાગરિક સમાનતા અને ગૌરવનો અનુભવ કરે છે જે મેળવવા માટે તમે લડ્યા હતા?

ભારતીય દેશભક્ત : (ગર્વ સાથે) સોક્રેટિસ, અમારું બંધારણ સમાનતાના આદર્શને વરેલું છે. અને અમે સમાજના દરેક વર્ગનું ઉત્થાન કરવા પ્રતિબદ્ધ છીએ. અમે આ દિશામાં અનેક પગલાં લીધાં છે.

સોક્રેટિસ : તો, તે એક પ્રશંસનીય સિદ્ધિ કહેવાય. પરંતુ મને કહો, શું વાસ્તવમાં સામાજિક વ્યવહારો આવી સમાનતા અને ગૌરવને પ્રતિબિંબિત કરે છે, કે હજુ પણ તમારા સમાજમાં ભેદભાવ ચાલુ છે?

ભારતીય દેશભક્ત : (ખચકાતાં) કેટલાક જટિલ પ્રશ્નો છે, હું સ્વીકારું છું. જાતિ ભેદભાવ સંપૂર્ણપણે નાબૂદ થયો નથી. પરંતુ અમારા નેતાઓ કાયદા અને નીતિઓ દ્વારા તેમને હલ કરવા પ્રયત્ન-મહેનત કરે છે.

સોક્રેટિસ : આ તો એક ઉમદા પ્રયાસ કહેવાય. પણ શું આ કાયદાઓ લોકોનાં હૃદય અને મનને બદલવામાં સફળ થાય છે, કે તેઓ ફક્ત નામ પૂરતા છે?

ભારતીય દેશભક્ત : (દૃઢતાથી) પરિવર્તનમાં સમય લાગે છે, સોક્રેટિસ. પરંતુ પ્રગતિ નિર્વિવાદ છે. શિક્ષણ અને જાગૃતિમાં વધારો થઈ રહ્યો છે.

સોક્રેટિસ : શિક્ષણ ખરેખર એક શક્તિશાળી સાધન છે. પણ મને કહો, જો અમુક વ્યક્તિઓ હજુ પણ તેમની જાતિના આધારે પૂર્વગ્રહનો સામનો કરે છે, તો શું સમાજ ખરેખર સમાવેશી છે, કે પછી સમાનતા ફક્ત સપાટી પર દેખાય છે?

ભારતીય દેશભક્ત : (બચાવમાં) સોક્રેટિસ, આવા પૂર્વગ્રહો થોડા લોકોમાં જોવા મળે છે. મોટાભાગના ભારતીયો આવી જૂની પ્રથાઓને નકારે છે અને સમાનતાને સ્વીકારે છે.

સોક્રેટિસ : હું સમજું છું. પણ જ્યારે સમાજના થોડા લોકો પણ તેમના પૂર્વગ્રહો પ્રમાણે વર્તતા હોય તો તેનો ભોગ બનેલા લોકો પર શું પ્રભાવ પડે છે?

ભારતીય દેશભક્ત : (નિસાસો નાખતાં) હું કબૂલ કરું છું કે તે નુકસાન પહોંચાડે છે. પરંતુ અમારી લોકશાહી વ્યવસ્થા દરેક નાગરિકને આવા પડકારોથી ઉપર ઊઠવાની શક્તિ આપે છે.

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# શત્રુને હરાવે તે વીર, શત્રુને મિત્ર બનાવે તે મહાવીર

**વિ**રાટ વિશ્વમાં અહિંસા, તપ, સંયમ, અપરિગ્રહ અને અનેકાંતના સિદ્ધાંતનો પ્રકાશ ફેલાવનાર ભગવાન મહાવીર સ્વામીનો જન્મ દિવસ એક પવિત્ર દિવસ માનવામાં આવે છે.



સ્વર્ગના શોખીન થોડા માણસોએ પૃથ્વી પરના વિશાળ જનસમાજ માટે નરક ખડું કરી દીધું હતું. પરલોકની મીઠી લાલચ આપીને આ લોકને દુઃખી કરી નાખ્યો હતો. માણસ પ્રારબ્ધને ખોળે જઈને બેઠો હતો. પોતાનાં હાથ, પગ અને મગજ નિષ્ક્રિય કરીને પુરુષાર્થથી પરવારી ગયો હતો. એ એમ માનવા લાગ્યો હતો કે જે કાંઈ થાય તે પ્રારબ્ધથી થાય છે, પણ એ વાતને સ્વીકારતો નહોતો કે પ્રારબ્ધ પણ ઘડાય છે પુરુષાર્થથી. પ્રયત્નને બદલે પામરતાને સહારે જીવન ગાળતો હતો. એ સમયે અને એ કાળે મંદિરો માયા અને મદનાં ધામ બન્યાં હતાં. યજ્ઞ અને દક્ષિણા એનાં મુખ્ય કાર્ય બન્યાં હતાં. પોતનાં પાપ ધોવા કાજે બીજાનું લોહી રેડવામાં ધર્મ મનાતો હતો. યજ્ઞની વેદી પર હજારો પશુઓ પોતાનો જાન ગુમાવતાં અને મારનાર માનતો કે આનાથી એને સ્વર્ગની પ્રાપ્તિ થશે.

જ્ઞાન પર મુઠ્ઠીભર લોકોનો કબજો હતો. તપ પણ અમુક લોકોના તાબામાં હતું. ગરીબ અને હલકા વર્ણને વળી જ્ઞાન શું ? સ્ત્રીની સ્થિતિ ભારે કફોડી હતી. એ ગુલામની પણ ગુલામ હતી. એને પરિગ્રહ - માલસામાન જેવી સંઘરવાની વસ્તુ માનવામાં આવતી હતી. એનું સ્વતંત્ર વ્યક્તિત્વ એ યુગને અણગમતું હતું. કોઢના પશુની મુક્તિ સરળ હતી, પરંતુ મૃત્યુ વિના સ્ત્રીની મુક્તિ અસંભવિત હતી. ચારે વર્ણ ઊંચનીચના ભાવથી સાપ-નોળિયાની જેમ વર્તતા હતા. જન્મજાત મોટાઈનો ભારે કેફ હતો. દાસ અને અછૂતની દુર્દશાનો કોઈ પાર નહોતો. એને પૃથ્વી પર રહેવા ઘર નહોતું. ઉચ્ચ વર્ણના ગણાતા લોકોના બેફામ જુલમો અને અવિચારી ત્રાસ મૂંગે મોઢે સહેવા પડતા. આવા કાળમાં ભગવાન મહાવીરનો જન્મ થયો.

ભગવાન મહાવીરે પહેલે પગલે ક્રાંતિ કરી. એમણે કહ્યું કે, જ્ઞાન માત્ર જ્ઞાની માટે નથી, સામાન્ય માનવી માટે પણ છે. સામાન્ય લોકો સમજે એ રીતે એમની ભાષામાં બોલવું જોઈએ. એ સમયે જનસામાન્યની ભાષા અર્ધમાગધી હતી. ભગવાન મહાવીરે સહુને સમજાય એવી અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપ્યો. મહાવીરનો ઉપદેશ સહુને સમજાયો અને બધાને માટે આત્મ-કલ્યાણનાં દ્વાર ખુલ્લાં થયાં. ભગવાન મહાવીરે સ્ત્રીને સ્વતંત્રતા બક્ષવા માટે બે મહાન સુધારા કર્યા. એક તો વ્રતમાં બ્રહ્મચર્યને સ્થાન આપ્યું અને બીજું, સ્ત્રી સંન્યાસિની થઈ દીક્ષિત થાય તો સર્વ બંધનોમાંથી મુક્ત બને એમ કહ્યું. ભગવાન મહાવીરે નારીને આધ્યાત્મિકતાના સર્વોચ્ચ શિખરે પહોંચવાની દીવાદાંડી દર્શાવી.

ભગવાન મહાવીરે જાતિ અને વર્ણના મહત્ત્વને કાઢી નાખ્યું અને ચારિત્ર્યની મહત્તા સ્થાપી. એમણે કહ્યું, ''કર્મથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર થવાય છે.''

આમ એમણે શૂદ્રોને ગુલામીના અંધકારમાંથી બહાર કાઢ્યા અને પશુતામાંથી પ્રભુતા આપી. કોઈ પણ વર્ણનાં સ્ત્રી-પુરુષ આ ધર્મ સ્વીકારી શકે છે તેમ કહ્યું. ભગવાન મહાવીરની આ એક મહાન સામાજિક ક્રાંતિ ગણાય. એમણે સમગ્ર પરિસ્થિતિમાં પરિવર્તન આણ્યું. આત્માના ઊંડાણથી ઊગેલા આ સત્યવિચારે સમાજમાં સ્થાયી રૂપ લીધું.

ભગવાન મહાવીરે નીડરતા અને દૃઢતાથી પોતાના વિચારો પ્રગટ કર્યા. ઊંચનીચની કલ્પનામાં સમૂળી ક્રાંતિ કરી. કહ્યું કે આત્મતત્ત્વની દૃષ્ટિએ બધાં સરખાં છે. બ્રાહ્મણ કે શૂદ્ર, સ્ત્રી કે પુરુષ, યુવાન કે વૃદ્ધ, રાય કે રંક જે કોઈ પુરુષાર્થ કરે તે મોક્ષના અધિકારી છે. આના સમર્થનમાં જ તેમણે ચંદનબાળાને પ્રથમ સાધ્વી બનાવી. ઈશ્વરકૃપા પર આધાર રાખીને પ્રારબ્ધને સહારે જીવતા માનવની ગુલામી એમણે દૂર કરી. પુરુષાર્થનો ઉપદેશ આપ્યો અને કહ્યું,

''દેવ ભલે મોટો હોય, ગમે તેવું તેમનું સ્વર્ગ, હોય, પણ માણસથી મોટું કોઈ નથી. માણસ માનવતા રાખે તો દેવ પણ એના ચરણમાં રહે !''

પ્રભુ મહાવીરે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાનો સંઘ સ્થાપ્યો. આવો સંઘ તીર્થ કહેવાય છે, એટલે કે તેઓ તીર્થંકર કહેવાયા. એમના પછી બીજા કોઈ તીર્થંકર થયા નથી એટલે તેઓ ચરમ તીર્થંકર કહેવાયા. તેમણે પોતાના રાગ-દ્વેષ પૂરેપૂરા જીતી લીધા હતા એટલે તેઓ જિન પણ કહેવાય છે. આ જિનના અનુયાયી તે જૈન.

ભગવાન મહાવીરે મત અને મજહબની લડાઈ ગૌણપદે સ્થાપી. સંસારના પ્રત્યેક મતને સાપેક્ષ સત્યવાળા ઠરાવ્યા. આચારમાં અહિંસા આપી. વિચારમાં અનેકાન્ત આપ્યો. વાણીમાં સ્યાદ્વાદ આપ્યો. સમાજમાં અપરિગ્રહ સ્થાપ્યો. એમણે કહ્યું, ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. અહિંસા, સંયમ અને તપ એનાં લક્ષણો છે. જેનું મન ધર્મમાં હંમેશાં રમ્યા કરે છે તેને દેવો પણ નમે છે.

ભગવાન મહાવીરે આત્મકલ્યાણ સાધવા માટે કેટલાક નિયમો પાળવાનું કહ્યું. નિયમો એટલે વ્રત. આવાં પાંચ મહાવ્રત એટલે કે પાંચ યમ છે. આ પાંચ યમની મહત્તા આજની દુનિયાને માટે પણ એટલી જ છે. એ વિશે વિચાર કરીએ તો ખ્યાલ આવશે કે ભગવાન મહાવીરનાં આ પાંચ મહાવ્રત વર્તમાન માનવજીવન માટે એટલાં જ પ્રસ્તુત છે.

ભગવાન મહાવીરે પ્રબોધેલું પહેલું મહાવ્રત છે અહિંસા. અહિંસા એ જૈન ધર્મનો પાયો અને પ્રાણ છે. અન્ય ધર્મોએ અહિંસાનો આદર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કર્યો છે, પણ જૈન ધર્મ જેટલું પ્રાધાન્ય આપ્યું નથી. અહિંસાની જેટલી સૂક્ષ્મ વિચારણા જૈન ધર્મમાં કરવામાં આવી છે, તેટલી વિચારણા અન્ય ધર્મોમાં મળતી નથી. જૈન ધર્મની અહિંસાનો ઉદ્‌ગમ તાત્ત્વિક વિચારણા અને પ્રત્યક્ષ અનુભવમાંથી થયો છે અને તેથી એ વ્યાપક અને સૂક્ષ્મ બને છે.

બધા જીવોની સમાનતાના સિદ્ધાંતમાંથી અહિંસાનો આવિષ્કાર થયો છે. આમ આ અહિંસા એ કોઈ બાહ્યાચાર નથી, બલ્કે સમગ્ર માનવજીવનને ઘાટ આપતી જીવનશૈલી છે અને એમાંથી જૈન ધર્મની આહારસંબંધી ઊંડી વિચારણા પ્રગટ થઈ છે અને એણે તપ અને ઉપવાસનું મહત્ત્વ દર્શાવ્યું છે. એમાં મનની શક્તિ માટે પચ્ચખાણ, ધ્યાનની ઉચ્ચ ભૂમિકા માટે કાઉસગ્ગ, આંતરદોષની ઓળખ માટે પ્રતિક્રમણ, આંતરશુદ્ધિ માટે પર્યુષણ, વીરતાની ભાવના માટે ક્ષમા જેવી ભાવનાઓ અપનાવવાની વાત કરી છે.

બીજું મહાવ્રત છે સત્ય. હું અસત્ય નહીં આચરું, બીજા પાસે નહીં આચરાવું અને આચરતો હોય તો તેને અનુમોદન નહીં આપું. 'પ્રશ્નવ્યાકરણ' નામના આગમગ્રંથમાં સત્ય એ જ ઈશ્વર છે એમ કહેવામાં આવ્યું છે. 'શ્રી આચારાંગ સૂત્ર'માં કહ્યું છે કે 'સત્યની આશા પર ઊભેલો બુદ્ધિશાળી મૃત્યુને તરી જાય છે.'

'હું કહું છું તે જ સત્ય' એવા આગ્રહ, દુરાગ્રહ કે પૂર્વાગ્રહમાં વિચારની હિંસા સમાયેલી છે. જ્યારે બીજાના કથનમાં પણ સત્યનો અંશ હોઈ શકે તેવી ઉદાર દૃષ્ટિ તે અનેકાંત, કારણ કે સત્ય સાપેક્ષ છે. તમારી નજરનું સત્ય અને તેના પરની તમારી શ્રદ્ધા તેમજ બીજાની નજરનું સત્ય અને તેના વિષે તેની વિચારણા - આમ, અનેકાંતમાં સમતા, સહિષ્ણુતા, સમન્વય અને સહઅસ્તિત્વની ભાવના છે.

આઇન્સ્ટાઇને ભૌતિક જગતમાં સાપેક્ષવાદ શોધ્યો. ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં વ્યવહાર જગતનો સાપેક્ષવાદ બતાવ્યો.

ભગવાન મહાવીરે કહેલું ત્રીજું મહાવ્રત તે અસ્તેય છે. માણસે સર્વ પ્રકારની ચોરીનો ત્યાગ કરવો જોઈએ. અણહકનું, અણઆપ્યું કોઈનું કશું લેવું જોઈએ નહીં. કોઈની પાસે લેવડાવવું જોઈએ પણ નહીં અને એવા કામમાં સહાય કે ટેકો પણ આપવો જોઈએ નહીં.

ચોથું મહાવ્રત તે બ્રહ્મચર્ય અને પાંચમું મહાવ્રત છે અપરિગ્રહનું. પરિગ્રહ એ પાપનું મૂળ છે. માત્ર કોઈ વસ્તુની પ્રાપ્તિ કે સંગ્રહ એ જ પરિગ્રહ નથી, પરંતુ કોઈ વસ્તુ માટેની મૂર્છા અને આસક્તિ એ પણ પરિગ્રહ છે. આ પરિગ્રહ એ હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને આસક્તિ એ પાંચેય પાપોની જડ છે. આજે આપણે જોઈએ છીએ કે વર્તમાન જગતની અસીમ યાતનાઓનું મુખ્ય કારણ માનવીની બહેકેલી પરિગ્રહવૃત્તિ છે.

આમ, પાંચ યમનું નિરૂપણ કરીને ભગવાન મહાવીર કહે છે, 'જેમ વાયુ ભડભડ સળગતી જ્વાલાઓને ઓળંગી જાય છે તેમ, આ રીતે જીવનારો આદર્શ માનવી સંસારની જ્વાલાઓને ઓળંગી, પરમ આનંદનો ભાગી થશે.'

સાભાર : ગુ.સ. ૧૦-૪-૨૦૨૫ **- કુમારપાળ દેસાઈ**

# વિશ્વભરમાં ભારતની સ્થિતિ અને તેનો સામાજિક વિકાસ

'યુનાઈટેડ નેશન્સ (UNO) અન્વયે ઘણા બધા રસપ્રદ અને ઉપયોગી હેવાલો દર વર્ષે નિયમિત રીતે પ્રગટ કરીને વિશ્વભરના દેશોની સ્થિતિનો ખ્યાલ આપીને નીતિદર્શક માર્ગદર્શન આપતા જ રહે છે. એમાં વર્લ્ડ બેન્કનો વર્ષિક અહેવાલ, યુનાઈટેડ નેશન્સના આર્થિક-સામાજિક વિકાસનો હેવાલ, IMFનો વિશ્વના વિકાસના દર્શકો (Indicators of Economic Growth) તથા ILO ના રોજગારી વિષયક હેવાલ તથા UNDP નો 'માનવ વિકાસ હેવાલ' વગેરે જાણીતા છે પરંતુ પ્રમાણમાં થોડો ઓછો જાણીતો પણ આવશ્યક રીતે વિશ્વની સામાજિક પ્રગતિનું મૂલ્યાંકન કરતો હેવાલ વિશ્વ હેપીનેસ હેવાલ કરતાં જુદી જ અને વિશદ્ માહિતીનું વિશ્લેષણ આપે છે.

Institute of Competitivenesess and Social Progressive Imperatives નામની સંસ્થા આ હેવાલ તૈયાર કરે છે. તાજેતરમાં જ જાન્યુઆરી, ૨૦૨૪માં છેલ્લા ૨૦૧૩-૨૦૨૩ના દશકામાં સામાજિક પ્રગતિની તરાહ કેવી રહી છે તે દર્શાવતો હેવાલ પ્રસિદ્ધ કર્યો છે. આપણે આ સામાજિક પ્રગતિની વ્યાખ્યા, સામાજિક પ્રગતિના સૂચકાંક (Indicators) તૈયાર કરવાની પદ્ધતિ, સમગ્ર વિશ્વ અને ભારતની સ્થિતિની નોંધ લઈને તેને સમજવા પ્રયત્ન કરીશું.

સામાજિક પ્રગતિ એટલે સમગ્ર સમાજ અને વ્યક્તિની-માનવીની પ્રગતિ માટે આવશ્યક પાયાની સગવડો પ્રાપ્ત કરવાની ક્ષમતા, જે નાગરિકોની જીવનની ગુણવત્તા પ્રાપ્ત કરવામાં એમની અણવિકસિત ક્ષમતાને ઓળખી શકે. મૂળે સામાજિક પ્રગતિ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. તેના નાગરિકોને મૂળભૂત માનવ જરૂરિયાતોને પહોંચી વળવાની સમાજની ક્ષમતાએ બિલ્ડિંગ બ્લોકસ સ્થાપિત કર્યા છે જે નાગરિકો અને સમુદાયોને તેમના જીવનની ગુણવત્તા વધારવા અને ટકાવી રાખવા અને વ્યક્તિઓ માટે તેમની સંપૂર્ણ ક્ષમતાઓ સુધી પહોંચવાની સ્થિતિનું નિર્માણ કરવાની મંજૂરી આપે છે.

સામાજિક પ્રગતિના સૂચકાંકમાં ૧૨ ભાગ હોય છે અને તેમાં ૬૦ સૂચકાંક હોય છે. સામાજિક પ્રગતિને સ્પર્શ કરતા મુખ્યત્વે ત્રણ વિભાગોમાંથી આ સૂચકાંકો તૈયાર થાય છે. આ ત્રણ વિભાગો છે :

૧. પાયાની માનવીય જરૂરિયાતો (basic human needs)

૨. પ્રસન્ન જીવનના પાયા (foundation of well-being)

૩. વિકાસની તકો (opportunities)

આ સૂચકાંકોના આધારે વિશ્વના દેશોના સામાજિક પ્રગતિના સ્તર પ્રમાણે એમને સ્કોર આપવામાં આવે છે અને એ સ્કોરના આધારે ક્રમ (Rank) આપવામાં આવે છે.

સામાજિક પ્રગતિ વિષયક સરખામણીદાયક હેવાલ ૨૦૧૩-૨૦૨૩ના વર્ષ દરમ્યાન ૧૭૦ દેશોએ ભાગ લીધો હતો. છેલ્લા દશકામાં સામાજિક પ્રગતિનો હેવાલ "Recession" (મંદી) દર્શાવે છે કારણ કે ૧૭૦માંથી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ફક્ત ૩૨ દેશોએ કંઈક ખરી પ્રગતિ પ્રાપ્ત કરી છે. ૬૦ દેશોએ પ્રગતિમાં ઘટાડો અને ૭૨ દેશોમાં તો છેલ્લા દશકામાં સ્થગિતતા કે ઘટાડો કર્યો છે. અત્યારે વિશ્વમાં પાંચમાંથી ચાર લોકો એ સ્થગિત કે ઘટેલા સામાજિક પ્રગતિવાળા દેશમાં રહે છે. વિશ્વમાં સામાજિક પ્રગતિ Regress થઈ છે કે Recessionary થઈ છે કારણ કે ૨૦૧૧-૧૨માં સામાજિક પ્રગતિ સ્કોર - ૫૮.૩૪ હતો તે વધીને ૨૦૨૨માં ૬૩.૭૩ થયો અને ૨૦૨૨માં તે ઘટીને ૬૩.૪૪ થયો. (જોકે આ ઘટાડો ''કોરોના''ને ધ્યાનમાં લઈએ તો ચિંતાજનક ન ગણાય.) સામાજિક પ્રગતિનો હેવાલ દરેક દેશને પ્રાપ્ત થયેલા સ્કોર અને રેન્ક પ્રમાણે ૬ કેટેગરીમાં વહેંચી નાંખે છે જેમ કે ટાયર-૧માં ૨૦ દેશ જેમાં ડેનમાર્ક, નાર્વે, ફિનલેન્ડ-૧,૨,૩ ક્રમમાં છે. બીજા ટાયરમાં ૨૧થી ૫૭ દેશ જેમાં અમેરિકા ૨૦મા ક્રમે તથા ઇંગ્લેન્ડ ૨૧મા ક્રમે છે. ઇઝરાયેલ જેવો દેશ ૨૬મો ક્રમ પ્રાપ્ત કરે છે.

ત્રીજા ટાયરમાં ૫૮થી ૯૪ દેશ આવે છે જેમાં રશિયા (૭૬), યુક્રેન (૫૮) તથા ભારત ૧૧૧મા ક્રમે ૫૮.૦૮ સ્કોર પ્રાપ્ત કરે છે.

ચોથા ટાયરમાં ૧૧૪થી ૧૨૪ દેશોમાં બાંગ્લાદેશ (૧૨૧), પાકિસ્તાન (૧૩૪) અને મોઝામ્બિક (૧૪૫) ક્રમે છે. પાંચમા ટાયરમાં ૧૨૫-૧૫૯ દેશો છે જેમાં મોટાભાગના આફ્રિકા બ્લોકના યુગાન્ડા, ઈથોપિયા જેવા દેશો છે અને છઠ્ઠા ટાયરમાં ૧૬૦-૧૭૦ જેમાં સુદાન જેવા અત્યંત ગરીબ દેશોનો સમાવેશ થાય છે. સુદાનનો સ્કોર ૧૭૦માં સૌથી નીચેના ક્રમે ૨૫.૩૦નો દર્શાવે છે.

વિશ્વનો ક્રમ સમગ્ર વિશ્વના દેશોની સરેરાશ (Average) ના આધારે નક્કી કરીએ તો ૬૩.૪૪ સ્કોરના આધારે ૯૮/૧૭૦ના નંબરના ક્રમ પર આવે છે. આમ, વિશ્વમાં સામાજિક પ્રગતિ સંતોષકારક ન ગણાય કારણ કે એની પ્રગતિ ગયાના અને ગાઝાની કક્ષાની છે.

સામાજિક પ્રગતિનો હેવાલ મોટેભાગે બિન-આર્થિક (Non-economic) ડેટા પર આધારિત છે. વિશ્વના આર્થિક વિકાસમાં આ સામાજિક પ્રગતિ નબળી ગણાય કારણ કે વિશ્વભરના દેશોનો અભ્યાસ દર્શાવે છે કે તે પ્રમાણે વિકસેલા દેશો પણ સામાજિક પ્રગતિના વિકાસમાં સફળ થયા નથી. કદાચ એ એમની પ્રાથમિકતા નથી. સામાન્ય રીતે સામાજિક પ્રગતિના સંચાલકો જેવા કે આરોગ્ય, અધિકારો, અભિપ્રાયો તથા માહિતી અને સંદેશા જેવાં ક્ષેત્રોમાં ભારે નબળાઈ દર્શાવે છે.

ભારતમાં આપણે આપણો 'સોશિયલ પ્રોસેસ' ઇન્ડેક્સ બનાવેલો છે. ૨૦૨૨માં વડાપ્રધાનની આર્થિક સલાહકાર કાઉન્સિલે વિશ્વ માટે તૈયાર કરતી એ જ Institute of Competitiveness and Social Progtressive Imperatives દ્વારા રાજ્યો અને જિલ્લા કક્ષાએ સામાજિક પ્રગતિનો સર્વે કરતો હેવાલ તૈયાર કરાવેલો જે ૨૦૨૨માં જ પ્રસિદ્ધ થયો હતો. સામાજિક પ્રગતિના માપકોને સર્વાંગી રીતે રાજ્યો અને જિલ્લાઓની માહિતી (Data)ના આધારે 'સામાજિક પ્રગતિ'નો ઇન્ડેક્સ તૈયાર કરેલો છે. વિશ્વકક્ષાએ કરેલ સામાજિક પ્રગતિની પદ્ધતિ (Method) પ્રમાણે જ આ અભ્યાસ થયો છે. સામાજિક પ્રગતિના પાયાનાં ત્રણ પરિમાણો (Dimensions), જે આગળ જણાવ્યા પ્રમાણે -

○ માનવીની પાયાની લઘુતમ જરૂરિયાતો (basic human needs) ○ પ્રસન્ન જીવન Foundation of welbeing) ○ અવસરો (opportunities) સહિત ૧૨ વિભાગોમાં વિસ્તરેલી વિગતોનો ઉપયોગ થયો છે. જે પ્રમાણમાં માહિતી પ્રાપ્ત થઈ છે તે મુજબ રાજ્યકક્ષાના અભ્યાસમાં ૮૯ સૂચકાંકો અને જિલ્લાકક્ષાએ ૪૯ સૂચકાંકોનો ઉપયોગ થયો છે :

૧. પાયાની લઘુતમ જરૂરિયાતેમાં ન્યુટ્રીશન, પાયાની આરોગ્ય સગવડો, પાણી, સ્વચ્છતા (sanitation) અને રહેઠાણનો સમાવેશ થાય છે.

૨. વેલ-બેઈંગના પાયામાં માહિતી, સંદેશા (Communication), આરોગ્યનું સ્તર તથા પર્યાવરણની ગુણવત્તા પર ધ્યાન અપાયું છે.

૩. અવસરો / તકો (Opportunities), વ્યક્તિગત અધિકારો (Personal Rights), સ્વતંત્રતા અને પસંદગી, સમાવેશીયતા અને આધુનિક શિક્ષણની સગવડો વગેરેનો સમાવેશ થયો છે.

રાજ્યો અને જિલ્લાઓ સામાજિક પ્રગતિના સૂચકાંકો પ્રમાણે જે સ્કોર અને ક્રમ (Rank) પ્રાપ્ત કર્યા હોય તે પ્રમાણે ૬ કેટેગેરી (tries) માં તેની રજૂઆત કરવામાં આવી છે. આ વિષયક વધુ વિગતોમાં ન જતાં નિરીક્ષણો અને તેમાંથી નિપજતા મુખ્ય સૂચિતાર્થોની જ નોંધ લઈશું. રાજ્યોની સામાજિક પ્રગતિના સૂચકાંકો પ્રમાણે :

૧. અત્યંત ઉચ્ચતમ સામાજિક પ્રગતિમાં નવ રાજ્યો/કેન્દ્ર આવે છે જેમાં પોન્ડિચેરી (૬૫.૯૯) પ્રથમ ક્રમે, લક્ષદ્વીપ (૬૫.૮૯) બીજા ક્રમે અને ગોવા (૬૫.૫૩) ત્રીજા ક્રમે આવે છે. મોટાં રોજ્યોમાં તામિલનાડુ અને કેરાલા ૬ઠ્ઠા અને ૯મા ક્રમે આવે છે. ગુજરાત-મહરાષ્ટ્ર અને રાજસ્થાન ૫૩.૮૧થી ૫૦.૬૯ સ્કોર સાથે અનુક્રમે ૨૨, ૨૯ અને ૩૦મા નંબરે છે. ઉત્તર પ્રદેશ (૩૧ ક્રમે), ઓડિસા (૩૨) અને મધ્યપ્રદેશ ૩૩મા ક્રમે આવે છે, જેના સ્કોરની રેન્જ ૪૯.૧૬થી ૪૮.૧૧ છે. સૌથી નીચો સામાજિક પ્રગતિનો સ્કોર આસામ, બિહાર અને ઝારખંડ પ્રાપ્ત કરે છે જેઓ ૪૪.૯૨, ૪૪.૬૭ અને ૪૩.૯૫ના સ્કોરથી અનુક્રમે ૩૪, ૩૫ અને ૩૬મા ક્રમે છે.

જિલ્લાકક્ષાએ એઝવાલ Aizawl (મિઝોરમ), સોલન (હિમાચલ પ્રદેશ) અને સિમલા (હિમાચલ પ્રદેશ) આ ત્રણે જિલ્લાઓ સામાજિક પ્રગતિમાં ઉત્તમ દેખાવ કરતા નોંધાયા છે.

સમાપનમાં એમ નોંધી શકાય કે સામાજિક પ્રગતિનું ઇન્ડેક્સ વિશ્વ અને ભારત બંનેમાં પ્રમાણમાં નબળી પ્રગતિ બતાવે છે. વિશ્વમાં જેમ ઓછી આવક, ઓછી જીએનપી ધરાવતા નાના દેશો સારી સામાજિક પ્રગતિ બતાવે છે તેમ આપણા દેશમાં પણ પ્રમાણમાં નાનાં રાજ્યો અને ઓછી આવકવાળાં રાજ્યો અને જિલ્લા સારો દેખાવ કરે છે. બંને કક્ષાએ ગરીબ દેશો સામાજિક પ્રગતિમાં ઘણા પાછળ છે. મૂળ તો સૂચકાંકો દર્શાવ્યા છે એમાં ધરખમ પ્રગતિ ત્યારે થાય જ્યારે વિશ્વ અને ભારતમાં સામાજિક પ્રગતિને પ્રાથમિકતા મળે.

ગુ.ગાર્ડિયન ૮-૪-૨૦૨૫ **- દિલીપ શાહ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# મૂલ્યનિષ્ઠ વ્યક્તિ : બિરાદર જશવંતસિંહ ચૌહાણ



**શ્રી** જશવંતસિંહનો જન્મ બનાસકાંઠાના બામણવા ગામમાં ૨૩-૮-૧૯૪૫ના રોજ થયો હતો. તા. ૧૨-૩-૨૦૨૫ના રોજ વડોદરામાં તેમનું અવસાન થયું. વતનમાં મેટ્રિક સુધીનો અભ્યાસ પતાવી પિલવાઈ કૉલેજમાં જુનિયર બી.એસ.સી. સુધી અભ્યાસ કરીને ભણવાનું છોડી દીધું.

યુવાવયે મહાગુજરાત ચળવળમાં ભાગ લીધો. ૧૯૬૧માં 'સમાજવાદી યુવાજન' સાથે જોડાયા પછી તેમના જીવનની યાત્રા રાજકારણના પથ પર શરૂ થઈ ગઈ. સમાજવાદી પાર્ટીમાં વધુ સક્રિય થયા. વડોદરામાં સ્થાયી થયા.

વર્ષ ૧૯૭૫માં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કૉંગ્રેસના મોટા નેતા નાનાલાલ ચોક્સી સામે જનતા મોરચા તરફથી ચૂંટણી લડ્યા અને જીત્યા. તેઓ સૌથી યુવા વયના કોર્પોરેટર હતા.

કટોકટી કાળમાં તેમણે બરોડા ડાયનામાઈટ કેસમાં જેલવાસ ભોગવ્યો. તેઓ પહેલાં વડોદરા જેલમાં હતા પછી દિલ્હીની તિહાર જેલમાં રેલવે દ્વારા તેમને લઈ જવાતા હતા ત્યારે પૂ. રવિશંકર મહારાજ તેમજ હજારોની મેદની વિદાય આપવા સ્ટેશન પર હાજર રહી હતી. આ કેસમાં જ્યોર્જ ફર્નાન્ડીઝ, મોતીલાલ કનોજીયા, વિક્રમરાવ, કિરીટ ભટ્ટ પણ જેલમાં ગયા હતા. વર્ષ ૧૯૭૭માં જનતા પાર્ટી સત્તા પર આવતાં સરકારે આ બધા મિત્રોને મુક્ત કર્યા.

જનતા પાર્ટીમાં મતભેદો થતાં તેમણે પાર્ટીમાંથી રાજીનામું આપ્યું. જનતા પાર્ટીમાંથી ચૂંટણી લડી કોર્પોરેટર બન્યા હતા માટે મૂલ્યો જાળવવા તે પદેથી મુક્ત થયા. આવી તેમની નિષ્ઠા હતી. જશવંતસિંહે મધુ દંડવતેનાં પિતરાઈ વિજયાબહેન સાથે લગ્ન કર્યાં હતાં. વિજયાબહેન ઇચ્છતાં હતાં કે જશવંતસિંહ મુંબઈમાં સ્થાયી થાય. પણ જશવંતસિંહ વડોદરા છોડવા તૈયાર ન હતા. આના કારણે થોડા સમયમાં લગ્ન વિચ્છેદ થયા. ત્યારબાદ જશવંતસિંહનાં લગ્ન ૧૯૮૦ આર્કિટેક્ટ બહેન રુદ્રા સાથે થયાં.

જશવંતસિંહ વિવિધ મજદૂર સંગઠનો સાથે સંકળાયેલા રહ્યા, જેમાં હિંદ મજદૂર સંઘ, કેમિકલ મજદૂર સભા, ઈલેક્ટ્રીક મજદૂર સભા, એમ.એસ. યુનિવર્સિટી મજદૂર સભા, ઓ.એન.જી.સી. યુનિયન વગેરેનો સમાવેશ કરી શકાય.

જશવંતસિંહ નાટ્યશાસ્ત્રના સ્નાતક હતા. તે વિષયમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ચૂક્યા હતા. તેઓ ચં.ચી.મહેતાના બહુ માનીતા વિદ્યાર્થી હતા. ચં.ચી.મહેતા ઇચ્છતા હતા કે જશવંતસિંહ રાજકારણ છોડી નાટ્યક્ષેત્રે કારકિર્દી ઘડે. પણ તેમ ન થયું. પરંતુ વિવિધ નાટ્ય સંસ્થાઓ સાથે જોડાયેલા રહ્યા.

તેમના કેટલાક ગુણો માટે તેઓ હંમેશાં યાદ રહેશે. ૦ અભ્યાસુ ૦ ભાષાપ્રેમી ૦ સ્પષ્ટ વાત કરવાવાળા જેના કારણે ક્યારેક આકરા પણ લાગે ૦ અન્યના કામને પોતીકું ગણીને મદદ કરવાની ભાવનાવાળા ૦ કામદારો માટે કેવું શિક્ષણ હોવું જોઈએ તેની સ્પષ્ટ સમજ ધરાવનારા – પરિવર્તન લાવે તેવું શિક્ષણ હોવું જોઈએ ૦ સ્પષ્ટવક્તા હતા. આવા આવા ગુણોના તેઓ ધની હતા.

## ■ મારા અંગત જીવન અને જાહેર જીવનમાં તેમનો ફાળો

❍ મેં સાથીમિત્રો સાથે ૧૯૮૭–૮૮માં વ્યાવસાયિક સ્વાસ્થ્ય સુરક્ષા મંડળની રચના કરી. અમે ભાલચંદ્રભાઈ ત્રિવેદી (ટ્રેડ યુનિયનના આગેવાન)ની ઓફિસમાં દર શનિવારે મળતા હતા. જશવંતસિંહ, મહેન્દ્ર જાની, સોલાપુરકર વગેરે મિત્રો મળતા હતા. ક્યારેક નાના મોટા કાર્યક્રમો કરતા હતા. ત્યારે હું કરમસદથી નંદેસરી અપડાઉન કરતો હતો. શનિવારે રાત્રે મોડા ઘેર પાછા જવાની મુશ્કેલી પડે તેમ લાગે ત્યારે જશવંતસિંહના ઘરે રોકાતો અને જમી લેતો હતો.

❍ નિરંજન સાથે મારે લગ્ન કરવાં કે નહીં તેનો નિર્ણય લેવામાં તેમનું માર્ગદર્શન મને કામ આવ્યું હતું. અમને બંનેને એક સારી રેસ્ટોરામાં જમવા પણ લઈ ગયા હતા. તે જ દિવસે અમે લગ્ન કરવાનો નિર્ણય કર્યો હતો.

❍ 'હેમા કેમિકલ'નો એક કામદાર કિરણ ચૌહાણ ક્રોમિયમની ઝેરી અસરનો ભોગ બન્યો. હાલોલ પાસેના એક અંતરિયાળ નાના ગામમાં રહે. તેને મળવા હું જઈ આવ્યો. તેના પગની હાલત ખૂબ જ ખરાબ હતી. ચાલવાનું મુશ્કેલ હતું, તેને સારવાર માટે વડોદરા લાવવો ખૂબ જરૂરી હતું. જશવંતસિંહે ડ્રાઈવર સાથે ગાડીની સગવડ કરી આપી હતી.

## ■ છેલ્લાં વરસોની તેમની માંદગી

❍ મુંબઈ જઈને મગજમાંની ગાંઠનું જોખમી ઓપરેશન ડર રાખ્યા વગર કરાવ્યું.

❍ હૃદયરોગની તકલીફ થતાં સર્જરી કરાવી.

❍ કિડની ખરાબ થતાં અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ કરાવતા હતા.

રાજકારણમાં રહીને પણ મૂલ્યો સાથે સમાધાન ન કરનાર આ યોદ્ધાએ ૧૨ માર્ચ, ૨૦૨૫ના દિવસે અંતિમ શ્વાસ લીધો.

(મૂળ લેખ સારવીને ટૂંકાવીને)

મો.: ૯૪૨૬૪૮૯૮૫૫ – જગદીશ પટેલ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## ■ Book - Spirituality And Social Action. (A Holistic Approach) - Vimala Thakar

આ અંગ્રેજી પુસ્તક પ્રથમ ૧૯૮૪માં 'Vimal Programs California' દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું. વિમલાજીએ વર્ષ ૧૯૮૩માં Barkely - California માં સામાજિક કાર્યકરો સમક્ષ આપેલાં પ્રવચનો આ પુસ્તકમાં સમાવવામાં આવ્યાં હતાં.

આ પુસ્તક અપ્રાપ્ય થતાં વર્ષ ૨૦૧૮માં Vimal Prakashan Trust દ્વારા તે પુસ્તકની Second Edition છાપવામાં આવી હતી.

## ■ પુસ્તકો મોડેથી હાથમાં આવ્યાનો રંજ

મિત્ર સંજય ભાવસાર (તુલા-સંજય) લખે છે : ''કોરોનાકાળમાં સામાન્ય કરતાં ઘણું બધું વાંચવાનું થયું. એ દરમ્યાન બે પુસ્તકોમાંથી પસાર થવાનું થયું જે વાંચીને આ પુસ્તકો આટલાં બધાં મોડેથી હાથમાં આવ્યાનો રંજ અનુભવ્યો ! આ પુસ્તકો હતાં -


❍ Spirituality and Social Action

❍ ब्रह्मविद्या - मंदिर (एक अभिनव दर्शन - विनोबा)

''આ બંને પુસ્તકોમાંથી પસાર થતી વેળાએ મને મારા સ્વને, મારા સમાજના કામને અને મારા સમષ્ટિ સાથેના સંબંધને ઊંડાણથી અને સાવ નવેસરથી તપાસવાનો અવસર મળ્યો અને હું આ બંને પુસ્તકોને માથે લઈને નાચ્યો....

'' 'ગમતાનો કરીએ ગુલાલ', એ ભાવથી શ્રદ્ધેય વિમલાજીનું પુસ્તક ગુજરાતીમાં ઉપલબ્ધ થાય એવો સંકલ્પ થયો !''

શ્રી નિરંજનભાઈ શાહે અંગ્રેજી પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કર્યો અને યજ્ઞ પ્રકાશન સમિતિએ તેને પ્રકાશિત કર્યું છે.




**સમાજકર્મમાં અધ્યાત્મ : એક સર્વાંગી અભિગમ**
- વિમલા ઠકાર
ભાવાનુવાદ: નિરંજન શાહ
પૃષ્ઠ : ૨૫૨
કિંમત : રૂા. ૧૮૦
પ્રાપ્તિસ્થાન : યજ્ઞ પ્રકાશન
ભૂમિપુત્ર, હુજરાતપાગા,
વડોદરા - ૩૯૦ ૦૦૧.
ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭

# સમાજકર્મમાં અધ્યાત્મ : એક સર્વાંગી અભિગમ

પ્રકાશકીય નોંધમાં પારુલ દાંડીકરે લખ્યું - વિશ્વગ્રામના સંજયભાઈના સૂચનથી યજ્ઞ પ્રકાશને વિનોબાજીની કશ્મીર યાત્રા વખતનાં પ્રવચનોનું પુસ્તક 'મહોબતનો પયગામ' વર્ષ ૨૦૨૧માં પ્રકાશિત કર્યું હતું. પૂ. વિમલાતાઈ અધ્યાત્મ દ્વારા વ્યક્તિ-પરિવર્તન અને સમાજ-પરિવર્તનના માર્ગે ચાલવાનું કહી ગયાં છે. એમના આ વિચારના હાર્દ-સ્વરૂપ પુસ્તક 'સમાજ-કર્મમાં અધ્યાત્મ' પણ સંજયભાઈના સૂચન-સહયોગથી યજ્ઞ પ્રકાશન પ્રગટ કરી રહ્યું છે.

## ■ વિમલા તાઈનું પુસ્તક 'સાધક અને સાધના'

એપ્રિલ ૧૯૮૦માં રાજસ્થાન - મધ્ય પ્રદેશના સર્વોદય કાર્યકરો સમક્ષ કાર્યકર મટીને સાધક કેવી રીતે બનાય તેની છણાવટ કરતાં કેટલાંક પ્રવચનો શ્રી વિમલાતાઈએ આપ્યાં હતાં.

આ પ્રવચનો પર મારી નજર પડી હતી. શ્રી સુરેશભાઈ પરીખ નાની નાની પુસ્તિકાઓનું પ્રકાશન કરતા હતા. મારા આગ્રહપૂર્વકના સૂચનને માન આપીને વર્ષ ૧૯૮૬માં ક્રેસ્ટ એસોસિએટ્સે પુસ્તિકા 'સાધક અને સાધના' પ્રકાશિત કરી હતી. આમ તો કોલેજકાળથી જ તાઈનાં અંગ્રેજી પુસ્તકો વાંચવાનો આનંદ માણ્યો હતો.

'સાધક અને સાધના' પુસ્તક પર નજર નાંખતાં તેમાંનું કેટલુંક અહીં નોંધવાનું મન થાય છે.

❍ કાર્યકર્તા મટો અને જીવનસાધક બનો એમ શા માટે કહેવાયું ? કાર્યકર્તા બનવામાં (સામાન્ય રીતે) સાધકની ભૂમિકા રહેતી નથી.

❍ પોતાના કાર્યની કદર ન થાય, સ્વીકાર ન થાય તો તુર્ત જ કાર્યકર્તાના ચિત્તમાં પ્રતિક્રિયા ઊઠશે કે સામેથી પ્રતિસાદ ન મળ્યો. કામની કદર ન થઈ. જ્યારે સાધકના જીવનમાં વૈજ્ઞાનિક મૂલ્યાંકન રહેશે કે પ્રતિસાદ ન ઊઠ્યો તેમાં મારા તરફથી તો કોઈ ભૂલ નથી થઈને. હતાશા, નિરાશા કે યશ-અપયશનું મૂલ્યાંકન સાધકના જીવનમાં ન હોય. કાર્યકર્તાના જીવનમાં સમાજનું મૂલ્યાંકન થતું રહે છે. કાર્યકર્તા માટે વિષાદ, સફળતા, નિષ્ફળતા વગેરેનું મૂલ્યાંકન જીવન બહાર હોય છે. સાધક માટે એ બધું જીવનની અંદર હોય છે. સાધકના જીવનમાં કર્મ કરતી વખતે ધન્યતાની ભાવના એટલી બધી હોય છે કે હતાશા કે નિરાશા ત્યાં ટકી શકતી નથી.

વળી પોતાની જીવનશુદ્ધિ માટે સાધક જીવે





સત્ય રંજન ધર્માધિકારી

છે એટલે મેં આટલું કર્યું, આટલા સમય-શકિત આપ્યાં, એવી ભ્રાંતિ ચિત્તમાં ઊઠતી નથી. ચિત્ત પર એવો બોજ નથી રહેતો કે હું આ કરી રહ્યો છું. કર્તાભાવ કે ભોક્તાભાવનો બોજ નથી રહેતો.... આત્માનું સંધાન રાખીને જે જે કામ કરવામાં આવે છે તેમાં કેવળ જીવન જીવવાનો આનંદ જ હોય છે.

❍ ગાંધીજી એવા મહાન જીવનસાધક હતા કે જેમના જીવનમાંથી સાધક અને કાર્યકર બંને પ્રેરણા પામી શકે છે.

❍ સામજસેવા કરતી વખતે અધ્યાત્મનું અધિષ્ઠાન રહે. કાર્ય કરતી વખતે સાધકભાવ રહે. સમાજમાં ક્રાંતિની વાત કરતાં પહેલાં પોતાના જીવનમાં ક્રાંતિ લાવવાનું ચાલવું જોઈએ.

❍ અધ્યાત્મ માનવને માનવઅભિમુખ બનાવે છે. માનવ-વિમુખતામાં અધ્યાત્મ નથી. અધ્યાત્મ માનવથી અલગ હોઈ ન શકે. અને એવું અધ્યાત્મ હોય તો એ અમારે નથી જોઈતું.

## ■ પૂજ્ય તાઈના જન્મ દિવસે 'સમાજકર્મમાં અધ્યાત્મ' પુસ્તકનો લોકાર્પણ કાર્યક્રમ વિશ્વગ્રામમાં

લોકાર્પણ કાર્યક્રમમાં શ્રી સત્ય રંજન ધર્માધિકારી (પૂર્વ ન્યાયમૂર્તિ - મુંબઈ હાઈકોર્ટ), પ્રકાશભાઈ ન. શાહ (લેખક પત્રકાર - કર્મશીલ),



સોનિયાબહેન ગોકાણી

પુસ્તક તૈયાર કરનાર શ્રી નિરંજનભાઈ શાહ, યજ્ઞ પ્રકાશનનાં પારુલબહેન, સોનિયાબહેન ગોકાણી (નિવૃત્ત હાઈકોર્ટ જજ), વિભાબહેન દેસાઈ, મિહિરભાઈ જોષી, મુનિભાઈ દવે, ડંકેશભાઈ ઓઝા તેમજ તાઈનો ચાહક વર્ગ ઉપસ્થિત રહ્યાં હતાં.

પુસ્તક ૪ ભાગોમાં વહેંચાયેલું છે :

❍ ભાગ-૧ - સમગ્રતાની શોધ

અધ્યાત્મ એક બીજ છે. સમાજકર્મનું વૃક્ષ તેમાંથી જન્મે છે.

❍ ભાગ-૨ - સમગ્રતામાં વિશ્વાસ

આધુનિક સમાજના પોતને વણનારા આપણે જ છીએ. આપણે એમાં પ્રેમ, સત્ય અને શાંતિ ગૂંથી શકીએ, અથવા એમાં નફરત, અવિશ્વાસ અને યુદ્ધને વણી શકીએ. આપણે જે પોત વણીએ એને જ આપણે પહેરવું પડશે.

❍ ભાગ-૩ - સમગ્રતાનો વિનિયોગ

જીવન આપણે જન્મ્યા એ પહેલાં ક્યારનું સર્જાઈ ચૂક્યું હતું અને આપણે જઈશું પછી પણ લાંબા ગાળા સુધી રહેશે. એ દૈવી અને પવિત્ર છે. આપણામાંના કોઈને પ્રકૃતિનું, જીવસૃષ્ટિનું કે અન્ય માનવબંધુઓનું શોષણ કરવાનો નૈતિક અધિકાર નથી.

❍ ભાગ-૪ - સમગ્રતામાં જીવન

એક વૈશ્વિક માનવકુટુંબ તરીકે આપણે આપણાં સંસાધનોને એકત્રિત કરવાં જોઈએ. ખભેખભા મિલાવીને ભૂખમરો, અન્યાય, શોષણને નિર્મૂળ કરવા માટે કામ કરવું જોઈએ અને હાથમાં હાથ મિલાવીને પ્રેમપૂર્ણ, અહિંસક વૈશ્વિક સમાજની રચના તરફ પ્રયાણ કરવું જોઈએ.

## ■ વિમલા ઠકાર (જીવનકાળ : ૧૫ એપ્રિલ ૧૯૨૧થી ૧૧ માર્ચ ૨૦૦૯)

પુસ્તકના અંતમાં તાઈનો ટૂંકો પરિચય આપવામાં આવ્યો છે.

રામનવમીને દિવસે બિલાસપુર શહેરમાં જન્મ થયો. ૦ દાદા ધર્માધિકારી ૦ તુકડોજી મહારાજ ૦ સ્વામી સીતારામ દાસ ૦ મા આનંદમયી ૦ વિનોબા ૦ સાને ગુરુજી ૦ જયપ્રકાશ નારાયણ આ બધાં એમના કુટુંબની બહુ નજીકનાં હતાં. વિમલાજી ૦ સંત જ્ઞાનેશ્વર ૦ રામકૃષ્ણ પરમહંસ ૦ સ્વામી વિવેકાનંદ ૦ રમણ મહર્ષિ અને રામતીર્થથી ખૂબ પ્રેરિત થયાં હતાં.

વિમલાજીએ વર્ષ ૧૯૫૧માં અભ્યાસ પૂરો થયા બાદ યુવા વૈશ્વિક સંમેલનમાં ચેર પર્સન તરીકે હાજરી આપી હતી. પાછા આવ્યા પછી વિનોબાજીની ભૂદાનયાત્રામાં તેમજ આંદોલનમાં જોડાયાં હતાં. ૧૦ વર્ષ તેમાં વિતાવ્યા બાદ, ૧૯૬૩માં માઉન્ટ આબુ તેમજ ડેલ હાઉસીમાં કાયમી રહેઠાણ બનાવ્યું પણ પરદેશમાં વિવિધ સ્થળોએ તેમનાં પ્રવચનોનો દોર ૧૯૯૧ સુધી ચાલ્યો.

વિમલાજીનાં પ્રવચનોમાંથી વિવિધ ભાષાઓમાં આશરે ૩૦૦ જેટલાં પુસ્તકો છપાયાં છે. ૧૧મી માર્ચ ૨૦૦૯ના રોજ પૂર્ણિમાના દિવસે આબુમાં દેહ ત્યાગ્યો અને પરલોકમાં સિધાવ્યાં.

## ■ 'સમાજકર્મમાં અધ્યાત્મ' પુસ્તકમાંથી થોડું આચમન

આ પુસ્તક વાંચન માટેનું કોઈ Fast Food જેવું નથી. પૂ.તાઈના મધુર મુખેથી આ શબ્દો ભલે ૧૯૮૩માં વાતાવરણમાં ફેલાયા હોય પણ તેમાં રહેલી ઊર્જા આજ સુધી સક્રિય છે. આ શબ્દોની કોઈ એક્સપાયરી ડેટ નથી. જે મિત્રો સમાજપરિવર્તનના પથ પર ડગ માંડી ચૂક્યા છે તેમણે પુસ્તકના દરેક પાનનું પારાયણ કરવા જેવું છે. તાઈએ જ્યારે આ પ્રવચનો અમેરિકામાં આપ્યાં હતાં ત્યારે તેઓ ૬૨ વર્ષની આસપાસનાં હશે. આત્મદર્શન અને વિશ્વદર્શન પામી ચૂક્યાં હતાં. તાઈ ઘણી વાર કહેતાં હતાં 'અધ્યાત્મમાં કોઈ શબ્દ આખરી નથી,' પરંતુ તેમની વાણી પૂર્ણતાના દર્શન પછીની અનુભવયુક્ત વાણી હતી.

સમગ્રતાની શોધ, સમગ્રતામાં વિશ્વાસ અને સમગ્રતાનો વિનિયોગ - Discovering Wholeness, Trusting Wholeness, Activating Wholeness અને છેલ્લે living in wholeness એ આ પુસ્તકનો રોડ મેપ છે. આ પથ પરના કેટલાક દિશાસૂચકો પર નજર નાંખીએ.

❍ આજે ભૂતકાળની નિષ્ફળતાઓ આપણા અસ્તિત્વ માટે ભયજનક સાબિત થતી હોય અને ભવિષ્યની ચિંતા માથા પર ઝળૂંબી રહી હોય ત્યારે વિભાજિત કે ખંડિત દર્શનની જોખમી રમત આપણને ઘડીભર જરા પણ પાલવે નહીં. સમગ્રતા અને અખંડતામાં આપણે સૌ એકસમાન અને સંલગ્ન છીએ, એ વાસ્તવિકતામાંથી આપણે છટકી શકીએ નહીં.

❍ વિજ્ઞાન અને ટેકનોલોજીએ આપણને સૌને અરસપરસ ઘનિષ્ઠ રીતે સાંકળ્યા છે. આપણે સાચે જ એક વૈશ્વિક માનવકુટુંબ છીએ છતાં હિંસા અને શોષણ વિના શાંતિથી એક કુટુંબ તરીકે જીવતાં આપણે શીખ્યા નથી. એકબીજાનો આધાર મળી રહે છતાં કોઈનું સ્વાતંત્ર્ય છીનવાય નહીં તેવા સહકારમય જીવનની રીત આપણે હજુ જાણતા નથી.

❍ જો આપણે હિંસાને આપણા હૃદયમાં સ્થાન આપીશું તો આપણે યુદ્ધખોરોને સાથ આપ્યો ગણાશે, આપણે હિંસાના સહયોગી બનીશું. આપણે આંતરમનમાં ઊંડે સુધી ઊતરીને શોધવું પડશે કે ચોપાસ ફેલાતા લોહિયાળ સંઘર્ષોનાં મૂળ ક્યાં છે?

❍ ગાંધી માનવતાના પક્ષધર હતા, એક વિશ્વ નાગરિક અને વૈશ્વિક કુટુંબના સભ્ય હતા. એ સમગ્ર માનવજાતના હતા. એમનામાં (પ્રભુ પરની) શ્રદ્ધા હતી, તેમજ સૃષ્ટિને સુપેરે ચલાવનાર શક્તિ પર વિશ્વાસ હતો. તેઓ માનતા હતા કે બ્રહ્માંડમાં વ્યાપી રહેલી ઊર્જાઓ એકબીજા સાથે મળીને સંવાદિતા માટે કાર્યરત હોય છે, અંધાધૂંધી કે અરાજકતા ફેલાવવા માટે નહીં.

❍ આપણે જાણી લેવું જોઈએ કે મનના સ્તરના પ્રયત્નોને આધારે જીવનની ગુણવત્તા સુધારવાના

(જુઓ પાન નં. ૧૯)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# માણસને ખસેડીને આપણે રોબોટ્સની ગુલામી કરવા તરફ જઈ રહ્યાં છીએ....

ટેકનોલોજીના યુગમાં વિદ્યાર્થીઓ ૬ થી ૧૨ ધોરણ દરમિયાન જ રોબોટિક્સ એન્જિનિયરિંગ ભણે એ હેતુથી અમદાવાદની સીબીએસઈ અને મ્યુનિસિપલ સ્કૂલોમાં કોર્સ શરૂ થવા જઈ રહ્યા છે. આ વિષય સ્કૂલોમાં પોલિટેકનિકના વિદ્યાર્થીઓ ભણાવશે. નવી શિક્ષણ નીતિ પ્રમાણે વિદ્યાર્થીઓને સ્કિલ બેઝ શિક્ષણ મળે તે હેતુથી ગવર્નમેન્ટ પોલિટેકનિકની ફેકલ્ટીઝ નક્કી કરવામાં આવેલી સ્કૂલોમાં રોબોટિક્સ એન્જિનિયરિંગ ભણાવશે અને કોર્સ પૂરો કરનાર વિદ્યાર્થીને સર્ટિફિકેટ આપશે.

આ કોર્સની જુદા જુદા કલાકોની અવધિ માટે ૩૩૦૦ થી ૬૩૦૦ રૂપિયા સુધીની ફી નક્કી કરવામાં આવી છે. અમદાવાદની મ્યુનિસિપલ સ્કૂલોમાં ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓને આ કોર્સ વિનામૂલ્યે કરાવવામાં આવશે. ગમ્મત એ છે કે અઢી વર્ષ કોરોનાને કારણે પ્રાઈમરી શિક્ષણ પૂરું થયું નથી. માસ પ્રમોશનથી સૌ પાસ થયા છે, લર્નિંગ લોસની ચિંતા નથી અને રોબોટિક્સ એન્જિનિયરિંગ ભણાવવાની વાતો ચાલે છે. છેને કમાલ !

બીજી તરફ નેચરલ ઇન્ટેલિજન્સની સમાંતરે આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ)નો મહિમા વધ્યો છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કોમ્પ્યુટર સાયન્સની એવી શાખા છે કે જે એવાં મશીનોને વિકસિત કરે છે જે માણસની જેમ વિચારી શકે છે અને તેની જેમ કાર્ય કરી શકે છે. જેમ કે અવાજની ઓળખ, સમસ્યાનો ઉકેલ, શીખવું, વિચારવું, આયોજન... વગેરે. આમ તો આ માણસ કે પ્રાણી દ્વારા પ્રગટતી કુદરતી બૌદ્ધિકતાથી અલગ, એવી મશીનો દ્વારા પ્રગટતી બૌદ્ધિકતા છે. એમાં કોમ્પ્યુટર દ્વારા નિયંત્રિત રોબોટ કે સોફ્ટવેરને એવી રીતે વિકસાવવાની વાત છે જે બિલકુલ એ રીતે વિચારી શકે જેમ માનવમગજ વિચારે છે.

ટૂંકમાં, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા એવાં મશીનો વિકસાવાઈ રહ્યાં છે જે પોતાના વાતાવરણની સાથે ઇન્ટરેક્ટકરીને જે ડેટા પ્રાપ્ત થાય છે તેના પર પોતાની બુદ્ધિથી નિર્ણય લે. જો માણસને કોઈ સમસ્યા ઊભી થાય તો તેનો ઉકેલ એઆઈ આપે એમ બને. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ડેવલપ માણસ કરશે અને માણસનું માર્ગદર્શન એઆઈ કરશે. અત્યારે તો એ પ્રારંભિક તબક્કામાં છે, પણ ટેકનોલોજીના જમાનામાં તે માણસથી આગળ નીકળે એમ બને.

Siri વિષે ઘણાં જાણતા હશે. તે એપલ દ્વારા પ્રસ્તુત વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ - આભાસી સહાયક છે. તે મેસેજ મોકલી શકે છે, માહિતી મેળવી આપે છે, ફોન કરી શકે છે, ટાઈમર સેટ કરે છે, કેલેન્ડરમાં ઇવેન્ટ સેવ કરી શકે છે... વગેરે. એક રીતે તો આ વોઈસ એક્ટીવેટેડ કોમ્પ્યુટર છે. આવી જ ડિવાઇસ alexa fu google assitant પણ છે. બીજી પણ ઘણી છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના જનક તરીકે અમેરિકન વૈજ્ઞાનિક જહોન મેકાર્થીનું નામ લેવાય છે, વિશ્વને અને માનવ ઇતિહાસને બદલવામાં એઆઈ ઉપયોગી થશે એમ માનવામાં આવે છે. એઆઈમાં એક મશીનમાં ડેટા સેટને ફીડ કરવામાં આવે છે ને એ એવી સ્વ શિક્ષિત પેટર્ન બનાવે છે, જે માનવબુદ્ધિની જરૂર હોય એવા વિચાર, સમજણ, શિક્ષણ, સમસ્યા નિવારણ... જેવાં કામ કરે.

ભારત એઆઈનો ઉપયોગ આર્થિક વિકાસ, ક્ષેત્રીય પ્રગતિ અને સમાવેશી વિકાસ અર્થે કરવા માંગે છે. એઆઈ વ્યૂહ રચનાઓ, સંશોધન ક્ષમતાઓને મજબૂત બનાવે છે અને વ્યવસાયને અપનાવવા માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે. ૨૦૧૭માં વિવિધ ક્ષેત્રોના વિકાસ માટે એઆઈનો લાભ લેવા નેશનલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી. ૨૦૧૮માં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને લાગુ કરવા પાંચ ક્ષેત્રો નક્કી કરવામાં આવ્યાં. એમાં આરોગ્ય, કૃષિ, શિક્ષણ, સ્માર્ટ શહેરો અને તેનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર્સ, સ્માર્ટ પરિવહનનો સમાવેશ થાય છે. પીએમ - એસટીઆઈએસીનું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આવાં ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ટેકનોલોજી માનવબુદ્ધિને પૂરક બનવા વિકસાવાઈ છે.

આમ જોઈએ તો વિજ્ઞાન માત્ર, માનવસમુદાયને મદદ કરવા જ વિકસ્યું છે. જુદી જુદી ટેકનોલાજીએ માનવવ્યવહાર સરળ અને સાર્થક કરી આપ્યો છે. સરકારે ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ માટે મોટાં બજેટ ફાળવ્યાં છે ને પ્રજાને તેનો લાભ પણ મળ્યો છે. રોબોટિક્સ એન્જિનિયરિંગ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કે ભવિષ્યમાં ખપમાં આવનારી અન્ય ડિવાઇસિસ માનવહિત માટે જ છે, પણ આપણે જાણીએ છીએ કે જેમ ટેકનોલોજીનો ઉપયોગ છે, એમ જ તેનો દુરુપયોગ પણ છે. કોઈ એવી પ્રાઈમરી સ્કૂલની કલ્પના કરીએ જેને શિક્ષણ સમિતિ પરિપત્રો મોકલે છે ને પત્રકોમાં વિગતો માંગે છે. એ સ્કૂલનો આચાર્ય પત્રકોમાં વિગતો ને આંકડાઓ મોકલે છે. બધી સ્કૂલો એમ જ ઓનલાઈન કે મેલથી પત્રકોમાં ડેટા મોકલે છે.

સમિતિ અધ્યક્ષ પછી એ જિલ્લા શિક્ષણાધિકારીને મોકલે છે ને એ જિલ્લાનો ડેટા રાજ્યને મોકલે છે ને રાજ્ય એ વાતે ખુશ થાય છે કે તેનાં પ્રાઈમરીના વિદ્યાર્થીઓ એ ગ્રેડમાં આગળ છે. રાજ્ય આવી વાત ડેટા પરથી નક્કી કરે છે. બધાં આચાર્યોએ પ્રામાણિકતા દાખવી હોય ને સાચો ડેટા મોકલ્યો હોય તો વાંધો જ નથી, પણ અહીં કલ્પ્યો એવો એક આચાર્ય ધારો કે એવું નક્કી કરે કે કોઈ શિક્ષકને વર્ગમાં ભણાવવા મોકલવા જ નથી ને શિક્ષકોને કાલ્પનિક ડેટા તૈયાર કરવા જોતરાય ને એ જ ડેટા આચાર્ય મોકલી આપે ને સમિતિ પણ એ જ આગળ જવા દે તો રાજ્યને સાચું ચિત્ર પહોંચે એમ લાગે છે ?

ડેટા તે શિક્ષણ નથી, પણ સમિતિને કે રાજ્યને તે ડેટા જ જોઈએ છે. સ્કૂલો પણ એ જ આપે છે જે જોઈએ છે ને આમ વર્ગમાં ભણ્યા વગર જ વિદ્યાર્થીઓ ખોટા ડેટા પરથી હોંશિયાર ગણાય એમ બને. શિક્ષણ વિભાગ પણ ઓન પેપર 'ફેક્ટ્સ' એન્ડ ફિંગર્સથી રાજી થાય એમ બને. કહેવાનું તાત્પર્ય એ છે કે આ વર્ગશિક્ષણનું સાચું ચિત્ર નથી. ટેકનોલોજીના ઉપયોગે એ સ્થિતિ સર્જી છે કે કોઈ સાવ ખોટું કરે ને વિગતો મોકલી આપે તો તે સાચું મનાય એવું જોખમ છે. આ ગંભીર બાબત છે.

એટમની શોધ થઈ એમ જ એટમબોમ્બ પણ બન્યો ને તેણે જે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પરિણામો આપ્યાં છે તેની અસરોથી આજે પણ માનવજાત મુક્ત નથી. ટેકનોલોજીએ માણસનો વ્યવહાર વધુ સરળ કરી આપ્યો ને સમય બચાવ્યો એ ખરું, પણ સમયનો વધુ સારો ઉપયોગ કરવાને બદલે માણસ ટેકનોલોજીમાં જ વધુ વ્યસ્ત રહેવા લાગ્યો. મોબાઈલે સંપર્ક સરળ કરી આપ્યો. પણ એમ થતાં ઘરના સભ્યો મોબાઈલમાં જ વધુ બિઝી થઈ ગયા. દુનિયા ઘરમાં આવી ગઈ ને ઘર દુનિયામાં ખોવાઈ ગયું.

જ્યાં સુધી ભારતને લાગે વળગે છે ત્યાં સુધી એ વિચારવા જેવું છે કે આ ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની ભારતને અનિવાર્યતા કેટલી છે ? અહીં ટેકનોલોજીનો કે વિજ્ઞાનનો વિરોધ નથી. વિદેશમાં ખપ છે માટે ભારતમાં પણ તે જરૂરી છે એમ માનીને તો આપણે બધું દાખલ કરી રહ્યાં નથીને તે ગંભીરતાથી વિચારવા જેવું છે. ઉદાહરણ તરીકે એ જોઈએ કે રોબોટિક્સ એન્જિનિયરિંગની અનિવાર્યતા કેમ ઊભી થઈ ? તો એનો જવાબ આ કે ઉદ્યોગો મેન પાવરને ઘટાડવા અને ઓટોમેટિક મશીનોનો ઉપયોગ વધારવા માંગે છે, એમાં રોબોટિક્સ એન્જિનિયરિંગ ઉપયોગી થાય એમ છે.

ધારો કે બધા ઉદ્યોગો એનો ઉપયોગ વધારે છે તો માણસનું કામ મશીનો કરી લેશે ને એટલા માણસો ફાજલ પડશે. આખા દેશમાં અસહ્ય મોંઘવારી વચ્ચે માણસો બેકાર થાય ને કરોડો બેરોજગારોમાં વધારો થાય એ ઇચ્છવા જેવું ખરું ? એક બાજુ સરકાર રોજગારી ઊભી કરવામાં હાંફી જઈ રહી હોય ત્યાં ઉદ્યોગો મશીનો વધારીને માણસોને નવરા પાડે એ કોઈ રીતે ઉપકારક નથી તે સમજી લેવાનું રહે.

આમ તો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો હેતુ માણસની મદદમાં રહેવાનો જ છે, પણ જરા વિચારો કે રોબોટ્સ કે મશીનો માણસની બુદ્ધિ કરતાં વધુ વિચારતાં ને પરફેક્ટ નિર્ણયો લેતાં થાય તો કોઈ માણસનો ભાવ પૂછે એવું લાગે છે ? ક્ષતિરહિત અને ત્વરિત નિર્ણયો અનેક માનવ-કલાકોને વિકલ્પે, રોબોટ્સ કરતાં થાય તો માણસનો કોઈ ઉપયોગ જ ન રહે એમ બને. આવા ઉપયોગી ન રહેલા માણસોથી બેકારી વધશે કે ઘટશે? વધુ વિચારતાં એમ લાગે છે કે મશીનો માણસોને મર્યાદિત કરે તે પહેલાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગ અંગે પુનર્વિચાર થવો જરૂરી છે.

એમ લાગે છે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ માણસની શોધ હોય તો પણ તેની ક્ષમતા બધી રીતે માણસને પાછળ પાડે તેવી છે. મશીનો માણસને ખસેડીને ગોઠવાઈ જાય ને માણસ કોઈ કામનો ન રહે એવું મશીનો કરે તો આઘાત ન લાગવો જોઈએ. કોણ જાણે કેમ પણ સ્વાર્થને કારણે સજીવ માણસ કરતાં આપણને નિર્જીવ મશીનો વધુ ઉપયોગી લાગવા માંડ્યાં છે. આમ પણ પ્રત્યક્ષ શિક્ષણનું સ્થાન ઓનલાઈન શિક્ષણે લેવા જ માંડ્યું છે. અત્યારે પણ ઓનલાઈન ભણાવે તો છે માણસો જ, પણ કાલે એવું બને કે મશીન જ ભણાવે. વર્ગમાં શિક્ષક નહીં, રોબોટ ભણાવે એવા દિવસો હવે દૂર નથી.

જો મશીનો માણસને વિકલ્પે સક્રિય થાય તો બાળકોને ભણાવવાની જરૂર જ કેટલી રહે ? કામ તો મશીનો લાગવાનાં છે, તો માણસોને કે તેનાં બાળકોને ભણાવવાની જરૂર ખરી ? સો બાળકો ભણાવવા તેના કરતાં એક મશીનને ભણાવવું વધારે સહેલું નહીં ? ને એ જ સો માણસનું કામ કરી આપવાનું હોય તો ફેક્ટરીમાં કે અન્ય સંસ્થાઓમાં સો માણસો કરતાં એક મશીન વસાવવું જ વધારે સહેલું ને સસ્તું નહીં ? માણસોનો છેદ મશીનો જ ઉડાડે એવું પૂરું જોખમ છે. માણસો જોઈશે તો ખરા, પણ મશીનો ચલાવવા પૂરતાં જ, પછી તો મશીનો જ વધારાના માણસોને હાંકી કાઢશે. આમાં કોઈને અતિશયોક્તિ લાગે કદાચ, પણ આ સાવ અશક્ય પણ નથી.

જરા વધારે અતિશયોક્તિ કરી જોઈએ ? જો મશીનો જ હાવિ થવાનાં હોય તો થોડી રાહત પણ થાય, જેમ કે ઓફિસો મશીનો સંભાળે, એમ જ જોખમી જગ્યાએ રોબોટ્સ પણ ગોઠવી શકાય. બધા જ દેશો એવું કરી શકે કે બધી સરહદો પર સૈનિકોને બદલે રોબોટ્સ જ ગોઠવી દે. સામસામે રોબોટ્સ લડે. કોઈ સૈનિક શહીદ જ ન થાય. થાય તો રોબોટ્સ થાય. ક્યાંય માણસો હોય જ નહીં કે જનમ-મરણના આંકડાથી ખાનાં ભરવાં પડે. રેલ આવે, ધરતીકંપ થાય, અકસ્માતો થાય, આગ લાગે કે પર્વતો તૂટી પડે, કોઈ માનવહાનિ જ નહીં ! કોઈ વળતર જ આપવાનું નહીં. માણસો જ નહીં, તો મોંઘવારી પણ શું બગાડી શકે ? સાંસદ રોબોટ્સ જ હોય, ચૂંટણી લડે રોબોટ્સ, પ્રચાર કરે રોબોટ્સ, મત આપે રોબોટ્સ, ચૂંટાય રોબોટ્સ, ડોક્ટરો રોબોટ્સ, દર્દીઓ રોબોટ્સ, નો વસતિ, નો વસ્તી ગણતરી, નો કોરોના, નો ડેથ. માણસ જ ન હોય તો કોરોના થાય કોને ? હસવું આવે છેને ! પણ, હસવા જેવું નથી.

(ગુ.દુ.ડે. ૬-૮-૨૦૨૨) **– રવીન્દ્ર પારેખ**

---

## વાંચન થાળ

■ **શ્રીમા આનંદમયી નામસ્થલી,** મા. આનંદમયી માર્ગ, આનંદનગર, ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો.નં. ૯૮૨૪૧ ૬૨૭૫૭

○ દિવ્યગાન : શ્રી રમણે ચૂંટેલા ગીતા શ્લોકો એક અભ્યાસ
- કાર્તિકેય અનુપરામ ભટ્ટ
પૃષ્ઠ-૧૧૨, મૂલ્ય : રૂા.૧૦૦ (પ્રાપ્ત ધનરાશિ
શ્રી મા આનંદમયી આશ્રમ, ભીમપુરામાં જશે)

■ હરિૐ આશ્રમ, જહાંગીરપુરા, રાંદેર, સુરત
મો.નં. ૯૭૨૭૭ ૩૩૪૦૦,
○ પૂજ્ય શ્રી મોટા વિરચિત 'નિમિત્ત' એક અભ્યાસ
- કાર્તિકેય અનુપરામ ભટ્ટ
પૃષ્ઠ-૧૩૪, મૂલ્ય : ૬૦/-
પૂ.મોટાની 'નિમિત્ત' વાક્ય રચનાની સમજ આપતું આ પુસ્તક છે.

■ પ્રો. ભરતસિંહ ઝાલા - શ્રી અરવિંદ સાધના કેન્દ્ર
૨૧, સહકાર નગર, બોટાદ, મો. ૯૪૨૬૬ ૯૫૧૯૮
○ અદ્વૈતના ઉપાસક સિદ્ધ યોગી શ્રી અખંડાનંદજી સ્વામિ
- પ્રો. ભરતસિંહ ઝાલા, પૃષ્ઠ-૩૨, મૂલ્ય : અમૂલ્ય



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# નીલમબહેન પરીખ : ગાંધી પરિવારનું ગુજરાતમાં ગઈકાલ સુધીનું લોકસુલભ ધન

■ **ગાંધીયુગનો એક દીપ બુઝાયો**



ગાંધીજીને આપણે રાષ્ટ્રપિતા કહીએ છીએ. સમગ્ર રાષ્ટ્ર તેમને મન બૃહદ્ પરિવાર સમ હતું. પણ આ પિતાને પોતાનો પણ એક પરિવાર હતો. ગાંધીજીને કુલ ૪ દીકરા હતા. હરિલાલ, મણિલાલ, રામદાસ અને દેવદાસ.

હરિલાલભાઈનાં લગ્ન ગુલાબબહેન સાથે થયાં હતાં. તેમનાં ૪ સંતાનોમાંનાં એક રામીબહેન હતાં. રામીબહેનનાં લગ્ન કુંવરજીભાઈ પારેખ સાથે થયાં હતાં નીલમબહેન તેમનું સંતાન હતાં. નીલમબહેનનાં લગ્ન યોગેન્દ્રભાઈ પરીખ સાથે થયાં હતાં. નીલમબહેન મોટી વયે તેમના દીકરા ડૉ. સમીરને ત્યાં નવસારી રહેતાં હતાં, જ્યાં તેમણે પહેલી એપ્રિલ ૨૦૨૫ના રોજ અંતિમ શ્વાસ લીધો. નીલમબહેનનાં બહેન અનસૂયાબહેનનાં લગ્ન નરહરિભાઈ પરીખના દીકરા મોહનભાઈ પરીખ સાથે થયાં હતાં.

સોનલબહેન પરીખનું નામ ભૂમિપુત્રના વાચકો જાણે છે. તેમણે નીલમબહેનને શ્રદ્ધાંજલિ આપતાં લખ્યું – ગાંધી પરિવારનો એક જ્વલંત દીપ બુઝાયો. વર્ષો સુધી નીલમબહેન સાથે શિક્ષણક્ષેત્રે કામ કરનાર શ્રી બાબુભાઈ જ. દરજી સાહેબે લખ્યું – નીલમબેન પરીખ : ગાંધી યુગનું એક સંભારણું.

નીલમબહેનનો જીવનકાળ વર્ષ ૧૯૩૩થી વર્ષ ૨૦૨૫ સુધીનો રહ્યો. તેમનો જન્મ રાજકોટમાં વર્ષ ૧૯૩૩માં થયો હતો. પિતા કુંવરજીભાઈ મુંબઈમાં ઝંડુ ફાર્મસીમાં નોકરી કરતા હતા. નીલમબહેને ૧૯૫૫માં પોતાનું ગ્રેજ્યુએશન સુધી ભણવાનું પતાવીને મુંબઈ છોડ્યું હતું.

■ **સેવાક્ષેત્રે વ્યારા**

નીલમબહેનના પતિ યોગેન્દ્ર પરીખે આણંદ એગ્રીકલ્ચર કૉલેજનો અભ્યાસ કર્યો હતો. આ પતિ-પત્નીએ તેમનું સમગ્ર જીવન શિક્ષણ અને ગ્રામવિકાસનાં કામોમાં વિતાવ્યું છે. આદિવાસી લોકોના મસિહા ગણાતા ઝીણાભાઈ દરજીએ પરીખ દંપતીને ૧૯૬૨માં વ્યારા ક્ષેત્રમાં તેમની સેવાનો લાભ લેવા માટે બોલાવ્યા હતા.



પ્રથમ વ્યારા તાલુકાના ચીંદીયા ગામની શાળામાં કામ ચાલુ કર્યું. ત્યારબાદ તાલુકાના બેડકુવાદૂર ગામના વિદ્યાલયમાં આચાર્ય તરીકે સેવા આપી. શ્રી ઝીણાભાઈ દરજીએ વ્યારામાં વ્યવસાયલક્ષી શિક્ષણ આપવા માટે દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલયની સ્થાપના કરી હતી. આ સંસ્થાના કુશળ સંચાલન માટે નીલમબહેનને પસંદ કરવામાં આવ્યાં. નીલમબહેન ૧૫-૬-૭૦ના રોજ આ નવી સંસ્થાના આચાર્ય બન્યાં. શ્રી બાબુભાઈ જ. દરજી પણ તે જ દિવસથી સંસ્થામાં જોડાયા. સંસ્થાએ ખૂબ પ્રગતિ કરી. બાબુભાઈ લખે છે – અમારા પ્રામાણિક પારદર્શક વહીવટ, કાર્યનિષ્ઠા, ગરીબો પ્રત્યેનો પ્રેમાળ વ્યવહાર, સ્પષ્ટ વૈચારિકતા અને દૃઢ મનોબળના કારણે સંસ્થાનું કામ સારું ચાલ્યું. નીલમબહેન શિક્ષકની ગેરહાજરીમાં ક્લાસમાં જઈને ભણાવી પણ શકતાં હતાં. તેમણે બધા જ વિષયોમાં પારંગતતા કેળવી લીધી હતી. સુથારી વિભાગ, ટાઈપીંગ, શોર્ટહેન્ડ ક્લાસીસ, સીવણ વર્ગો, કેમિકલ લેબોરેટરી વગેરે અનેકવિધ પ્રવૃત્તિને આગવી રીતે ધપાવીને સંસ્થાને સેવાકેન્દ્ર બનાવ્યું હતું.

બીજી તરફ યોગેન્દ્રભાઈનું પ્રદાન પણ નોંધનીય રહ્યું છે. સંસ્થા સંચાલિત ગ્રામસેવા સમાજ વ્યારાની બધી શિક્ષણ સંસ્થામાં મકાનો બાંધવાં, જાળવવા તથા અન્ય જે કંઈ કામો માટે નાણાંની જરૂર પડે તે માટે સ્વીડનની સંસ્થા સાથે વાટાઘાટો કરવાનું કામ યોગેન્દ્રભાઈ કરતા હતા. ૮૮ વર્ષના બાબુભાઈ લખે છે, મારા અંગત જીવનમાં આ દંપતીનો પ્રેમભાવ-ભર્યો વહેવાર સદાકાળ સ્મરી શકાય તેવો છે.

■ **યોગેન્દ્રભાઈ પરીખ**

મુંબઈમાં ૨૯-૮-૧૯૩૦ના રોજ જન્મેલા યોગેન્દ્રભાઈને મકરંદભાઈ દવેએ 'ઉફરે માર્ગે ચાલનારા' કહ્યા છે. ર.વ. દેસાઈની 'ગ્રામલક્ષ્મી' નવલકથા વાંચીને સામાજિક કામ કરવાની રુચિ થઈ. તે સમયના રાષ્ટ્રીય નેતાઓના સંપર્કમાં આવ્યા. ગાંધીજીને પણ પગે લાગ્યા હતા. કિશોરલાલ મશરૂવાળાને મળ્યા હતા. જુગતરામભાઈ દવેનું મહત્ત્વનું પુસ્તક 'આત્મરચના અથવા આશ્રમી કેળવણી' વાંચીને સેવાગ્રામ ગયા હતા. ઉફરે માર્ગે ચાલનાર યોગેન્દ્રભાઈ બબલભાઈ મહેતા સાથે સેવાકાર્યમાં જોડાયા. વિનોબાજી સાથે ભૂદાન યાત્રામાં ભરૂચ, વડોદરા, ખેડા જિલ્લામાં જોડાયા હતા.

ઘણાં વર્ષો પહેલાં આણંદમાં એગ્રીકલ્ચરનો અભ્યાસ કરીને ૧૯૫૪માં મનસુખભાઈ જોબનપુત્રાના શારદાગ્રામની ખેપ પણ મારી આવ્યા હતા. મનસુખભાઈની દીકરીના દીકરા દીપક સચદેવે ગુજરાતમાં ગ્રામવિકાસનાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કામો શરૂ કર્યાં ત્યારે યોગેન્દ્રભાઈ તેમાં પણ સક્રિય રહ્યા હતા.

યોગેન્દ્રભાઈ ૧૯૭૦માં ભયંકર બીમારીમાં સપડાયા. આંતરડાનું ઓપરેશન કરવામાં આવ્યું પણ તેઓ હિંમત હાર્યા નહીં. પહેલી એપ્રિલ ૧૯૭૯માં ચંદેરિયા ગ્રુપે સામાજિક સેવા માટે ANARDE - Acil Navsarjan Rural Development Foundaion સંસ્થાની સ્થાપના કરી. યોગેન્દ્રભાઈએ આ સંસ્થામાં ઘણાં વર્ષો સેવા આપી હતી.

વર્ષ ૨૦૦૮માં તેમણે દેહ છોડ્યો.

## ■ નીલમબહેનનું સાહિત્ય સર્જન

તેમના સાહિત્ય સર્જનની યાદી કંઈક આવી બની શકે,

- ○ ગાંધીનું ખોવાયેલું ધન – હરિલાલ ગાંધી
- ○ 'જ્યાં રહો ત્યાં મહેકતા રહો'
- ○ સત્ય શોધકનો કળાપ્રેમ
- ○ ગાંધીજીના સહસાધકો
- ○ રાષ્ટ્રીય ચેતનાના ભેખધારી
- ○ વંશજ મહામાનવના
- ○ કર્મયોગના દીક્ષાર્થી – વિનોબા
- ○ મોહનભાઈ પરીખ
- ○ સુરુચિના સર્જક

## ■ પુસ્તક : 'ગાંધીજીનું ખોવાયેલું ધન : હરિલાલ ગાંધી'

આ પુસ્તક વર્ષ ૧૯૯૮માં પ્રગટ થયું હતું. હાલમાં નવજીવન ટ્રસ્ટ – અમદાવાદમાંથી તે પ્રાપ્ત કરી શકાય છે.

શ્રી ચંદુલાલ ભગુભાઈ દલાલે વર્ષ ૧૯૭૭માં પુસ્તક હરિલાલ ગાંધી (એક દુ:ખી આત્મા – દેવદાસ ગાંધી) પુસ્તકનું આમુખ સ્વામી આનંદે ૧૯૭૫માં લખ્યું હતું, દેવદાસ ગાંધીએ પણ પુસ્તક, 'My Brother' (About his elder brother, Harilal Gandhi) લખ્યું છે.

નીલમબહેનનું પુસ્તક અંગ્રેજીમાં પણ ઉપલબ્ધ છે – Gandhiji's Lost Jewel - Harilal Gandhi.

આપણા કાન્તિભાઈ શાહે નીલમબહેનના ગુજરાતી પુસ્તક અંગે એક નાની પુસ્તિકા લખી – 'એક કરુણ કથની – ગાંધી અને ગાંધીની'.

શ્રી કાન્તિભાઈ લખે છે –




આ એક નાનકડું પુસ્તક છે, પણ તેનું મૂલ્ય મોટું છે. આને લઈને સત્યની સેવા થઈ છે. મચકોડાયેલ ઇતિહાસને સીધો અને અસલ ઘાટ આપવાની કોશિશ થઈ છે. એક સાચા-સુથરા-સજ્જન માણસની ખોટી 'ઇમેજ'ને સુધારીને સાચુકલી છબી ઉપસાવવાની કોશિશ થઈ છે. એક મહાત્મા વિશેના આછકલા ને છીછરા મૂલ્યાંકનને બદલે એના વિચારો અને આચરણને સમુચિત પરિપ્રેક્ષ્યમાં મૂકી આપવાનો પ્રયત્ન થયો છે.


નીલમબહેને સાચું જ કહ્યું છે કે (હરિલાલ વિષે) જે કંઈ નાની મોટી હકીકતો ઉપલબ્ધ હોય તે લોકો સમક્ષ મૂકી દેવી તે ધર્મ બની રહે છે... હરિલાલ ગાંધીના વંશજો તરીકે અમે આવું તર્પણ કરીએ છીએ.

○ દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહમાં ભાગ લઈને હરિલાલ ૧૯૦૮થી ૧૯૧૦ સુધીમાં ૬ વખત જેલમાં ગયા હતા. કુલ ૧૯ માસ ૭ દિવસ કારાવાસ ભોગવ્યો હતો.

○ લોકો એમને 'છોટે ગાંધી' તરીકે ઓળખતા થયા હતા.

○ ગાંધીજીએ કહ્યું છે – ''મારાં બાળકો પ્રત્યેનો મારો ધર્મ મેં યથા શક્તિ નથી બજાવ્યો, એવો ખ્યાલ મને નથી આવતો, નથી મને પશ્ચાત્તાપ થતો.''


(જુઓ પાન નં. ૨૧)























YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પ્રો. અશ્વિનકુમારની નજરે

## ■ કુમળાં બાળકો સહિત માનવોનો ભોગ ક્યાં સુધી ?

છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી તાલુકાના પાણેજ ગામે એક ભૂવાએ પાંચ વર્ષની નિર્દોષ બાળાની અમાનવીય, ક્રૂર અને ઘાતકી હત્યા કરેલ તેના સમાચારો માધ્યમોમાં ચમક્યા છે.

અમે વકીલ હર્ષ રાવલ મારફત અંધશ્રદ્ધા નિર્મૂલન માટે કરેલ જાહેર હિત અરજી (PIL) ના અનુસંધાને ''ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને તેનું નિર્મૂલન કરવા બાબત અધિનિયમ ૨૦૨૪'' ગુજરાત સરકારે પસાર કરેલ છે. આવા કાનૂન હોવા છતાં આવા ગુનાઓ બનતા રહ્યા છે.

○ ગીરમાં એક પિતાએ ૧૩ વર્ષની પુત્રીની બલિ ચઢાવી હતી.

○ એક પતિ-પત્નીએ પોતાનાં ગળાં કાપી હવનકુંડમાં આહુતિ આપી હતી.

○ મતલબ કે આ કાયદાના અમલમાં ખામી છે, કાયદાની જાણકારી ગામડાંઓ સુધી પહોંચી નથી, આ કાયદાનો કોઈને ડર રહ્યો નથી.

○ ભૂવાઓ દ્વારા સ્ત્રીઓ સાથે દુષ્કર્મના બનાવો બને છે.

○ ગુજરાત સરકારને વિનંતી કરીએ છીએ કે રાજ્યમાં ભૂવાઓની કામગીરી પર પ્રતિબંધ લગાવવામાં આવે.

○ અખબારો અને સામાયિકોમાં પ્રગટ થતી જ્યોતિષીઓ અને અઘોરીઓની ચમત્કારલક્ષી જાહેરાતો પર પ્રતિબંધ લાદવામાં આવે.

○ આવાં ખોટાં કામોના કાયદાઓની જાણકારી આપવા ગ્રામ વિસ્તારોમાં શિબિરોનું આયોજન કરવામાં આવે. આવું આયોજન કરનાર વ્યક્તિ, સંસ્થા કે જૂથોને પોલીસરક્ષણ આપવામાં આવે.

સરકારે અંધશ્રદ્ધા નાબૂદી અર્થે વેળાસર યોગ્ય કાર્યવાહી હાથ ધરવી જોઈએ.

## ■ કલ્યાણ રાજ્યનું ખંડિત સ્વપ્ન

વર્ષ ૧૮૪૫માં Benjamin Disraeliએ નવલકથા Sybil લખી હતી (sybil or the two nation - the rich and the poor). નવલકથામાં કહેવામાં આવે છે, સત્તાની એકમાત્ર ફરજ સામાજિક કલ્યાણ સિદ્ધ કરવાની છે.

તાજેતરમાં દિલ્હી સહિત અન્ય રાજ્યોની ધારાસભા ચૂંટણીઓમાં રાજકીય પક્ષો રેવડી આપવાની જાહેરાતમાં એકબીજાની હરીફાઈ કરતા જણાયા હતા. ભાજપે ૨૦૨૪ના ચૂંટણી ઢંઢેરામાં છેલ્લાં ૧૦ વર્ષમાં સુશાસન અને સમાવેશી વિકાસ થયાનો દાવો કર્યો હતો. પરંતુ સિદ્ધિઓમાં તો ૮૦ કરોડ ગરીબોને મફત રેશન આપવાની જાહેરાત જ હતી. ગરીબ કલ્યાણ યોજના હેઠળ ૩૫ લાખ રોકડ રૂ. નાગરિકોનાં ખાતાંમાં સીધા જમા થયા હતા. ૪૬ કરોડ ઉપરાંત ૨૭ લાખ કરોડ રૂપિયા પી.એમ.મુદ્રા યોજના હેઠળ મુકાયા હતા. ઉપરાંત પી.એમ. સ્વનિધિ યોજના હેઠળ ૬૩ લાખ શેરીના ફેરિયાઓને આર્થિક મદદ મળેલ હતી.

શું આ કલ્યાણ કે આર્થિક વિકાસ માટેનાં પગલાં કહેવાય ? શું આ મતદારો માટે લાલચ નથી ? આવાં પગલાંઓથી રોજગારી સર્જન અને વિકાસ થવાને બદલે ઊલટું થાય છે. નાગરિક આત્મનિર્ભર અને મહેનતુ થવાને બદલે આળસુ અને આશ્રિત બને છે.

ધ્યાનમાં રહે કે તમામ રાજ્યો પર દેવાઓનો મોટો બોજ રહેલો છે. મહારાષ્ટ્રમાં જાહેર કરેલ લાડલી બહેન યોજના માટેનાં નાણાં ખૂટી ગયાં છે. ગુજરાત પાસે શિક્ષણ સુધાર માટે પૈસા નથી. રાજ્યમાં સરકારી શાળાઓમાં આશરે ૩૭૦૦૦ શિક્ષકોની ઘટ છે. પ્રાથમિક શાળાનાં અનેક મકાનો અને વર્ગખંડો તૂટેલી હાલતમાં છે. ભારત સરકારે એવો દાવો તાજેતરમાં કરેલ છે કે ૨૫ કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. અને ૧૭ કરોડ નોકરીઓનું સર્જન થયું છે. જો આ સત્ય હોય તો રેવડી કલ્ચર શાને માટે ?

દામોદર સ્વરૂપ શેઠે બંધારણસભામાં કહેલું, આપણી વ્યવસ્થા મૂડીવાદી છે અને તેમાં શોષક તેમ જ શોષિત વર્ગ સમાજમાં સાથે રહે છે. આવા વાતાવરણમાં સામાન્ય જનતાનું વાસ્તવિક કલ્યાણ સાધી શકાય નહીં, સિવાય કે તેને શોષક વર્ગથી મુક્ત કરવામાં આવે. આંબેડકરે કહ્યું છે – આપણે રાજકીય લોકશાહીની સ્થાપના કરી છે. તે સાથે આર્થિક લોકશાહીની પણ સ્થાપના થવી જોઈએ.

જે લોકો પોતાની રીતે પોતાની જરૂરિયાતો પૂરી કરી શકતા નથી તેમની રાજ્યે ખાસ કાળજી લેવી જોઈએ. ભયંકર ગરીબી, અભૂતપૂર્વ બેકારી, ધનિક અને ગરીબ વચ્ચે વધી રહેલું અંતર, આરોગ્ય સેવાઓમાં ઘટ, આ બધાં કલ્યાણ રાજનાં લક્ષણો નથી.

(દુષ્યંત દવેના Indian Express ના આધારે)

## ■ પોલીસ અત્યાચારો અને માનવઅધિકારો

યુનોએ ૧૦ ડિસે. ૧૯૪૮ના રોજ જાહેર કરેલ માનવઅધિકારોની વૈશ્વિક ઘોષણા ઘડવામાં ડૉ. હંસાબહેન મહેતાનું પણ પ્રદાન હતું. રાષ્ટ્રીય માનવઅધિકાર આયોગના દર વર્ષે પ્રગટ થતા આંકડા દર્શાવે છે કે માનવ-અધિકારોનો સૌથી વધારે ભંગ પોલીસ દળ દ્વારા થાય છે અને તેને દરરોજ મળતી ૫૦૦ જેટલી ફરિયાદોમાં સૌથી વિશેષ ફરિયાદો પોલીસ વિરુદ્ધની હોય છે.

PUCL, કોમન કોઝ, ADR જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ માનવ-અધિકારોના રક્ષણ માટે ઘણાં તથ્યો ઉજાગર કરતી રહે છે. તા. ૨૬ માર્ચ ૨૦૨૫ના રોજ કોમન કોઝ સંસ્થાએ 'લોકનીતિ કાર્યક્રમ' સાથે રહીને પોલીસ અત્યાચારો અંગે અભ્યાસપૂર્ણ અહેવાલ પ્રગટ કર્યો છે. આ અહેવાલ તૈયાર કરવા માટે ૮૨૭૬ જેટલા પોલીસકર્મીઓની મુલાકાત કરવામાં આવી હતી. ૧૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં જુદી જુદી કક્ષાના પોલીસ અધિકારીઓને આવરી લેવામાં આવ્યા હતા. અહેવાલ જણાવે છે –

○ ૨૦ ટકા પોલીસકર્મીઓનું માનવું હતું કે જનતા અને ગુનેગારોમાં ભય ઉત્પન્ન કરવા માટે આ રીત બરાબર છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

○ ૩૫ ટકા પોલીસકર્મીઓએ આ રીતને યોગ્ય ઠરાવેલ છે.

○ ૫૫ ટકા પોલીસકર્મીઓ પોલીસહિંસા કે અત્યાચારોમાં કાંઈ ખોટું જોતા નથી.

○ જાતીય સતામણી તેમજ બાળક અપહરણના કિસ્સાઓમાં દર ચારમાંથી એક પોલીસકર્મી માને છે કે આવા પ્રસંગે ટોળા દ્વારા હિંસા (Mob-Violence) આચરવામાં આવે તો તેમાં કંઈ અજુગતું નથી. આવા પ્રસંગે ટોળું જ ફરિયાદી અને ન્યાયાધીશ કે સજા કરનાર બની જાય છે.

○ ૨૨ ટકા પોલીસકર્મીઓ એમ માને છે કે, ભયંકર ગુનેગારોને ખતમ કરી દેવા, એ ઇન્સાફી કાર્યવાહી કરતાં વધારે સારું છે.

○ ૪૧ ટકા પોલીસકર્મીઓ માને છે કે કાનૂની પ્રક્રિયાનું હંમેશા પાલન કરવામાં આવે છે.

○ ૨૪ ટકા કર્મીઓ માને છે કે કાનૂની પ્રક્રિયાનું ભાગ્યે જ પાલન કરવામાં આવે છે.

○ કેરાલા રાજયમાં ૯૪ ટકા પોલીસકર્મીઓ માને છે કે કાનૂની પ્રક્રિયાનું પાલન થાય છે.

○ ૩૦ ટકા પોલીસકર્મીઓ માને છે કે ભયંકર ગુનાઓમાં આરોપીઓની મારપીટ થવી જોઈએ.

○ ૯ ટકા કર્મીઓએ તો નાના ગુનાઓમાં પણ મારપીટનું સમર્થન કરેલ છે.

○ અત્યાચારના પીડિતો મોટાભાગના ગરીબ, આદિવાસીઓ, મુસ્લિમ કોમના કે ઝૂંપડાંવાસીઓ હોય છે.

○ હવાલાત હિંસામાં માર્યા ગયેલ કેદીઓની સંખ્યા બાબતે જુદી જુદી એજન્સીઓના આંકડાઓમાં વિસંગતતા જોવા મળે છે.

આ અહેવાલની સબળી બાજુ એ હતી કે ૭૯ ટકા પોલીસ- કર્મીઓએ માનવઅધિકાર શિક્ષણની તરફેણ કરી હતી. ૭૧ ટકા કર્મીઓ અત્યાચાર અટકાવવાની તરફેણમાં હતા. મોટાભાગના વકીલો અને ન્યાયાધીશો વચ્ચે સંમતિ હતી કે આરોપીની કબૂલાત પુરાવામાં અસ્વીકાર્ય ગણાવી જોઈએ નહીં. મલીનાથ સમિતિએ પોલીસ અધિક્ષક કે તેથી ઉપરના પોલીસ અધિક્ષક સમક્ષ થયેલી કબૂલાત પુરાવામાં ગ્રાહ્ય રાખવા ભલામણ કરેલી છે.

આ અહેવાલ જણાવે છે કે મેજિસ્ટ્રેટ ધરપકડ કરાયેલ વ્યક્તિને ભાગ્યે જ પ્રશ્ન કરે છે. કેટલાક તબીબોએ જણાવેલ કે ધરપકડ કરાયેલ વ્યક્તિની તબીબી તપાસ બિનઅનુભવી અને ક્યારેક તો આંખના સર્જન દ્વારા કરાવવામાં આવે છે. અહેવાલમાં અત્યાચારનાં કારણો સંબંધમાં કોઈ પ્રકાશ પાડવામાં આવ્યો નથી. મોટાભાગે અત્યાચાર માટે જવાબદાર પરિણામોમાં -

○ પોલીસનો લોકવિરોધી અભિગમ

○ ઉપરી અધિકારીઓનું દબાણ

○ ઉત્તરદાયિત્વનો અભાવ

○ અપૂરતી તાલીમ

○ સફળતા માટે ટૂંકો રસ્તો અપનાવવાની લાલચ

○ આ રીતે વર્તવાની પડેલી ટેવ

○ ફોજદારી ન્યાયપ્રથાની નિષ્ફળતા

વગેરેની ગણતરી કરી શકાય આવી અન્યાયી પદ્ધતિ થકી અમેરિકા - રશિયા - ચીન - પાકિસ્તાન જેવા દેશોની જેલોમાં પણ કેદીઓ પર અત્યાચાર ગુજારવામાં આવે છે. તેમ છતાં કોઈ પણ સંજોગોમાં અત્યાચારનું સમર્થન કરી શકાય નહીં. આ બાબતે ભારતમાં કાયદો ઘડાવો જોઈએ. તે ઉપરાંત રાજકીય દબાણથી પોલીસદળ મુક્ત હોવું જોઈએ. પોલીસે માનવીય અભિગમ સ્વીકારી કાયદાના શાસનનું સમર્થન કરવું જોઈએ.

(માહિતી સૌજન્ય Indian Express ૭ એપ્રિલ, ૨૦૨૫માં પ્રકાશસિંગનો પ્રગટ થયેલ લેખ) **– અશ્વિન કારીઆ**

---

**સમાજકર્મમાં અધ્યાત્મ...** (પાન ૧૩નું ચાલુ)

પ્રયાસોનો છેડો આવી ગયો છે. આપણે જાણવું જોઈએ કે મનની પેલે પાર પણ કંઈ છે કે કેમ, જે જીવનને નવી તાજગી બક્ષે ?

સમગ્રતામાં જીવવાનો એવો માર્ગ છે, જે મનના તંત્રનો આવશ્યકતા પ્રમાણે ઉપયોગ કરે પણ એની સત્તાને ન સ્વીકારે.

○ સમગ્રતામાં ઘા રૂઝવવાની ઊર્જા હોય છે. અસ્તિત્વના ઊંડાણમાં પહોંચાડવાની ક્ષમતા હોય છે.

○ મૌનમાં બુદ્ધિને સતત પ્રવૃત્તિમાંથી વિરામ મળે છે. અને તે ફરીથી ઊર્જાવાન, નવચેતનવંતી બને છે.

○ જીવન મૌનમાંથી પ્રવૃત્તિમાં અને ફરી પાછું મૌનમાં, આમ ગતિ કરે છે તે સ્વયં ધ્યાન છે. ધ્યાન એ જીવન અને ચૈતન્યનો નવો આયામ છે. ધ્યાન સંપૂર્ણ ક્રાંતિ માટે અદમ્ય ઉત્સાહ અને જોશ પૂરાં પાડે છે. મન અને મસ્તિષ્કના સ્તરે જીવતાં આપણને આવી ઊર્જા પ્રાપ્ત નથી થતી.

○ પૃથ્વી પરની સમગ્ર જડ અને ચેતન સૃષ્ટિ - પહાડ, માટી, પત્થર અને પાણી પણ ચૈતન્યથી ભરેલાં છે... જો આપણા જીવનમાં પ્રકૃતિ સાથેની ઘનિષ્ઠતાની સુગંધ હશે તો પર્યાવરણને લગતું જે કોઈ કામ આપણે હાથમાં લઈશું તેમાં એક પ્રમાણભૂતતા હશે. કેવળ વૈચારિક પ્રદાન દ્વારા આપણે પૃથ્વી પર શાણપણ પાછું નહીં લાવી શકીએ. એના માટે અખિલાઈ અને એકાત્મતાથી ધબકતા જીવનનું સૌંદર્ય આપણે સમાજને ચરણે ધરવું પડશે.

○ પૃથ્વીમાંથી આપણે ભરપૂર આનંદ અને સગવડ નિચોવી લીધાં છે. બુદ્ધિના ઉન્માદ ઉપર આધાર રાખનારો એક નવો ધર્મ આપણે સ્થાપી દીધો છે, જેમાં ધર્મગુરુના સ્થાને વિજ્ઞાનીઓ છે અને રાહનું અજવાળું બન્યો છે ભૌતિક વિકાસ. આપણે એટલી મૂર્ખામી કરી છે કે હવે જ્યારે કિંમત ચૂકવવાની આવી છે ત્યારે હતાશ ન થઈએ.

આમ પુસ્તકમાં ઘણાં અણમોલ રત્નો ભર્યાં છે. તેને લૂંટવા માટે પુસ્તકનાં પાનાં વાંચવા પડે.

**– રજની દવે**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# આપણે હવે કઈ દિશા પકડવી છે ?

**થો**ડા દિવસ પહેલાં એક જ દિવસે બે ઘટના સમાંતરે બની, એક અદ્ભુત અને બીજી હાસ્યાસ્પદ અને કરુણાજનક !

અદ્ભુત ઘટના એ બની કે બે અવકાશયાત્રીઓ છેલ્લા નવ મહિનાથી અવકાશમાં ફસાઈ ગયા હતા અને ટેકનિકલ કારણોસર પૃથ્વી પર પાછા આવી શકતા ન હતા. તેમાં એક અવકાશયાત્રી આપણા ભારતીય મૂળનાં સુનીતા વિલીઅમ્સ હતાં. છેવટે એલન મસ્કે બીડું ઝડપ્યું અને પોતાનું સ્પેસ એક્સ મોકલાવ્યું અને બંનેને સલામતીપૂર્વક ધરતી પર પાછાં લાવ્યાં. આ સમગ્ર ઘટનાને ટી.વી. પર જ્યારે બતાવતા હતા, ત્યારે સમગ્ર જગત સહિત ભારતીયો પણ ઉત્સુકતા અને ભયથી જોતા હતા, કારણ કે થોડા વર્ષો પહેલાં કલ્પના ચાવલા ઊતરતી વેળા અચાનક કોઈ ગરબડના કારણે અવકાશમાં જ જીવતાં સળગી ગયાં હતાં. એટલે આ વખતે પણ સુષુપ્ત ભય હતો. પણ કોઈ વાંધો ન આવ્યો અને ભારતીય વહેલી સવારે તે સલામત રીતે દરિયામાં ઊતર્યાં અને તેમને બહાર પણ કાઢી લેવાયાં. આ સમગ્ર ઘટના દરમ્યાન વિશ્વ અદ્ધર શ્વાસે તેને નિહાળતું હતું. પ્રસંગ પૂરો થતાં હાશકારા સાથે આત્યંતિક આનંદ અનુભવ્યો. સુનીતા પર બધા વારી ગયા અને ભારતીય હોવાનું ગૌરવ લીધું.

અને કરુણતા તો જુઓ, તે સાથે, સમાંતરે, એ જ સમયે, ભારતના એક શહેરમાં ઔરંગઝેબ નામના સાડા ત્રણસો વર્ષ પહેલાં થઈ ગયેલા એક સામાન્ય મુઘલ બાદશાહના નામે હુલ્લડ ચાલતાં હતાં. કદાચ હુલ્લડ કરનારાઓમાં નેવું ટકાને ખબર પણ નહિ હોય કે આ ઔરંગઝેબ હતો કોણ ! પણ તેમને તો હુલ્લડ કરવાના પૈસા મળ્યા હશે એટલે તોડફોડ કરતા હતા અને તેની કબર તોડી નાખવી જોઈએ એવા ચિત્કાર કરતા હતા. એક બાજુ ભારતનું ગૌરવ વધે તેવી ઘટના બનતી હતી અને બીજી બાજુ ભારતનું મસ્તક શરમથી નમી જાય એવી ઘટના બનતી હતી. ભારત એકીસાથે બે સમયમાં જીવતું હતું.

સમજ નથી પડતી પણ થોડા સમયથી ભારત, જે વિશ્વગુરુ બનવા તરફ મક્કમ પગલે આગળ વધવાની વાત કરી રહ્યું છે તે, સમાંતરે, ફરીથી પછાતપણા તરફ પણ જતું જાય છે. થોડા થોડા સમયે કોઈ જૂનો મુદ્દો કાઢી, તેને વિવાદાસ્પદ બનાવી, તોફાનો કરાવાય છે કે લોકોને ગેરમારગે દોરવાના પ્રયાસ કરાય છે. એક તરફ આપણા વડા પ્રધાન વિશ્વમાં ગૌરવથી કહે છે કે ભારત વિશ્વગુરુ થવા તરફ જઈ રહ્યું છે. બધાં જ ક્ષેત્રોમાં દેશ કલ્પનાતીત પ્રગતિ કરી રહ્યો છે. વિશ્વ પણ આશ્ચર્યપૂર્વક તે જોઈ રહ્યું છે. ત્રણ સદી પછી ભારત પુનઃ પોતાનું ગૌરવ પ્રાપ્ત કરી રહ્યું છે. આપણા કુશળ યુવાનોની કુશળતાની વિશ્વમાં કદર થઈ રહી છે. વિશ્વના રોકાણકારો દેશમાં રોકાણ કરવા ઉત્સુક થઈ રહ્યા છે. ત્યારે સમાંતરે આ અભણ અને પછાત માનસ ધરાવતા કેટલાક લોકો વ્યર્થ મુદ્દાઓ શોધી દેશને અસ્વસ્થ કરવાનો વ્યવસ્થિત પ્રયાસ કરી રહ્યા છે. કમનસીબે, સત્તાધારીઓ તેને પ્રોત્સાહન આપે છે, એટલે આ લોકોને વધારે ઉત્તેજન મળે છે અને આવા વ્યર્થ મુદ્દાઓ ચાલુ રહ્યા કરે છે. વિશ્વના રોકાણકારો ખચકાય છે કે આવા વાતાવરણમાં રોકાણ કરવું યોગ્ય છે કે નહિ ! હજારો યુવાનોને રોજગાર મળતો અટકે છે. દેશનો વિકાસ ખોડંગાય છે. સંસ્કૃતિનો વિકૃત ઉપયોગ કરી દેશને અને સંસ્કૃતિને જ નુકસાન કરાય છે.

માની લઈએ કે ઔરંગઝેબ બહુ ક્રૂર રાજા હતો. ત્યારની હિંદુ પ્રજાને તેણે ત્રાસ આપ્યો હતો. પણ આજે ત્રણસો વર્ષ પછી શું ? ઇતિહાસમાં તો એવા અનેક પ્રસંગો બન્યા છે. જો દરેક અન્યાયોને પુનઃ જીવંત કરી તેના નામે તોફાનો કરાશે, તો સદીઓ પછી ભારત જયારે માંડ માંડ પ્રગતિ કરી રહ્યું છે, વાતાવરણ પણ તેને અનુકૂળ છે, ત્યારે આવી અવ્યવસ્થા ઊભી કરી તેને ફરી પછાત કરવામાં આવશે તો વર્તમાન તકોનો લાભ નહિ ઉઠાવી શકાય. ત્રણસો વર્ષ પહેલાંનું ભારત કે દુનિયા આજે નથી. આજે તદ્દન અલગ વિશ્વ છે. આજનો પાયાનો શબ્દ છે, હરીફાઈ. ભારતીય યુવાનોએ અને ખુદ ભારતે પણ સમગ્ર જગતના યુવાનો અને દેશો સાથે તીવ્ર હરીફાઈ કરવાની છે અને પોતાને તેમનાથી વધારે કુશળ અને સમર્થ પુરવાર કરવાના છે. આજે તો સમગ્ર દુનિયામાં કોઈ ને કોઈ અવ્યવસ્થા ચાલે છે. નાનાં મોટાં યુદ્ધો ચાલે છે જે અર્થકારણને ખલેલ કર્યા કરે છે. ટ્રમ્પ કે ચીનની હરીફાઈ અને લુચ્ચાઈ સામે લડવાનું અને ટકવાનું છે. તેમને પાછળ રાખી, તેમની સાથે સંઘર્ષ કરી, વિકાસને ટકાવી રાખવાનો છે એટલું જ નહિ, પ્રગતિ કરવાની છે.

ભૂતકાળમાં જે કોઈ પરદેશીઓ આવ્યા, ઇસ્લામના બાદશાહો, બ્રિટિશો કે અન્ય, અને તેમણે જે કાર્યો કર્યાં, માની લો કે દુષ્ટ, તો કર્યાં; ભૂતકાળની પ્રજાએ તે ભોગવ્યાં. પણ તેનો ગુસ્સો આજે કાઢીને શું ફાયદો ? ઔરંગઝેબ તો છે નહિ. ભારતને નુકસાન જશે તેનાથી તેને તો કશો ગેરફાયદો થવાનો નથી. ગેરફાયદો તો વર્તમાન પ્રગતિ કરવા માંગતા યુવાનોને થશે. ભાંગફોડથી નુકસાન તો આજના દેશને થશે. ફાયદો પણ નહિ થાય અને વધારામાં કડવાશ વધશે. પણ તેના કારણે દેશની કાર્યક્ષમતામાં ચોક્કસ ઘટાડો થશે જે તેના વિકાસમાં રોડા નાખશે.

હવે નક્કી કરી લેવાનો સમય આવી ગયો છે કે દેશે શું વિચારવાનું છે ? દેશે કઈ દિશા લેવાની છે ? પછાતપણા તરફ જવાની કે વિકાસ કરવાની દિશા તરફ જવાની ? હવે પળે પળ કીમતી છે. એક પળ પણ ચૂક્યા તો માઈલો છેટા પાછળ ફેંકાઈ જવાના ! અને વિકસિત ભારતને જોઈ પશ્ચિમ મૂંઝાય છે, ઈર્ષા પણ કરે છે. ભારતની હરીફાઈ અને તેના યુવાનોની કુશળતા તેને ગભરાવે છે. શું કરવું તેની તેને સમજ નથી પડતી. ત્યારે દેશમાં આવાં તોફાનો થાય છે અને દેશનો વિકાસ હલબલે છે તે જોઈ તેમને આનંદ થાય છે કે હાશ, આપણે કશું નથી કરવાનું. દેશના લોકો પોતે જ આપણને મદદ કરે છે. એટલે, સંભવ છે, તેઓ તો આ બેવકૂફોને ખાનગીમાં મદદ પણ કરતા હશે. તેમના મગજમાં નવા નવા વિવાદાસ્પદ મુદ્દાઓ ખોસતા હશે જેથી આ બધા સતત ઉશ્કેરાયેલા રહે અને દેશનો વિકાસ આગળ વધવાને બદલે સ્થગિત રહે.

કરુણતા એ છે કે ભૂતકાળમાં પણ, ઇતિહાસ વાંચીએ તો, પરદેશીઓને સ્થિર થવામાં આવા જ લોકોએ મદદ કરી હતી. ઇસ્લામ હોય કે બ્રિટિશ, બધાને તત્કાલીન દેશવાસીઓએ જ મદદ કરી હતી અને સ્થાનિક રાજાઓને દગો આપ્યો હતો. આ બધા સદીઓ સુધી ટક્યા તે પોતાના બળ પર નહિ, પણ કેટલાક દેશવાસીઓની દગાખોરીથી. આજે પણ, કદાચ, આ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જ બાબત ચાલી રહી છે અને વિદેશીઓ નવી ટેકનિકથી, સોશિઅલ મીડિયાની મદદથી, આવા લોકોને ઉશ્કેરે છે અને તેમની મદદથી દેશના વિકાસમાં ખલેલ પહોંચાડે છે.

ઇતિહાસ જેવો હતો તેવો, તે પૂરો થઈ ગયો છે. તેને બદલાવી નહિ શકાય. પણ એની ભૂલોને ફરી થતી અટકાવી શકાશે. નવા મીરઝાફરો પેદા કરવાને બદલે નવા વિક્રમ સારાભાઈઓ કે હોમી ભાભાઓ કે કલ્પના ચાવલાઓ કે સુનીતાઓ પેદા કરી કે તેમને પ્રોત્સાહન આપી દેશને કૂદકે અને ભૂસકે પ્રગતિ કરવામાં મદદ કરવાની છે. ભૂતકાલીન નહિ, પણ એકવીસમી સદીનું માનસ કેળવવાનું છે. સમગ્ર વિશ્વ સાથે હરીફાઈ કરી શકાય તેવી ક્ષમતા વર્તમાન બાળકોમાં કે યુવાનોમાં કેળવાય તેવી તાલીમ આપવાની છે. વિવાદાસ્પદ મુદ્દાઓ ઊભા કરનારાઓને કડક સજા કરવાની છે. બાકીની પ્રજા સભાન થાય કે નહિ, પણ યુવાનોએ તો સાવચેત થવાનું જ છે. આ અસ્વસ્થતા તેમને વિકાસ તરફ જતા અટકાવે છે. ગમે એ ફિલ્મ આવે, જોઈને ભૂલી જવાની છે. ગમે એવા ઉશ્કેરાટ ફેલાવવામાં આવે, તેને અવગણવાના છે. માત્ર ને માત્ર દેશના અને પોતાના વિકાસનો જ પળેપળ વિચાર કરવાનો છે. પોતાની બુદ્ધિને પળેપળે વૈશ્વિક ગ્લોબલ-કરવાની છે. પોતાની ક્ષમતાને વધારે ને વધારે ધારદાર કરવાની છે.

ઇતિહાસ બહુ ક્રૂર છે. તે માનવ જે ભૂલ કરે છે તેને ક્યારેય માફ નથી કરતો. ભૂલની સજા કરે જ છે. એ એવું નથી વિચારતો કે ઓહો! આ દેશના લોકો પવિત્ર છે, ધાર્મિક છે. તેમને તો આદર જ અપાય! ના, જો એક પળ પણ તેઓ ભૂલ કરશે, તો ઇતિહાસ બહુ મોટો ફટકો મારશે અને લોહીલુહાણ કરી નાખશે.

માનવજાત માટે સામાન્ય રીતે એક વિધાન છે : ''માણસ ઇતિહાસમાંથી એક જ બાબત શીખ્યો છે કે તે ઇતિહાસમાંથી કશું જ નથી શીખ્યો !'' આ વિધાનને આપણે ખોટું પાડી શકશું ?

વિવેકાનંદનું એક વાક્ય ફરીથી વાગોળવાની જરૂર છે : ''આવતાં પચાસ વર્ષો કેવળ ને કેવળ ભારતને અર્પણ કરી દેવાનાં છે.''

**– હરેશ ધોળકિયા**

## નિવાસી વર્કશોપ

સંપૂર્ણ જીવન-વડોદરા સંસ્થા અને મુનિ સેવાશ્રમ-ગોરજના સંયુક્ત ઉપક્રમે એક નિવાસી વર્કશોપ યોજવામાં આવ્યો છે.

વિષય :- આધ્યત્મિક સશક્તિકરણ દ્વારા વ્યક્તિગત વિકાસ

તારીખો :- તા. ૧ થી ૭ જૂન-૨૦૨૫

વય મર્યાદા :- ૧૮ થી ૩૫ વર્ષ

સ્થળ :- મુનિ સેવાશ્રમ - ગોરજ, જિ. વડોદરા.

સંપર્ક : મો.નં.: ૯૬૦૧૨૫૩૭૫૯

સંપૂર્ણ જીવન - ૩૧, અજિતનાથ સોસાયટી, પાણીની ટાંકી પાસે, હાથીખાના માર્ગ, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮.

**નીલમબહેન પરીખ...** (પાન ૧૭નું ચાલુ)

○ હરિલાલ અંગે દેવદાસે નોંધ્યું છે -

''કુટુંબમાં દુ:ખની વેળાએ અચૂક દર્શન દઈ જવાનું તેઓ ચૂકતા નહીં.'' આગાખાન મહેલની જેલમાં કસ્તૂરબા મૃત્યુ પામ્યાં ત્યારે ત્યાં હરિલાલ હાજર હતા... ગાંધીજીની હત્યા પછી પણ દિલ્હી છોડીને આવેલા.

નીલમબહેનનું આ પુસ્તક કદાચ સૌથી વધુ વંચાતું પુસ્તક હશે.

**■ પુસ્તક : 'ગાંધીજીના સહસાધકો'**

વર્ષ ૨૦૧૦માં નવજીવન ટ્રસ્ટે આ પુસ્તક છાપ્યું છે. આ પુસ્તકમાં ૦ કસ્તુરબા ૦ મનગલાલ ગાંધી ૦ અબ્બાસસાહેબ તૈયબજી ૦ કાકાસાહેબ કાલેલકર ૦ સ્વામી આનંદ ૦ મહાદેવભાઈ-નારાયણ રાવ ખરે ૦ પ્રેમાબહેન કંટક ૦ વિનોબાજી ૦ મીરાંબહેન ૦ સુરેન્દ્રજી ૦ ગંગાબહેન વૈદ્ય ૦ જયકૃષ્ણ ભણસાળી ૦ પ્યારેલાલ ૦ જમાનાલાલ બજાજ ૦ ચિમનલાલ શાહ ૦ બીબી અમતુસ્સલામ ૦ આશાદેવી અને આર્યનાયકમજી ૦ સુશીલા બહેન નય્યર ૦ મુન્નાલાલજીનો પરિચય આપ્યો છે.

પુસ્તકના પરિશિષ્ટમાં 'અમારાં પ્રેરણાતીર્થ'માં નીલમબહેને તેમના પરિવારની અંતરંગ વાતો કરી છે, તે ખરેખર વાંચવા જેવી છે.

**■ પુસ્તક : 'જ્યાં રહો ત્યાં મહેકતા રહો'**

આ પુસ્તકમાં નીલમબહેને મહાત્મા ગાંધીએ પુત્રો અને પુત્રવધૂઓ પર લખેલા પત્રો સંપાદિત કરીને આપ્યા છે. આમાં ગાંધીજીનું કુટુંબવત્સલ પાસું રજૂ થાય છે.

નીલમબહેન તેમજ યોગેન્દ્રભાઈ વિષે પરિવારજનો સમાજ સમક્ષ તેમના જીવન અંગેનાં ન લખાયેલાં પાસાઓ અંગે પણ લખશે તેવી આશા રાખીએ.

**– બાબુભાઈ જ. દરજી અને સોનલબહેન પરીખ**

(લેખમાંની સામગ્રી બાબુભાઈએ મોકલેલી નોંધ તેમજ 'નવજીવનનો અક્ષર દેહ' માર્ચ ૨૦૨૫ના સોનલબહેનના લેખમાંથી લીધી છે. તે ઉપરાંત સોનલબહેને આપેલી અન્ય સામગ્રી તેમજ યજ્ઞ પ્રકાશન દ્વારા કાન્તિભાઈ શાહની પ્રકાશિત પુસ્તિકા 'એક કરુણ કથની - ગાંધી અને ગાંધીની'નો ઉપયોગ કર્યો છે. પરિવાર વિશે વધુ જાણકારી માટે રાગિણીબહેન પરીખનો મો.: ૯૮૭૯૫૨૭૮૮૧ પર સંપર્ક કરવો. -સં.)

## વાંચન થાળ

**■ નકુલભાઈ ભાવસાર - ગ્રામ સ્વરાજ સંઘ**

સોનટેકરી, નીલપર, તા. રાપર (કચ્છ) ૩૭૦ ૧૬૫

ફોન : ૯૮૨૫૦૧૪૦૭૪

○ બા, બાપુ અને ભાઈ - દેવદાસ ગાંધી

અનુવાદ : રમણીક સોમેશ્વર

પૃષ્ઠ : ૨૬. (અહીં ભાઈ એટલે 'હરિલાલ' સમજવું)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

**સોક્રેટિસ ઉવાચ...** (પાન ૦૭નું ચાલુ)

સોક્રેટિસ : મારા મિત્ર, તમારા દેશ પ્રત્યેનો તમારો પ્રેમ પ્રેરણાદાયક છે. મને કહો, તમારા પ્રિય ભારતમાં, શું દરેક મહિલા સમાનતા અને ગૌરવનો અનુભવ કરે છે?

ભારતીય દેશભક્ત : (વિશ્વાસ સાથે) અલબત્ત, સોક્રેટિસ. અમારો આઝાદીનો સંઘર્ષ બધા ભારતીયો માટે હતો, પુરુષો અને સ્ત્રીઓ બંને માટે. આજે ભારતમાં મહિલાઓ અવરોધો તોડી રહી છે અને દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે.

સોક્રેટિસ : પરંતુ મને કહો, શું તમારા સમાજમાં બધી મહિલાઓ પુરુષો જેટલી જ તકો અને સ્વતંત્રતા ભોગવે છે?

ભારતીય દેશભક્ત : (થોભીને) કેટલાક પડકારો છે, હું કબૂલ કરું છું. પરંતુ અમે તેમને દૂર કરવા માટે પ્રયત્નો કરી રહ્યા છીએ. આજે ઘણા પરિવારો તેમની પુત્રીઓના શિક્ષણને મહત્ત્વ આપે છે અને સ્વતંત્રતા પણ આપે છે. 'બેટી બચાવો, બેટી પઢાવો' એ અમારું રાષ્ટ્રીય સૂત્ર બની ગયું છે.

સોક્રેટિસ : શું મનમોહક સૂત્રો બનાવવાથી જ પરિવર્તન આવે છે? શું તમારે ત્યાં સ્ત્રીઓ સાથે છેડતી થતી હોય, બળાત્કાર થતો હોય, હિંસા થતી હોય તો શું તે અસમાનતાનો સંકેત નથી?

ભારતીય દેશભક્ત : (બચાવમાં) હા, આવા કિસ્સાઓ જોવા મળે છે.

સોક્રેટિસ : જ્યારે આવી ઘટનાઓ બને છે ત્યારે શું શાસનવ્યવસ્થા તેમને ઝડપથી અને અસરકારક રીતે દબાવી દે છે?

ભારતીય દેશભક્ત : (ખચકાટ અનુભવે છે) હું કબૂલ કરું છું કે હંમેશાં નહીં. પરંતુ મહિલાઓના અધિકારોનું રક્ષણ કરવા માટે કાયદાઓ અસ્તિત્વમાં છે, અને જાગૃતિ વધી રહી છે.

સોક્રેટિસ : પરંતુ મને કહો, જો સ્ત્રીઓની રક્ષા માટે ફક્ત કાયદાઓ પૂરતા છે? શું ફક્ત કાયદાઓ ઊંડાં મૂળ ધરાવતા પૂર્વગ્રહોને જડમૂળથી ઉખેડી શકે છે?

ભારતીય દેશભક્ત : (લાંબા વિરામ પછી) તમે એક મુશ્કેલ પ્રશ્ન પૂછો છો, સોક્રેટિસ. કદાચ અમારી આઝાદી માટે લડનાર નેતાઓએ જે સમાનતાનું સ્વપ્ન જોયું હતું તે હજી સુધી અમે સંપૂર્ણ રીતે સાકાર કરી શક્યા નથી. પણ શું કરી શકાય?

સોક્રેટિસ : અને મને કહો, તમારા પ્રિય ભારતમાં, શું દરેક નાગરિક સ્વતંત્ર અને ન્યાયી સમાજને અનુકૂળ સમૃદ્ધિ ભોગવે છે?

ભારતીય દેશભક્ત : (ગર્વથી) સોક્રેટિસ, સ્વતંત્રતા પછી અમે ઘણું બધું પ્રાપ્ત કર્યું છે. લાખો લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે, અને અમારી અર્થવ્યવસ્થા વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે.

સોક્રેટિસ : ખરેખર તે એક નોંધપાત્ર સિદ્ધિ કહેવાય. પરંતુ મને કહો, શું આ સમૃદ્ધિની વહેંચણી બધા નાગરિકોમાં સમાન રીતે થાય છે, કે કેટલાક લોકો વધુ ને વધુ સમૃદ્ધ થાય છે અને તમારા સમાજનો મોટો ભાગ ગરીબીમાં જીવે છે?

ભારતીય દેશભક્ત : (ખચકાતાં) એ સાચું છે કે અસમાનતાઓ છે, સોક્રેટિસ. આજે પણ અમારે અમારા દેશની લગભગ અડધી વસ્તીને મફત કે સસ્તું અનાજ આપવું પડે છે અને વિવિધ પ્રકારની સબસિડી આપવી પડે છે. પરંતુ આવી અસમાનતાઓ કોઈ પણ વિકસતી અર્થવ્યવસ્થામાં સ્વાભાવિક છે. સમય જતાં, લાભ બધાને મળશે. અમારી સરકારો ગરીબી નાબૂદ કરવા માટે અથાક મહેનત કરે છે. ગરીબી દૂર કરવા માટે શિક્ષણ અને રોજગાર કાર્યક્રમો જેવી અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકાય છે.

સોક્રેટિસ : આવા પ્રયત્નો પ્રશંસનીય છે. પણ, શું આ કાર્યક્રમો ગરીબી નાબૂદ કરવામાં સફળ થાય છે, કે પછી ગરીબી વધતી જ જાય છે?

ભારતીય દેશભક્ત : (થોભીને) ગરીબી ચાલુ રહે છે, હું કબૂલ કરું છું. પરંતુ તમે સમજી શકો છો, સોક્રેટિસ, કે પ્રગતિમાં સમય લાગે છે. આપણે ધીરજ રાખવી જોઈએ.

સોક્રેટિસ : ધીરજ એક મોટો ગુણ છે, મારા મિત્ર. પણ મને કહો, જેઓ ભૂખ અને અપૂરતી આરોગ્ય સંભાળથી પીડાય છે તેમના માનવીય ગૌરવનું શું ? અને જે દલિત અને પીડિત લોકો માત્ર પોતાના માનવીય અસ્તિત્વને ટકાવી રાખવા માટે દિવસ રાત ઝઝૂમતા હોય છે તેઓ પોતાની પીડા સત્તાધીશો સમક્ષ રજૂ કરી શકે છે? શું સત્તાધીશો તેમની દુર્દશાને અવગણતા નથી ?

ભારતીય દેશભક્ત : (વિચાર કરીને) તમે એક મુશ્કેલ મુદ્દો ઉઠાવો છો, સોક્રેટિસ. ગરીબો હમેશાં તેમની ચિંતાઓને સરકાર સમક્ષ રજૂ કરી શકતા નથી.

સોક્રેટિસ : અને જો ગરીબોની ચિંતાઓને સંબોધવામાં ન આવે તો શું તેથી અસમાનતાઓની ખાઈ વધુ ઊંડી બનતી નથી? અને શું તેથી ન્યાય અને સમાનતાના તમારા આઝાદીના લડવૈયાઓના આદર્શો નબળા પડતા નથી? અને શું તમારી આઝાદીના અમૃત કાળમાં જ્યારે તમે વિશ્વગુરુ બનવાનાં સપનાં જુઓ છો ત્યારે હિંમત, નિઃસ્વાર્થતા, સત્ય, અહિંસા, સર્વ- સમાવેશી સામાજિક ઉત્થાન, અને શોષણ તથા અન્યાયના વિરોધ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા જેવા તમારા પૂર્વજોના આદર્શો પ્રત્યેની નિસ્બત વધુ દઢ ન હોવી જોઈએ ?

ભારતીય દેશભક્ત : (થોડા વિરામ પછી) એ સ્વીકારવું દુઃખદાયક છે, પણ કદાચ તમે સાચા છો. આવી અસમાનતાઓ અમારી પ્રગતિ પર એક કાળો ધબ્બો છે, અને તેનો ઉકેલ હાલમાં તો દેખાતો નથી. કદાચ સત્તાની ચમક-દમકમાં અમે અમારા પૂર્વજોના આદર્શોથી ચલિત થઈ ગયા છીએ તે જ અમારી દુર્દશાનું મૂળ કારણ હોઈ શકે છે.

સોક્રેટિસ : મારા મિત્ર, એનો અર્થ એ થયો કે તમે આદર્શો અને વાસ્તવિકતા વચ્ચેના અંતરથી વાકેફ છો, છતાં તેના ઉકેલ અંગે તમે અનિશ્ચિત છો. પરંતુ દુવિધાની આવી સ્થિતિમાંથી જ શાણપણ અને પ્રગતિનો ઉદ્‌ભવ થઈ શકે છે.

ભારતીય દેશભક્ત થોડી વાર ચૂપ થઈ જાય છે.

**– પ્રવીણ જ. પટેલ**
૦૦૧, પવનવીર, પ્રતાપગંજ,વડોદરા-૨
મોબાઇલ: ૯૮૭૯૭૬૩૦૮૩,
ઈમેલ : pravin1943@gmail.com



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## એય દોસ્ત છે

જીવન-મૃત્યુ શું છે ? જીવન પ્રત્યે આપણો સ્વીકારાત્મક ભાવ હોય છે, મૃત્યુ પ્રત્યે અસ્વીકારાત્મક. આવું શા માટે ? મૃત્યુ અંગે ચિંતન-મનન કરતાં એટલું નિઃશંક કહી શકાય કે મૃત્યુ જીવનરૂપી યાત્રાનો એક પડાવ છે. યાત્રિક લાંબી મજલ કાપ્યા બાદ માર્ગમાં વિસામો લે છે. એને બે ઘડી ઝોકું આવી જાય છે. મૃત્યુ પણ જીવનયાત્રાનો એક પડાવ છે, નહિ કે જીવનાંત. જીવનને હેતથી બાથમાં લઈએ અને મૃત્યુથી મોં ફેરવી લઈએ, એ તો અન્યાયી પક્ષપાત થયો. મૃત્યુ પણ દોસ્ત છે.

જગતમાં જે જે નિશ્ચિત છે, અફર છે એનો આપણે સહજ સ્વીકાર કરીએ છીએ અને કરવો જ રહ્યો. સૂર્યોદયને આનંદથી વધાવીએ છીએ, તો સૂર્યાસ્તનો શોક નથી મનાવતા, કારણ રાત્રિના આગમનની પણ અનોખી શોભા હોય છે. જન્મ અને મૃત્યુ ટાળી શકાય તેમ નથી, તો પછી એકનો હરખ અને એકનો શોક શા માટે કરવો ?

પંડિત જવાહરલાલ નહેરુનાં ભાણેજ નયનતારા સહેગલના આત્મ-ચરિત્રમાં એક પ્રસંગનું વર્ણન છે. નયનતારાનાં માતુશ્રી વિજયાલક્ષ્મી પંડિત રશિયામાં ભારત સરકારનાં રાજદૂત હતાં. નયનતારા તેમને મળવા રશિયા જવાનાં હતાં. અતિશય ઠંડી અને ધુમ્મસને કારણે વિમાનનું ઉડ્ડયન રદ થયું હતું. ઇંગ્લેન્ડમાં વિજયાલક્ષ્મીના એક પરિચિતને ઘેર નયનતારા રોકાયાં. નિરાશાને લીધે આંખમાં આંસુ હતાં. યજમાન દંપતીએ એ જોયું. જમવાનો સમય થયો. સૌ ટેબલ પર ગોઠવાયાં. પેલા ભાઈએ નયનતારાને કહ્યું, 'તમારી ચિંતા સમજી શકું છું. એક વાત તમને કહું, અમારો એકનો એક વહાલસોયો દીકરો યુદ્ધમોરચે ગયો હતો. એક દિવસ સમાચાર આવ્યા કે કેટલાક સૈનિકો લાપતા છે. કેદ પકડયા હશે ? મૃત્યુ પામ્યા હશે? અમારા મનમાં દુઃખદ મૂંઝવણ હતી. એ સૈનિકોનાં નામની યાદી જાહેર થઈ, જેમાં અમારા પુત્રનું નામ પણ હતું. દરેક માબાપને હૃદયમાં લાગણી થાય એમ અમને પણ પુત્રના જીવંત હોવાની આશા હતી. ઈશ્વરને નતમસ્તકે પ્રાર્થના કરી. બીજે દિવસે રેડિયોમાં એનાઉન્સમેન્ટ થઈ. યુદ્ધના સમાચાર પછી છેલ્લે મૃત સૈનિકોનાં નામ બોલાયાં, જેમાં અમારા પુત્રનું નામ પણ હતું. બહેન, તમે સાંભળો. અમે બંને એ વખતે ડાઈનિંગ ટેબલ પર હતાં. અમે એકબીજાની સામે જોયું. દુઃખનો ઘૂંટડો ગળે ઉતારી અમે જમવાનું શરૂ કર્યું ! જીવનનું આ પણ એક રૂપ છે. એને શાંત-સ્થિર મનથી સ્વીકારી લીધું.'

દેહ-આત્માનું તત્ત્વદર્શન પણ મૃત્યુને હકારાત્મક દૃષ્ટિથી મૂલવે છે. આતમરામ જર્જરિત ઘર (દેહ)માંથી નવા ઘર તરફ જઈ રહ્યો હોય એ વિદાયઘડી મંગલકારી ગણાવી જોઈએ.

આખરે જીવન શું છે ? જન્મ અને મૃત્યુ આ બે બિંદુઓને જોડતી રેખા. બે બિંદુ ન હોય તો રેખા ક્યાંથી બને ? મૃત્યુ વગર જીવન અપૂર્ણ છે. મૃત્યુ શૂન્યતા નહિ, ઊર્ધ્વારોહણ છે.

સંપર્ક : ૦૨૬૫-૨૭૫૦૨૭૫ — **શાંતિલાલ ગઢિયા**

## વાચકોના પત્રોમાંથી

- **જિતેન્દ્ર ભીખાલાલ જોટાસણા,** (અમરેલી-સૌરાષ્ટ્ર. મો. ૯૪૨૮૫૬૦૮૯૩)

ભૂમિપુત્રમાં પ્રગટ થતા 'સોક્રેટિસ ઉવાચ – એક કાલ્પનિક સંવાદ'ના બધા લેખો વાંચવાની મઝા આવી. લેખો મમળાવવા જેવા છે. મુ.શ્રી પ્રવીણભાઈ જ. પટેલ જાણે કે સ્વર્ગલોકમાં સંવાદ વખતે ત્યાં રૂબરૂ હાજર હોય – અને આંખે દેખ્યો અહેવાલ આપતા હોય ! લેખ પ્રવાહિત શૈલીમાં લખાયા છે. આ સંવાદો આપણા આંખ કાન ઉઘાડનારા છે. સામજના મહત્ત્વના પ્રશ્નોમાં સત્યને ઉજાગર કરનારા આ બધા લેખો વાંચીને રાજીપો વ્યક્ત કરવા આ પત્ર લખ્યો છે.

- **બી.બી. ગોહેલ,** (રીટાયર્ડ પોસ્ટ માસ્તર, આટકોટ, રાજકોટ-૩૬૦૦૪૦)

'ભૂમિપુત્ર'નું લવાજમ મારે રીન્યુ કરાવવું નથી તેથી હવે પછી અંક મોકલશો નહીં. પ્લીઝ હવે લવાજમ માટે પત્ર પણ લખશો નહીં.

મારે ત્યાં ઘણાં વર્ષોથી ધાર્મિક અને સામાજિક સંસ્થાઓના અંકો આવે છે. મારાં બધાં સૂચનો તેઓ સ્વીકારે છે. મારાં સૂચનો ટીકાત્મક તો હોતાં નથી.

ભૂમિપુત્ર માટે મેં સૂચન કર્યું હતુ કે સેન્ટર પેજમાં વચ્ચે ચિત્રો – લખાણ ન છાપો. હું અંકો બાઇન્ડિંગ કરી મિત્રોને વાંચવા આપતો હતો. પણ તેમ કરતાં વચ્ચેનું લખાણ વાંચવાલાયક ન રહે. મારું સૂચન આપને યોગ્ય ન લાગ્યું.

(ગોહેલ સાહેબને મેં જણાવ્યું કે અમે પણ અંકોને બાઇન્ડ કરાવીએ છીએ. દોરી સિલાઈ કરાવીએ છીએ. તેમાં આ મુશ્કેલી નથી આવતી. સેન્ટર પેજ લે-આઉટ મેટરને આકર્ષક બનાવે છે. – સં.)

## વાંચન થાળ

■ **બીપીન શ્રોફ – ૧૮૧૦, લુહારવાડ, મહેમદાવાદ– ૩૮૭ ૧૩૦ મો. : ૯૪૨૯૬ ૫૫૯૩૯**

○ ગાંધીજી અને ઓસામા બીન લાદેન,
બન્ને વચ્ચે શું સંવાદ શક્ય છે ?
લેખન : પ્રા. ભીખુ પારેખ, ભાવાનુવાદ : બીપીન શ્રોફ
પૃષ્ઠ : ૫૬, મૂલ્ય : ૨૦ રૂપિયા

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨
સંપાદક : **રજની દવે**
સં. મંડળ : **સ્વાતિ • પારુલ**
દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦
આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૨૦૦૦
લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# એકલતાની કમાણી

પંજાબના ખૂણામાં આવેલું, આજે પણ પછાત રહી ગયેલું એવું ચાંદપુર ગામ. જુવાનિયાઓ ચરસ-ગાંજો પીવામાં દિવસો વિતાવે એવા ગામનો બલવીર બેરિસ્ટર બની ગયો એ સૌ કોઈ માટે નવાઈની વાત હતી. મા-બાપુ તો ખેતી અને ઢોર-ઢાંખરમાંથી ઊંચાં જ ન આવતાં. છોકરો નિશાળે જાય છે કે નહીં એવી ચિંતા કરવાનો એમની પાસે વખત જ ક્યાં હતો !

નાનો સુખબીર ખેતરમાં મદદ કરતો એટલે એ એમને સ્વાભાવિક રીતે જ ડાહ્યો દીકરો લાગતો. બલવીર ઊંધું ઘાલીને ચોપડીઓ વાંચ્યા કરતો એ બેઉને જરાય પસંદ નહોતું. પણ એ જ બલવીર બેરિસ્ટર બનીને, કોટ પહેરીને શહેરની કોર્ટમાં જતો અને ચપરાસીથી માંડીને વકીલો એને સલામ ભરતા એ સાંભળીને ગર્વથી એમની છાતી ફૂલતી.

મા મહોલ્લાની સ્ત્રીઓને ભેગી કરીને કહેતી, ''મારે બલવીરાને બોત બડી હવેલી બનાઈ હૈ, પતો હૈ? ચાર પહિયોં વાલી ગટ્ટીમેં ઘુમતા હૈ.''

આગળ ભણવા માટે બલવીરને રૂપિયાની ખૂબ જરૂર હતી ત્યારે અભ્યાસનું મહત્ત્વ ન જાણતા હોવા છતાં બંને મામાઓએ એને મદદ કરેલી. આજે સુખ-સાહ્યબી વચ્ચે પણ બલવીર એ ભૂલ્યો નહોતો. આમ પણ એનો સ્વભાવ બધાને મદદરૂપ થવાનો. સાજે-માંદે કોઈપણ ગામડેથી આવ્યું હોય તો બલવીરની હવેલીના દરવાજા હંમેશાં ખુલ્લા જ રહેતા. એની પત્ની જસપ્રીત પણ અત્યંત મિલનસાર સ્વભાવની.

મામાનો ફોન આવ્યો કે, પંદરેક દિવસથી કુલદીપનો તાવ ઊતરતો નથી. આ સાંભળીને બલવીરે તરત જ મામા, મામી અને કુલદીપને અહીં લાવવાની તથા ડૉક્ટરને બતાવવાની અને રહેવાની - બધી જ વ્યવસ્થા તાબડતોબ કરી દીધી. બધું કરવા છતાં એ અંદરથી અનુભવતો હતો કે, એ લોકો છૂટથી એની સાથે વાત-ચીત નહોતાં કરતાં. જેમનો ખોળો ખૂંદીને એ મોટો થયો હતો એ મામા હવે એની સાથે 'જી, હાંજી' કરીને વાત કરતા.

સવારે કોર્ટમાં જતાં પહેલાં એ કુલદીપના ઓરડામાં જતો ત્યારે ન ઇચ્છવા છતાં એનાથી કંઈ ને કંઈ સલાહ અપાઈ જતી.

''મામી, કુલદીપની આટલાં નજીક બેસશો તો તમે પણ માંદાં પડી જશો. સામે ખુરશી છે એની પર જ બેસવાનું.'' ''મામા, અડધા કલાક પહેલાં કાપેલું સફરજન તમે કુલદીપને ખવડાવો છો એ બરાબર નથી. એની પર માખી બેઠી હોય. હંમેશાં સમારીને તરત જ ખવડાવવાનું.''

મામીને કહેવાનું મન થાય કે, માંદો દીકરો બાજુમાં બેસવાનું કહે તો કઈ મા પોતે માંદી પડશે એવી ચિંતા કરે? મામાના મનમાં આવે કે, ભાણેજને કહે કે, દીકરા, અમે તો ગામડામાં આમ જ ખાવા-પીવા ટેવાયેલાં છીએ, પણ એ નીચી મૂંડી કરીને સાંભળી લેતા. બધા સાથે પ્રેમ અને લાગણીથી વર્તવા છતાં સૌને એની હાજરીનો, એના બેરિસ્ટર હોવાનો ભાર લાગતો અને કોઈ એની નજીક ન આવી શકતું એ બલવીર સમજતો અને પોતાની જાતને વધુ ને વધુ એકલવાયી અનુભવતો.

તે દિવસે એણે કોર્ટમાંથી આવીને ઘરમાં પગ મૂક્યો ત્યારે ખુલ્લા દરવાજામાંથી એ ક્યારે પ્રવેશ્યો એ કોઈને ખબર નહોતી. વરંડામાં બેસીને જસપ્રીત અચાનક ગામથી આવેલાં પોતાનાં નણંદ અને દિયરને કહી રહી હતી, ''આજે તો મેં આપણને બધાંને ભાવતું બેંગનનું ભરતું બનાવ્યું છે. તમારા ભાઈને તો બેંગનની વાસથી જ સૂગ ચઢે એટલે ખાવાનું મન થાય તોય મારાથી બનાવાય જ નહીં. આપણે બધાં રસોડામાં જમીશું ને એમની થાળી પીરસીને હું રૂમમાં મોકલી દઈશ.''

''પણ ભાભી, જમતી વખતે હસી-મજાક કરતાં જમીએ તો કેવી મજા આવે? મોટાભાઈને આમ એકલા જમવાનું થોડું ગમે?''

''અરે, દીદી, હસવાની ક્યાં વાત કરો છો? હવે અમારાં બે વચ્ચે તો ખપ પૂરતી જ વાત થાય.''

બલવીર ચૂપચાપ રૂમમાં કોટ ઉતારવા ચાલ્યો ગયો. એને જોઈને સૌના હસતા ચહેરા પર અચાનક ગંભીરતા ઊતરી આવી. બેને ઊભાં થઈને એની નજીક જવાનો પ્રયત્ન કર્યો પણ પછી દૂરથી જ કહ્યું, ''વીરજી, તમને મારા હાથની ફિરની બહુ ભાવે છે ને, તે ખાસ લાવી છું.''

સુખબીરે જાણે વિવેક ખાતર પૂછ્યું, ''મોટાભાઈ, તબિયત સારી છે ને? કેમ સુકાઈ ગયા છો?''

''ના,ના, સારું છે. ગામમાં બધાં કેમ છે?''

''બધાં મજામાં.''

બસ, ત્યાં વાતનો અંત આવી ગયો. આગળ શું બોલવું એ સમજ ન પડતાં નણંદ-ભોજાઈ જમવાની તૈયારી કરવા લાગ્યાં. સુખબીર વિચારવા લાગ્યો, હવે મોટાભાઈની દુનિયા બદલાઈ ગઈ છે. એમની દેશ-વિદેશની અને રાજકરણની વાતમાં મારી જેવાને કંઈ ગતાગમ પડે નહીં. એમની સાથે બોલું તો શું બોલું? એ જ વખતે બલવીરના મનમાં વિચારોનો વંટોળ ઊઠ્યો હતો, 'મને કોણે બધાંથી જુદો પાડ્યો? મારા ભણતરે, મારા સ્વભાવે કે મારી શ્રીમંતાઈએ?'

બલવીર અને જસપ્રીત બંને ઘણા સમયથી માને બોલાવતાં હતાં.

આખરે આજે મા આવી હતી. જસપ્રીતે કહ્યું, ''મા, તમારો દીકરો તમને કેટલું યાદ કરતો હતો! આજે તો તમે બંને એક રૂમમાં સૂજો ને પેટ ભરીને વાતો કરજો.'' બલવીરના ચહેરા પર માને જોઈને ખુશી છવાઈ ગઈ.

''મા, મજામાં છે ને?''

દોડીને દીકરાને ગળે વળગાડવા જતી મા અચકાઈને ઊભી રહી ગઈ. 'મારા મેલા-ઘેલા હાથથી એનાં કપડાં પર ડાઘ પડી જશે તો?' એણે દુપટ્ટાથી હાથ લૂછ્યા ને પછી બલવીરને ગળે લગાડવા ગઈ પણ એને દીકરાની ઊંચાઈ વધી ગયેલી લાગી, એણે ભેટવાનો પ્રયત્ન તો કર્યો પણ એના હાથોમાં પહેલાં જેવી ઉષ્મા નહોતી એવું એને પોતાને જ લાગ્યું.

રાત્રે બલવીરે કહ્યું, ''મા, માથું બહુ દુ:ખે છે, દાબી આપ ને!''

ખાટલામાં એની બાજુમાં બેઠેલી માને એનું માથું પોતાના ખોળામાં લેવાની તીવ્ર ઇચ્છા થઈ પણ પછી થયું કે, 'એને નહીં ગમે તો?'

ધીમેથી માથું દબાવતી માને બલવીરે કહ્યું, ''મા, પહેલાં કેવું જોરમાં દબાવતી હતી? આજે કેમ તારા હાથમાં જોર નથી?''

એ ન જુએ એમ દુપટ્ટાથી આંખો લૂછતાં માએ કહ્યું, ''બધું કંઈ પહેલાં જેવું હંમેશાં થોડું રહે? એ તો બદલાયા કરે.''

બલવીર સમજી ગયો કે, બેરિસ્ટરીએ એને એકલતાની ભેટ આપી છે. એને કારણે બીજા બધાથી તો ઠીક, એ માથી પણ દૂર ચાલ્યો ગયો છે.

(કુલવંત સીંઘ વીર્કની પંજાબી વાર્તાને આધારે) **- આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org